

યુપી-બિહારમાં ભીષણ અકસ્માતો : 11 લોકોએ ગુમાવ્યા જીવ

PAGE NO. 14

પરદેશમાં દેશની મહેંક એટલે

સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



રશિયાના સાઇબેરિયામાં સૈન્ય વિમાન દુર્ઘટનાગ્રસ્ત, 17ના મોત

PAGE NO. 16

FRIDAY, 20 NOVEMBER 2026 Vol. 24, No. 47 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

ટ્રમ્પ, ચીનના પ્રમુખ શી જિનપિંગ અને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનની શેનઝેનમાં ઐતિહાસિક મુલાકાત

મહાસત્તાઓ લડશે તો અરાજકતા ફેલાશે : જિનપિંગ

નેતાઓએ પરમાણુ હથિયારો ઘટાડવા, વૈશ્વિક શાંતિ જાળવવા અને પ્રાદેશિક સંઘર્ષો ઉકેલવા અંગે મહત્ત્વપૂર્ણ ચર્ચા કરી

શાંઘાઈ

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, ચીનના પ્રમુખ શી જિનપિંગ અને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને ગુરુવારે ચીનના શેનઝેન ખાતે ઐતિહાસિક બેઠક યોજી હતી. આ ઐતિહાસિક અવસર પર ત્રણેય મહાસત્તાઓના નેતાઓએ પરમાણુ હથિયારો ઘટાડવા, વૈશ્વિક શાંતિ જાળવવા અને પ્રાદેશિક સંઘર્ષો ઉકેલવા અંગે મહત્ત્વપૂર્ણ નિવેદનો આપ્યા હતા. ચીનના પ્રમુખ શી જિનપિંગે ટ્રમ્પ અને પુતિન સાથેની આ બેઠકને 'અભૂતપૂર્વ મહત્ત્વ' ધરાવતી ગણાવી હતી. ચીનના સરકારી મીડિયા અનુસાર, જિનપિંગે કહ્યું કે મોટા દેશો વચ્ચે તંદુરસ્ત સંવાદ અત્યંત જરૂરી છે. જિનપિંગે ત્રણેય નેતાઓને ઈતિહાસમાંથી



બોધપાઠ લેવા હાકલ કરી હતી અને વૈશ્વિક શાંતિ તથા સ્થિરતા જાળવવાની તેમની સહિયારી જવાબદારી પર ભાર મૂક્યો હતો. પરમાણુ યુદ્ધના જોખમ અંગે ચેતવણી આપતા તેમણે કહ્યું કે, પરમાણુ યુદ્ધ ક્યારેય જીતી શકાતું નથી અને તે ક્યારેય લડાવું પણ ન જોઈએ, તેને રોકવા માટે દરેક શક્ય પ્રયાસ થવો જોઈએ. જો મહાસત્તાઓ લડશે તો દુનિયામાં અરજકતાં ફેલાશે.

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને જણાવ્યું હતું કે રશિયા, ચીન અને અમેરિકા રચનાત્મક સહયોગ દ્વારા વૈશ્વિક સ્થિરતાને મજબૂત કરી શકે છે. તેમણે કહ્યું કે ત્રણેય દેશોની શાંતિ અને સુરક્ષા જાળવવાની સંયુક્ત જવાબદારી છે, અને નેતાઓએ ઊર્જા સુરક્ષા સહિતના વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા કરવી જોઈએ.

દ્વિપક્ષીય બેઠક : હોર્મુઝની ખાડી અને કૃષિ ખરીદી પર ફોકસ

ત્રિપક્ષીય બેઠક પહેલાં ટ્રમ્પે શી જિનપિંગ સાથે અલગથી દ્વિપક્ષીય બેઠક યોજી હતી, જે આ વર્ષે તેમની ત્રીજી મહત્ત્વપૂર્ણ મુલાકાત હતી. આ વાતચીત લગભગ 1 કલાક સુધી ચાલી હતી, ત્યારબાદ બંને નેતાઓ અને તેમના પ્રતિનિધિમંડળોએ સાથે લંચ લીધું હતું. ટ્રમ્પે જિનપિંગ સાથેના પોતાના સંબંધોની પ્રશંસા કરી હતી અને હોર્મુઝની ખાડીમાંથી તેલના સતત શિપમેન્ટને સુનિશ્ચિત કરવાના તેમના સહિયારા હિતને હાઈલાઈટ કર્યું હતું, જે ઈરાન યુદ્ધ દરમિયાન હુમલાઓનું મુખ્ય કેન્દ્ર બની ગયું છે. ટ્રમ્પે એવો પણ સંકેત આપ્યો કે તેઓ ચીની નેતા પર અમેરિકન કૃષિ ઉત્પાદનોની ખરીદી વધારવા દબાણ કરશે.

30 સમર્થકોની ધરપકડ બાદ ટોળાએ પોલીસ મથકનો ઘેરાવ કર્યો

બાંગ્લાદેશમાં ફરી હિંસા ભડકી, મોહમ્મદ યુનુસના ઘરમાં આગચંપી, 4 લોકોના મોત

પૂર્વ શિક્ષણ મંત્રી નુરુલ ઇસ્લામ નાહિદ સહિત 565ની ધરપકડ, 2 બેંક સળગાવાઈ

ઢાકા

બાંગ્લાદેશ ફરી હિંસા અને આગચંપીની આગમાં લપેટાયું છે. પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની પ્રતિબંધિત પાર્ટી અવામી લીગ દ્વારા જાહેર કરાયેલા 'લૉકડાઉન' પૂર્વે દેશભરમાં ભારે બબાલ મચી ગઈ હતી. ઢાકા સહિત અનેક ભાગોમાં દેશી બોમ્બના ધડાકા અને તોડફોડના બનાવો સામે આવ્યા હતા.

છેલ્લા બે દિવસમાં ઉપદ્રવીઓએ ચટગાંવના પાંચલાઈસ વિસ્તારમાં આવેલા વચગાળાની સરકારના પૂર્વ વડા મોહમ્મદ યુનુસના પૈતૃક નિવાસસ્થાનને આગ ચાંપી દીધી હતી. આ ઉપરાંત સિલહટ, રાજશાહી, બારીસાલ અને ફરીદપુરમાં યુનુસની 'ગ્રામીણ બેંક'ની અનેક શાખાઓને પણ આગના હવાલે કરવામાં આવી હતી. બીજી તરફ, વડાપ્રધાન તારિક રહેમાનની નેશનાલિસ્ટ પાર્ટીના કાર્યકરોએ પણ ઢાકામાં અવામી લીગના બે નેતાઓના ઘર પર હુમલો કરી આગ ચાંપી હતી. બાંગ્લાદેશના કુલ 64 વહીવટી જિલ્લાઓમાંથી 28 જિલ્લાઓમાં ડઝનબંધ દેશી બોમ્બ ફૂટ્યા છે અને અનેક વાહનોને ફૂંકી મારવામાં આવ્યા છે. પશ્ચિમી નરાઈલ જિલ્લામાં BNPની રેલી પર અવામી લીગના કાર્યકરોના હુમલામાં સત્તાધારી પક્ષના બે સ્થાનિક નેતાઓના મોત થયા છે. આ ઉપરાંત ફરીદપુર અને પિરોજપુરમાં એક BNP નેતા અને એક પરિવહન કર્મચારીનું મોત નિપજ્યું છે, જ્યારે ઢાકામાં ઓછામાં ઓછા ચાર લોકો ઘાયલ થયા છે.

આ મહિનાની શરૂઆતમાં હસીનાએ ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પરત ફરવાની જાહેરાત કરી હતી,



ત્યારથી દેશમાં તણાવ વધી ગયો છે. મંગળવારે તેમના વતન તુંગીપારામાં 30 સમર્થકોની ધરપકડ બાદ ટોળાએ પોલીસ સ્ટેશન ઘેરી લેતા પોલીસે થાણું ખાલી કરવું પડ્યું હતું. પોલીસે 24 કલાકના ઓપરેશનમાં એકલા ઢાકામાંથી હસીના કેબિનેટના પૂર્વ શિક્ષણ મંત્રી નુરુલ ઈસ્લામ નાહિદ સહિત 565 લોકોની ધરપકડ કરી હતી.

ઈરાન બાયોલોજિકલ હથિયાર બનાવશે તો નક્શામાંથી જ ભૂસી કાઢીશું : ટ્રમ્પ

ઈરાન સંઘર્ષ મામલે ચીન અને રશિયાની મદદ નહીં માંગીએ

શાંઘાઈ

ચીનના પ્રમુખ શી જિનપિંગ સાથેની મુલાકાતના ગણતરીના કલાકોમાં જ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને લઈને અત્યંત આક્રમક નિવેદન આપ્યું હતું. ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઈરાન ગેસ અને બાયોલોજિકલ હથિયારો વિકસાવવા પર વિચાર કરી રહ્યું હતું. ઈરાનના લોકોને 'ખતરનાક' ગણાવતા ટ્રમ્પે ખુલ્લી ધમકી આપી છે કે, 'જો ઈરાન બાયોલોજિકલ હથિયાર બનાવશે, તો અમેરિકા તેમનો સંપૂર્ણ સફાયો કરી દેશે.' ઈરાનના કથિત હથિયાર કાર્યક્રમ અંગે વાત કરતા ટ્રમ્પે જણાવ્યું હતું કે, 'એવા કેટલાક સંકેતો મળ્યા છે કે ઈરાન ગેસ અને જૈવિક હથિયારો તરફ નજર દોડાવી રહ્યું છે, જે બિલકુલ સારી બાબત નથી. ઈરાન અન્ય કેટલીક બાબતો પર પણ કામ કરી રહ્યું છે અને અમેરિકા તેના પર ચાંપતી નજર રાખી રહ્યું છે.' ટ્રમ્પે કડક શબ્દોમાં ચેતવણી આપતા કહ્યું કે, 'આ લોકો ખૂબ જ ખતરનાક છે અને જો આવું કંઈ પણ થશે તો અમે તેમને સંપૂર્ણપણે ખતમ કરી દઈશું.' ચીનના શેનઝેન શહેરમાં પત્રકારોએ ટ્રમ્પને સવાલ કર્યો હતો કે ઈરાન સંઘર્ષનો અંત લાવવા માટે શું તેઓ ચીન અને રશિયાની મદદ લેવા માંગે છે. આ પ્રશ્નનો સ્પષ્ટ શબ્દોમાં જવાબ આપતા ટ્રમ્પે જણાવ્યું કે, 'હું મદદ માંગવા માટે આ બંને દેશો પાસે નહીં જાઉ.' વધુમાં, ચીન અને રશિયાની ભૂમિકાને બિરદાવતા તેમણે કહ્યું કે, 'ખરેખર જોવા જઈએ તો બંને દેશોએ અમેરિકા પ્રત્યે ખૂબ સકારાત્મક વલણ દાખવ્યું છે.







અસ્થિર વૈશ્વિક પરિસ્થિતિ અને મોંઘવારી વચ્ચે બેંક ઓફ કેનેડાની નીતિગત નિર્ણયો અંગે દ્વિધા

કેનેડાનો ફુગાવો 3.1 ટકા ઉપર સ્થિર, તેલના ઊંચા ભાવ અને આર્થિક પડકારો હજુ યથાવત

ઊર્જા અને ગેસોલિનના વધતા ભાવોને કારણે ગ્રાહક ભાવ સૂચકાંક ઊંચા સ્તરે જળવાઈ રહ્યો

ટોરોન્ટો

ઈરાનમાં યુદ્ધના કારણે વૈશ્વિક સ્તરે તેલના ભાવમાં સતત થઈ રહેલા વધારાની સીધી અસર કેનેડાની અર્થવ્યવસ્થા પર જોવા મળી રહી છે. સ્ટેટિસ્ટિક્સ કેનેડા દ્વારા જારી કરવામાં આવેલા તાજેતરના અહેવાલ મુજબ ઓક્ટોબર મહિનામાં કેનેડાનો વાર્ષિક ફુગાવો ૩.૧ ટકા પર સ્થિર રહ્યો છે, જે અગાઉના સપ્ટેમ્બર મહિના જેટલો જ છે. ગયા વર્ષની સરખામણીમાં ઓક્ટોબરમાં ગેસોલિનના ભાવમાં ૩૦.૯ ટકા નો મોટો ઉછાળો નોંધાયો છે, જે ફુગાવાને ઊંચો રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યો છે.

જો ઊર્જા ક્ષેત્રને બાદ કરવામાં આવે તો ગ્રાહક ભાવ ઓક્ટોબરમાં 2025ના સમાન સમયગાળાની સરખામણીમાં ૨ ટકાના ધીમા દરે વધ્યા છે (સપ્ટેમ્બરમાં આ દર ૨.૧ ટકા હતો). કેનેડા ચેમ્બર ઓફ કોમર્સના અર્થશાસ્ત્રી જસલીન કૌર ત્રેહાનના જણાવ્યા અનુસાર, ગેસોલિન, કુદરતી ગેસ, કરિયાણા



અને કપડાંના ઊંચા ખર્ચને કારણે મોંઘવારી હજુ પણ “જિદ્દી” બનીને ત્રણ ટકાથી ઉપર જળવાઈ છે. જોકે, સસ્તા સેલ ફોન પ્લાન અને ધીમા ભાડાના ફુગાવાથી થોડી રાહત મળી છે. આરબીસીના અર્થશાસ્ત્રી એબી ઝુના મતે, ડિસેમ્બરમાં યોજાનારી બેઠકમાં બેંક ઓફ કેનેડા વ્યાજ દરોના સંદર્ભમાં ખૂબ જ “સંતુલિત” નિર્ણય લેવાની સ્થિતિમાં છે. સતત ત્રણ મહિના રોજગારીમાં ઘટાડો અને અપેક્ષા કરતા ઓછો જીડીપી વ્યાજ દરોમાં સાવચેતી રાખવાની તરફેણ કરે છે, પરંતુ ભવિષ્યના જોખમો સામે રક્ષણ મેળવવા અગાઉથી પગલાં લેવા પણ જરૂરી છે.

સ્કારબોરો બ્રહ્મા કુમારી દ્વારા દિવાળીની ઉજવણી : આધ્યાત્મિક મહત્વની સમજ



સ્વાદિષ્ટ ભોજન, બ્લેસિંગ કાર્ડ અને મીઠાઈનુ વિતરણ

સ્કારબોરો

બ્રહ્મા કુમારી, સ્કારબરોએ ૧૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સેવાકેન્દ્ર ખાતે દિવાળીની આધ્યાત્મિક રીતે ઉજવણી કરી હતી. દિવાળીની ઉજવણીમાં મેડિટેશન, મુરલી ક્લાસ, ભોગ અર્પણ, દીવા પ્રગટાવવા, દિવાળીનો સંદેશ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ રાખવામાં આવી હતી. બધાને તિલક લગાવ્યા પછી સ્ટેજ પર દીવો પ્રગટાવવા ૧૦૦ ભાઈ બહેનોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. ત્યારબાદ દિવાળીનું આધ્યાત્મિક મહત્વ સમજાવવામાં આવ્યું હતુ.

દિવાળી એટલે દીપરાજ અર્થાત પરમપિતા પરમાત્મા, જે પ્રકાશ સ્વરૂપ છે (સર્વધર્મ માન્ય), સર્વોપરી (શરીર, સૃષ્ટિચક્ર અને કર્મબંધનથી ઉપર), સર્વોચ્ચ (સર્વના માતાપિતા, શિક્ષક અને સદગુરુ), સર્વજ્ઞ (ત્રિકાળદર્શી, ત્રિનેત્રી અને ત્રિમૂર્તિ દ્વારા સ્થાપના, પાલના, વિનાશ કરાવનાર) અને જ્ઞાન, શક્તિઓ તેમ જ ગુણોના સાગર છે, જેઓ દીપરાણીઓ અર્થાત આત્માઓને જ્ઞાનના પ્રકાશથી જાગૃત કરે છે. તમામ આત્માઓ પરમાત્મા સમાન સંપૂર્ણ પાવન બનીને પરમધામમાં જાય છે અને દેવતા સમાન આત્માઓ ફરી આ દુનિયામાં આવે છે. આ રીતે આત્માના પાંચ સ્વરૂપોના યાદગારને ગીત તેમ જ નાટકની મદદથી સમજાવવામાં આવ્યું હતુ. સંગીત સાથે અન્ય ગીતો પણ રજૂ કરવામાં આવ્યા હતા. સ્વયંસેવકોની ટીમ દ્વારા કાર્યક્રમમાં ભાગ લેનારા દરેકને સ્વાદિષ્ટ ભોજન, બ્લેસિંગ કાર્ડ અને મીઠાઈ પીરસવામાં આવી હતી. અંતે, બધાનો આભાર માનીને કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

બેંક ઓફ કેનેડાના ગવર્નર ટિફ મેકલેમ બીજી મુદત માટે કોઈ દાવો રજૂ નહીં કરશે


આગામી દાયકા માટે દેશની મધ્યસ્થ બેંકના નવા નેતૃત્વની શોધ શરૂ

ઓટ્ટાવા

બેંક ઓફ કેનેડાના ગવર્નર ટિફ મેકલેમે સત્તાવાર રીતે જાહેરાત કરી છે કે, તેઓ આગામી સમયમાં બીજી મુદત માટે દાવો નહીં કરે. આ જાહેરાત સાથે જ કેનેડાની મધ્યસ્થ બેંકનું આગામી દાયકામાં નેતૃત્વ સંભાળવા માટે યોગ્ય ચહેરાની શોધ પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. ટિફ મેકલેમનો સાત વર્ષનો કાર્યકાળ ૨ જૂન, ૨૦૨૭ ના રોજ પૂર્ણ થશે અને ત્યારબાદ તેઓ આ પદ પર યથાવત રહેશે નહીં. ૩ જૂન, ૨૦૨૦ના રોજ કોવિડ-૧૯ મહામારીની અતિસંવેદનશીલ પરિસ્થિતિ વચ્ચે પદ સંભાળનાર મેકલેમે પોતાના કાર્યકાળ દરમિયાન વૈશ્વિક આર્થિક આંચકાઓ, ફુગાવાને નિયંત્રિત કરવા વ્યાજ દરોમાં મોટા ફેરફારો અને અનેક આર્થિક અનિશ્ચિતતાઓનો કુશળતાપૂર્વક સામનો કર્યો હતો. હવે બેંક ઓફ



કેનેડાના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે નવા ગવર્નરની ભરતી માટે એક વિશેષ ‘સર્ચ કમિટી’ની રચના કરી છે. આ પ્રક્રિયા ૨૦૨૭ના વસંતઋતુ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. નાણામંત્રી ફ્રાન્કોઈસ-ફિલિપ શેમ્પેન અને ફેડરલ કેબિનેટની મંજૂરી મળ્યા બાદ, નવા ગવર્નર ૩ જૂન, ૨૦૨૭ થી પોતાનો સત્તાવાર કાર્યકાળ શરૂ કરશે.





બોલિવૂડના જાદુથી ઝળહળ્યો FCFCનો દિવાળી સમારોહ

વૃદ્ધાની શાનદાર પ્રસ્તુતિઓ, સંગીત સાથે યોગ, ગિદ્ધા, ભાંગડાએ ઉજવણીને યાદગાર બનાવી, વિશિષ્ટ મહેમાનોની ઉપસ્થિતિ

બ્રામ્પ્ટન

ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ (એફસીએફસી) દ્વારા રવિવાર, ૧૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બ્રામ્પ્ટનના પૉલ પલેસ્કી રિક્રિએશન સેન્ટર ખાતે દિવાળી બાદની ઉજવણી અને ભવ્ય રાત્રિભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

બોલિવૂડની ચમક અને સામુદાયિક એકતાથી ભરપૂર આ સમારોહમાં વરિષ્ઠ સભ્યો, વિશિષ્ટ મહેમાનો અને સામુદાયિક આગેવાનોએ સંગીત, નૃત્ય, હાસ્ય, સ્વાદિષ્ટ ભોજન અને મિત્રતાનો આનંદ માણ્યો હતો. રંગબેરંગી પરંપરાગત ભારતીય વેશભૂષામાં સજ્જ સભ્યોએ પ્રસંગની શોભા અને ઉત્સવનો આનંદ વધાર્યો હતો. ઉજવણીનો પ્રારંભ ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબના ચેરપર્સન જ્ઞાન પૉલની દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ સાથે થયો હતો. સભ્યો અને મહેમાનોનું સ્વાગત કરતાં તેમણે વધતી ઉમરે સક્રિય રહેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા અને અર્થપૂર્ણ સામાજિક સંબંધો જાળવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કાર્યકારિણી, સ્વયંસેવકો અને કલાકારોના સામૂહિક પ્રયાસોની પણ પ્રશંસા કરી હતી. જ્ઞાન પૉલે જણાવ્યું હતું કે, “અમારા સભ્યો જ ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબના સાચા સિતારા છે. તેમનો ઉત્સાહ, સર્જનાત્મકતા અને સકારાત્મક ઊર્જા અમને દરરોજ પ્રેરણા આપે છે. જીવનના દરેક તબક્કાની ઉજવણી થવી જોઈએ, જેમાં એકબીજા સાથે જોડાવાની, ભાગ લેવાની અને પોતાની પ્રતિભા વહેંચવાની તકો મળે.”

મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત બ્રેમ્પ્ટન સેન્ટરનાં સાંસદ અમનદીપ સોઢીનું સભ્યોએ



ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. પોતાના સંબોધનમાં તેમણે વરિષ્ઠ નાગરિકોના કલ્યાણ, સામાજિક સમાવેશ અને બહુસાંસ્કૃતિક સૌહાર્દને પ્રોત્સાહન આપવા એફસીએફસીના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે વરિષ્ઠ નાગરિકોના મૂલ્યવાન યોગદાન અને તેમને સક્રિય, સામાજિક રીતે જોડાયેલા તથા વિવિધ પ્રવૃત્તિઓમાં સામેલ રાખવામાં સામુદાયિક સંસ્થાઓની ભૂમિકાને બિરદાવી હતી. બ્રામ્પ્ટનનાં રીજનલ કાઉન્સિલર રોવેના સાન્તોસે વિશિષ્ટ અતિથિ અને મુખ્ય વક્તા તરીકે હાજરી આપી હતી. તેમણે વરિષ્ઠ નાગરિકો માટે સર્વસમાવેશક અને જીવંત સમુદાય ઊભો કરવામાં ક્લબના યોગદાનની પ્રશંસા કરી હતી. સમારોહની એક યાદગાર ક્ષણે તેઓ સભ્યો સાથે નૃત્યમાં જોડાયાં હતાં. રીજનલ કાઉન્સિલર પૉલ વિસેન્ટ અગાઉથી નિર્ધારિત વ્યસ્તતાઓને કારણે હાજર રહી શક્યા નહોતા, પરંતુ તેમણે સભ્યો અને આયોજકોને દિવાળીની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. જ્ઞાન પૉલે તેમની સ્નેહભરી શુભેચ્છાઓ અને સતત પ્રોત્સાહન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનાં સંચાલિકા જ્યોતિ દડિયાલાએ હાસ્ય, આત્મીયતા અને જીવંત રજૂઆત સાથે મનોરંજન કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. તેમની રસપ્રદ રજૂઆતે વિવિધ પ્રસ્તુતિઓ અને પ્રેક્ષકોની ભાગીદારીથી ભરપૂર સમગ્ર કાર્યક્રમનો ઉત્સાહ જાળવી રાખ્યો હતો.

જ્યોતિએ જણાવ્યું હતું કે, “આજની ઉજવણી અમારા સભ્યોને સમર્પિત છે. તેમની પ્રતિભા, આત્મવિશ્વાસ અને ઉત્સાહે આપણા મંચ પર બોલિવૂડનો જાદુ પાથર્યો છે. આ સુંદર સમારોહના સાચા સુપરસ્ટાર તેઓ જ છે.” એફસીએફસીનાં યોગ નિર્દેશિકા અનુજા કાબુલી દ્વારા સંચાલિત બોલિવૂડ સંગીત સાથેનું યોગ સત્ર એક વિશિષ્ટ આકર્ષણ રહ્યું હતું. જાણીતા બોલિવૂડ સંગીત સાથે હળવી સ્ટ્રેચિંગ કસરતો, યોગ આધારિત હલનચલન અને લયબદ્ધ વ્યાયામનો સમન્વય કરીને તેમણે સભ્યોને સાથે મળીને કસરત કરવા પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં એકલ ગાયન, નૃત્ય, હાસ્યનાટિકાઓ, પરંપરાગત પંજાબી ગિદ્ધા અને જોશભર્યા ભાંગડાનો સમાવેશ થયો હતો. ખાસ કરીને ૭૫ વર્ષથી વધુ વયની મહિલાઓની નૃત્ય પ્રસ્તુતિઓને ઉત્સાહભરી તાળીઓ મળી હતી. આ પ્રસ્તુતિઓએ સમગ્ર કાર્યક્રમને બોલિવૂડના રંગારંગ શો જેવી રોનક અને રોમાંચ આપ્યાં હતાં. નવેમ્બર મહિનામાં જન્મદિવસ ધરાવતા સભ્યોની સામૂહિક ઉજવણી પણ એક હૃદયસ્પર્શી પ્રસંગ રહ્યો હતો. સાંસદ અમનદીપ સોઢી જન્મદિવસ ઉજવનારા સભ્યો સાથે કેક કાપવાની વિધિમાં જોડાયાં હતાં. વિરિંદર લાંબાએ સ્વાગતપૂર્ણ વાતાવરણ અને મનોરંજનની ગુણવત્તાની પ્રશંસા કરી હતી. નાસ્તા અને ભવ્ય રાત્રિભોજને સભ્યોનો આનંદ વધાર્યો હતો. એફસીએફસીનાં પ્રમુખ જસવિંદર દાઈદે સાંસદ અમનદીપ સોઢી, રીજનલ કાઉન્સિલર રોવેના સાન્તોસ અને શુભેચ્છાઓ પાઠવનાર રીજનલ કાઉન્સિલર પૉલ વિસેન્ટેનો આભાર માન્યો હતો. તેમણે કલાકારો, સ્વયંસેવકો, કાર્યકારિણી અને આયોજકોના સમર્પણની પ્રશંસા કરી હતી.

ત્રણ યુવાનોએ ઇતિહાસ રચ્યો : ૮,૦૦૦ કિમીની કેનોયાત્રા ૨૦૦ દિવસમાં પૂર્ણ કરી

છ પ્રાંતોને સર કરતા વાનકુવરના જેરિકો બીચ પર થયું ભવ્ય સ્વાગત

વાનકુવર

૨૦૦ દિવસથી વધુનો લાંબો સમય, હજારો કિલોમીટરનું કપરું અંતર અને પાણી પર વિતાવેલા અગણિત કલાકો બાદ ટોરોન્ટોના ૨૪ વર્ષીય ત્રણ સાહસી મિત્રોએ પોતાની ઐતિહાસિક સફર સફળતાપૂર્વક પાર પાડી છે. રવિવારે વાનકુવરના જેરિકો બીચ ઉપર ક્યુબેકથી શરૂ થયેલી તેમની ભવ્ય કેનો યાત્રાનું સમાપન થયું હતું. નોલાન અઝીઝ, વિલ વાઈસ અને જ્યોર્જ કિરીજિયન નામના યુવાનોએ એપ્રિલ મહિનામાં ક્યુબેકના ટાડોસાકથી આ સાહસની શરૂઆત કરી હતી અને છ પ્રાંતોના જળમાર્ગો પાર કરીને ૮,૦૦૦ કિલોમીટરની સફર પૂરી કરી છે. આ ત્રણેય યુવાનોનું માનવું છે કે તેમણે ૨૦૦ દિવસથી વધુ સમય સુધી ચાલેલી અત્યાર સુધીની સૌથી લાંબી ‘સિંગલ-સીઝન’ (એક જ ઋતુમાં પૂર્ણ થયેલી) કેનો યાત્રાનો રેકોર્ડ બનાવ્યો છે. અગાઉ ૨૦૨૦માં તેમણે ૬૦ દિવસની સફર ખેડી હતી. જેરિકો સેઇલિંગ સેન્ટર પાસે પરિવારજનો, મિત્રો અને સમર્થકોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું.આ દરમિયાન ઉપસ્થિત લોકોએ કેનેડાનું રાષ્ટ્રગીત ‘ઓ કેનેડા’ ગાઈને ઉત્સાહ વધાર્યો હતો.





તંત્રી સ્થાનેથી

માઈક્રોસોફ્ટ આઉટેજથી વૈશ્વિક અર્થતંત્રને $7 બિલિયનનો ફટકો

નવેમ્બર ૨૦૨૬ના માઈક્રોસોફ્ટ આઉટેજને કારણે વિવિધ દેશોની સરકારો, હેલ્થકેર સર્વિસિઝ, કોરટ્, કારોબારો, એરલાઈન્સ અને બેન્કોની કામગીરી પર માઠી અસર થઈ. જો કે, 13.8 લાખ ફરિયાદો મળ્યા બાદ માઈક્રોસોફ્ટે અનેક સર્વર રિકવર કર્યાનો દાવો કર્યો હતો. આમ છતાં આ ઘટનામાં વૈશ્વિક અર્થતંત્રને અંદાજે $ ૭ બિલિયનનું નુકસાન થયું હોવાનો અંદાજ છે. એન્ડરસન ઈકોનોમિક ગ્રુપના વિશ્લેષણ મુજબ, આ ટેકનિકલ ખામીથી વિશ્વના ૭૪ દેશોમાં વ્યાપારિક કામકાજ અને ઉત્પાદકતા પર ગંભીર અસર પડી હતી.



તંત્રી - સ્વદેશ

માઈક્રોસોફ્ટની વૈશ્વિક ટેકનિકલ ખામીથી 74 દેશોમાં સેવાઓ ખોરવાતા 74 લાખથી વધુ ફરિયાદો ઉઠી હતી. માઈક્રોસોફ્ટ 365, આઉટલુક, ટીમ્સ, વનડ્રાઈવ, શેરપોઈન્ટ અને કોપાયલોટ જેવી સેવાઓ ખોરવાતાં ઓફિસનું કામકાજ, ઈમેઈલ વ્યવહાર અને સંદેશાવ્યવહાર ખોટકાયા હતા. આ વિક્ષેપ લગભગ 74 દેશોમાં ફેલાયો હતો.

આમ તો માઈક્રોસોફ્ટની સેવાઓમાં 12 નવેમ્બરથી વિક્ષેપ શરૂ થયો હતો. કંપનીની અનેક મુખ્ય સેવાઓ અચાનક ખોરવાઈ જતાં વપરાશકર્તાઓને તેમના ઈમેઈલ એકાઉન્ટ અને ઓફિસનાં કામકાજનાં સાધનો ખોલવામાં મુશ્કેલી પડી હતી. ખાસ કરીને એક્સચેન્જ ઓનલાઈન અને આઉટલુકની સેવાઓ પર તેની અસર જોવા મળી હતી. ડાઉનડિટેક્ટર પર આઉટલુક અંગેની ફરિયાદો ગુરુવારે રાત્રે 11:30 વાગ્યે આશરે 1,38,058 સુધી પહોંચી ગઈ હતી. ત્યારબાદ ફરિયાદોની સંખ્યામાં ઘટાડો નોંધાયો હતો, પરંતુ મોટી સંખ્યામાં વપરાશકર્તાઓને સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. માઈક્રોસોફ્ટે 60 હજાર કર્મચારીઓની છટણી કર્યા બાદ આ સ્થિતિ સર્જાતા કેટલાકે કટાક્ષ કર્યા હતા કે, આઉટેજનો ઈલાજ એઆઈ પાસે મળ્યો નથી. આઉટ લુક, ટીમ્સ અને માઈક્રોસોફ્ટનું 365 સેવાનું આઉટેજ લગભગ 22થી 24 કલાક સુધી ચાલતા 70થી વધુ દેશોમાં અંદાજે 40 લાખ કંપનીઓ પ્રભાવિત થઈ હતી. આઉટેજનું પ્રમાણ એટલું વ્યાપક હતુ કે, તેના કારણે માઈક્રોસોફ્ટની કોમ્યુનિકેશન અને ઉત્પાદકતા સેવા પર આધાર રાખતી કંપનીઓમાં કામકાજ ઠપ થઈ ગયા હતા. સરકારી કચેરીઓ અને અસંખ્ય વ્યવસાયિક સંસ્થાઓમાં પણ સ્થિતિ કફોડી બની હતી.

માઈક્રોસોફ્ટની આ સમસ્યાની અસર માત્ર હવાઈ સેવાઓ સુધી મર્યાદિત રહી નહોતી. બ્રિટનમાં આરોગ્યસંભાળ સેવાઓ પર પણ તેની અસર પડી હતી. રાષ્ટ્રીય આરોગ્ય સેવા સાથે જોડાયેલી કેટલીક વ્યવસ્થાઓમાં ઈમેઈલની સમસ્યાને કારણે દર્દીઓ સુધી પ્રિસ્ક્રિપ્શન અને દવાઓ પહોંચાડવામાં મુશ્કેલીઓ ઊભી થઈ હતી. કેનેડા, જર્મની અને અમેરિકામાં રેલ સેવાઓને પણ અસર થઈ હતી. કેનેડાની VIA રેલે જણાવ્યું હતું કે મુસાફરોને ટ્રેન ટ્રેકર, ઈમેઈલ અને SMS દ્વારા મળતી સૂચનાઓમાં મુશ્કેલી પડી હતી. બ્રિટનની નેશનલ રેલના મુસાફરોને પણ ઈમેઈલ દ્વારા ટિકિટ મેળવવામાં સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો.

આઉટેજની અસર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રની કંપનીઓ પર પણ પડી હતી. ઓપનએઆઈએ જણાવ્યું હતું કે માઈક્રોસોફ્ટ કનેક્ટર્સ સાથે જોડાયેલી સમસ્યાની તપાસ કરવામાં આવી હતી. તેના કારણે નવા કનેક્શન સ્થાપિત કરવામાં અને કેટલાક ટૂલ્સનો ઉપયોગ કરવામાં મુશ્કેલી ઊભી થઈ હતી.

આ વૈશ્વિક આઉટેજને કારણે કંપનીઓ અને સંસ્થાઓના રોજિંદા કામકાજ પર અસર થઈ હતી. ઈમેઈલ, ઓનલાઈન મીટિંગ, ફાઈલ શેરિંગ અને ઓફિસનાં અન્ય કામો માટે માઈક્રોસોફ્ટની સેવાઓનો ઉપયોગ કરતી સંસ્થાઓને કામગીરી ચાલુ રાખવામાં મુશ્કેલી પડી હતી. જોકે, નુકસાનનો અંતિમ આંકડો જાહેર થયો નથી. 2026ના ડેટાને ધ્યાને લેવાઈ તો કપનીની વાર્ષિક આવક અંદાજે 332 અબજ ડોલર છે. એટલે કે દર મહિને 90 અબજ ડોલરની કમાણી આ કંપની કરી રહી છે. હાલ સપ્ટેમ્બરમાં પુરા થયેલા ત્રિમાસિક ગાળામાં કંપનીએ 92.98 અબજ ડોલરની આવક મેળવી હતી. મોર્નિંગસ્ટાર ડીબીઆરએસના મતે, આ આઉટેજને કારણે વૈશ્વિક સ્તરે ૩૦૦ મિલિયનથી ૫૦૦ મિલિયન સુધીના વીમા દાવાઓ ઊભા થઈ શકે છે. માઈક્રોસોફ્ટ ૩૬૫ પર નિર્ભર રહેતી OpenAI અને Anthropic જેવી કંપનીઓના કનેક્ટર્સ પણ ખોરવાયા હતા, માઈક્રોસોફ્ટે જણાવ્યું હતું કે કેટલાક સર્વર અણધારી રીતે અનુપલબ્ધ થઈ ગયા હતા. આ સમસ્યા માત્ર ટ્રાફિકમાં વધારાને કારણે નહીં, પરંતુ સર્વર પરના ભારણ અને ક્ષમતાની મર્યાદાઓને કારણે સર્જાઈ હતી. શરૂઆતમાં કરવામાં આવેલા સુધારા અપેક્ષા મુજબ પરિણામ આપી શક્યા નહોતા. તેથી ટ્રાફિકને વૈકલ્પિક માર્ગે વાળવાની અને સર્વરની ક્ષમતા પુનઃસ્થાપિત કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.

માઈક્રોસોફ્ટની આ સમસ્યાની અસર માત્ર હવાઈ સેવાઓ સુધી મર્યાદિત રહી નહોતી. બ્રિટનમાં આરોગ્યસંભાળ સેવાઓ પર પણ તેની અસર પડી હતી. રાષ્ટ્રીય આરોગ્ય સેવા સાથે જોડાયેલી કેટલીક વ્યવસ્થાઓમાં ઈમેઈલની સમસ્યાને કારણે દર્દીઓ સુધી પ્રિસ્ક્રિપ્શન અને દવાઓ પહોંચાડવામાં મુશ્કેલીઓ ઊભી થઈ હતી. કેનેડા, જર્મની અને અમેરિકામાં રેલ સેવાઓને પણ અસર થઈ હતી. કેનેડાની VIA રેલે જણાવ્યું હતું કે મુસાફરોને ટ્રેન ટ્રેકર, ઈમેઈલ અને SMS દ્વારા મળતી સૂચનાઓમાં મુશ્કેલી પડી હતી. બ્રિટનની નેશનલ રેલના મુસાફરોને પણ ઈમેઈલ દ્વારા ટિકિટ મેળવવામાં સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો.

માઈક્રોસોફ્ટના આઉટેજના લીધે વિવિધ દેશોની સરકારો, હેલ્થકેર સર્વિસિઝ, કોર્ટ, કારોબારો, એરલાઈન્સ અને કેટલાય સ્થળોએ બેન્કોની કામગીરી પર અસર પડી હતી. અમેરિકા, બ્રિટન, જાપાન, સિંગાપોર અને ઓસ્ટ્રેલિયા તથા ભારત સહિતની સરકારોએ તેમની કેટલીક કામગીરી શરૂ કરવામાં કેટલાય કલાકો સુધી રાહ જોવી પડી હતી. વિશ્વમાં કુલ ૪૩ કરોડ લોકો માઈક્રોસોફ્ટ ૩૬૫ એપનો ઉપયોગ કરે છે. અનેક યુઝર્સે કહ્યું હતું કે માઈક્રોસોફ્ટ ૩૬૫ સર્વિસિઝમાં આઉટલૂક, ટીમ્સ અને એઆઈ આસિસ્ટન્ટ કોપાયલોટનો સમાવેશ થાય છે, આ બધી સર્વિસ અવરોધાઈ હતી. વોશિંગ્ટન સ્થિત રેડમંડે આ બનાવ બદલ દિલગીરી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આ કંઈ સાઈબર હુમલો ન હતો કે ન તો એઆઈ એજન્ટ્સનું આ કામ હતું.

બ્રિટનની સરકારે જણાવ્યું હતું કે તે આ ખરાબી દૂર કરવા માટેમાઈક્રોસોફ્ટ સાથે મળીને કામ કરી રહી છે. તેના લીધે સરકારી આરોગ્ય સેવા એનએચએસ અને લંડનની મેટ્રોપોલિટન પોલીસે પણ પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો.

મનોજ ગાંધી
manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL
MAJOR INSURANCE COMPANIES OF CANADA

SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance

VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)

Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)





MADHUSUDAN LAMA
647-833-4477
HETAL SHAH
416 -522-1676
ANIRUDH LAMA
416-822-2570

DESIGNED BY GUJARAT NEWSLINE

Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1,
Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com



DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Adult Yoga Class
Yoga Class Every Saturday and
Sunday 8:30-9:30 AM
Join-today-on-ZOOM!
: Classes Available :
One to One Individual
and Therapeutic



Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

વાપીના જ્વેલર્સ પર હુમલો, દુબઈથી રચાયું ખંડણીનું ષડયંત્ર

પાંચ કરોડ નહીં અપાતાં આરોપીઓને રૂપિયા 50-50 હજારમાં સોપારી અપાઇ, પોલીસની સતર્કતાથી ત્રણેય આરોપીઓ જેલભેગા

વલસાડ

વાપી ટાઉનના મહાત્મા ગાંધી માર્કેટમાં આવેલા અભિષેક જ્વેલર્સના સંચાલક લલીત મોતીલાલ જૈન પર મંગળવારે ભરબપોરે ત્રણ શખસોએ છરી વડે ઉપરાછાપરી સાતથી વધુ ઘા ઝીંકી જીવલેણ હુમલો કર્યો હતો. આ ઘટનામાં ઝડપાયેલા ત્રણેય આરોપીઓને વાપી એડિશનલ સેશન્સ કોર્ટે 8 દિવસના રિમાન્ડ પર સોંપ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં દુબઈની જેલમાં સજા ભોગવતા રોહિત ગોદારા ગેંગના સાગરિતે રૂ. 50-50 હજારની સોપારી આપી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો.



મળતી માહિતી મુજબ, ત્રણેય શખસોએ સંચાલકના શરીરના જુદા જુદા ભાગો પર છરીના ઘા ઝીંકી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન ફરિયાદીએ ચોર-ચોરની બૂમ પાડતાં આસપાસના લોકોએ ત્રણ પૈકી પંજાબના અમૃતસર સ્થિત ચૌઘાગામના લવપ્રીત નિર્મલસિંગ (30) ને પકડી પાડી પોલીસને હવાલે કર્યો હતો. ઘટનાને પગલે ઉચ્ચ અધિકારીઓ સહિતનો પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો.

સ્થાનિક એલસીબી અને એસઓજીની જુદી જુદી ટીમોએ ફરાર થયેલા અન્ય બે આરોપીઓને પકડવા કાર્યવાહી હાથ ધરી હતી. ઘટનાના માત્ર અઢી કલાકમાં સુરત લોકલ ક્રાઈમ બ્રાન્ચની મદદથી સુરત રેલવે સ્ટેશનની બહારથી વરિંગ સુબાગામના રહેવાસી જુગરાજ ઉર્ફે યુવરાજ સુખદેવ સિંગ (35) અને અમોલક બક્ષીસ સિંગ (30) ને દબોચી લેવાયા હતા. ધરપકડ બાદ પોલીસે કોર્ટમાં 10 દિવસના રિમાન્ડની માગણી કરી હતી, જેની સામે કોર્ટે 8 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે દુબઈની જેલમાં હત્યાના ગુનામાં સજા ભોગવતા હરજીન્દર ઉર્ફે હેરી ઢીલ્લોને આ હુમલાની સોપારી આપી હતી. આ ગુનાને અંજામ આપવા ત્રણેય આરોપીઓ ગત 12 નવેમ્બર, 2026ના રોજ અમૃતસરથી ટ્રેન મારફતે વાપી પહોંચ્યા હતા અને ગેસ્ટહાઉસમાં રોકાયા હતા. ત્યારબાદ ભાડેથી મોપેડ લઈ જ્વેલર્સના સંચાલકની રેકી કરી મંગળવારે હુમલો કર્યો હતો. રિમાન્ડ દરમિયાન વધુ ચોંકાવનારી માહિતી બહાર આવવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

સુરત ભાજપનો આંતરિક કકળાટ સપાટીએ,19 લાખની લેતી-દેતીની વોટસએપ ચેટ વાઇરલ

કોર્પોરેટરો સામે આક્ષેપો, ધારાસભ્યના નામે 10 લાખ રૂપિયા કોણ લઇ ગયું તેની ચર્ચા

સુરત

ગુજરાતના સુરતમાં ભાજપનો આંતરિક વિખવાદ સપાટીએ આવ્યો છે. જેમાં ગેરકાયદે બાંધકામમાં 19 લાખ રૂપિયાની લેતી દેતીની વોટસએપ ચેટ ભાજપના અનેક ગ્રુપમાં વાઇરલ થઇ છે. જેમાં ભાજપના નેતાઓ ને કાર્યકરો એકબીજા પર ગંભીર આક્ષેપ થઇ રહ્યા છે. જેમાં સુરત કોર્પોરેશનના વોર્ડ નંબર 27ના દરેક કાઉન્સિલરને બે-બે લાખ રૂપિયા મળ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ વાઇરલ થયેલી ચેટમાં સુરતના ગેરકાયદે બાંધકામમાં સેટલમેન્ટના નાણાંની વહેંચણીના આક્ષેપ કરવામાં આવી રહ્યા છે. જેમાં લિંબાયત ઝોનની ભૂમિકા શંકાના દાયરામાં છે. જયારે બીજી તરફ ધારાસભ્યના નામે 10 લાખ રૂપિયા કોણ લઇ ગયું તેની ભાજપના વર્તુળોમાં ચર્ચા કરવામાં આવી રહી છે.આ તમામ બાબતો વાઇરલ ચેટમાં જોવા મળી રહી છે.

આ સમગ્ર વિવાદમાં મહત્વની બાબત છે કે, આ વોટસએપ ચેટ કોર્પોરેટરના મોબાઈલમાંથી વાઇરલ થઇ હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. જ્યારે જે કાઉન્સિલર નામ લેવામાં આવ્યું છે તેમણે મોબાઈલમાંથી મેસેજ મોકલ્યા હોવાનો ઈનકાર કર્યો હતો. જ્યારે આક્ષેપ કરનારા કાર્યકરો ભાજપ હાઈ કમાન્ડને આ અંગે જાણ કરી હોવાની વાત કરી રહી છે. આ સમગ્ર મુદ્દો એક ખાતમુહૂર્તના કાર્યક્રમ દરમિયાન બહાર આવ્યો હતો.

સુરતમાં કચરા કોન્ટ્રાક્ટમાં કૌભાંડનો સો. મીડિયામાં આક્ષેપ, વિપક્ષ મેદાનમાં

1552 સામે માત્ર 922 ભાવ, 800 કરોડ વધારાનો દાવો

સુરત

સુરત પાલિકાની સભામાં કચરા નિકાલ કોન્ટ્રાક્ટ મુદ્દે મૌન રહેલા વિપક્ષે હવે સોશિયલ મીડિયા પર વિરોધ શરૂ કર્યો છે. વિપક્ષના પૂર્વ કોર્પોરેટરે ભાજપના શાસકો અને કોન્ટ્રાક્ટરો વચ્ચે મિલીભગતનો આક્ષેપ સાથે 2000 કરોડના કૌભાંડની વાત કરી છે. નવો કોન્ટ્રાક્ટ શરૂ થાય તે પહેલાં રદ કરવા અને શરતો ભંગ કરનાર એજન્સીને બ્લેકલિસ્ટ કરવાની માગ કમિશનર સમક્ષ કરાઈ છે. 2022માં સી.ડી. ટ્રાન્સપોર્ટને પ્રતિ ટન 790 રૂપિયાના ભાવે 213 કરોડનો કોન્ટ્રાક્ટ અપાયો હતો. ખજોદમાં આગ લાગવા છતાં કામગીરી 10 મહિના લંબાવાઈ હતી. 2024માં ડી.એચ. પટેલને 10 વર્ષ માટે પ્રતિ ટન 1552 રૂપિયાના ભાવે કોન્ટ્રાક્ટ અપાયો હતો. જીએસટી સહિત અંદાજે 2000 કરોડ ચૂકવવાના હતા. 2026માં આ જ એજન્સી ખજોદ સાઈટ પર 922 રૂપિયામાં કામ કરવા તૈયાર થઈ હતી. ઓક્ટોબરથી ટેન્ડર પ્રક્રિયા હોવાથી બે વર્ષના બદલે એક વર્ષનો કોન્ટ્રાક્ટ અપાયો છે.

સુરતમાં OYO હોટેલમાં AHTUની રેડ પડતાં સંચાલકે ચોથા માળેથી ઝંપલાવ્યું

વેસુમાં દેહવ્યાપારની બાતમી મળતાં ડમી ગ્રાહક મોકલાયો

સુરત

વેસુમાં સફલ સ્ક્વેરમાં આવેલી આરએસ હેરિટેજ ઓયો હોટેલ પર મંગળવારે એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટે રેડ પાડી હતી. રેડ પડી હોવાની જાણ થતાં ગભરાયેલા સંચાલક રાજેશ રઘુવરસિંહ બિલિંગના ચોથા માળેથી નીચે કૂદી પડ્યા હતા. ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. હોટેલમાં દેહવ્યાપારનો ધંધો ચાલતો હોવાની પોલીસને ચોક્કસ બાતમી મળી હતી. આ સમગ્ર ઘટના અત્યારે ચર્ચાનું કેન્દ્ર બની છે.

પોલીસે બાતમી ચોક્કસ હોવા છતાં વાત કન્ફર્મ કરવા પહેલા ડમી ગ્રાહક બનીને તપાસ શરૂ કરી હતી. ડમી ગ્રાહક પાસેથી 9000 રૂપિયા લેવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન દેહવ્યાપારનો ધંધો ચાલતો હોવાનું પ્રમાણિત થયું હતું. જેથી યુનિટની ટીમે રેડ પાડી હતી. રાજેશ મૂળ હરિયાણાના વતની હતા. તેઓ સુરતના મગદલ્લા ગામમાં રહેતા હતા અને આરએસ હોટેલમાં નોકરી કરતા હતા. તેમનું મૈત્રી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું.

સુરતમાં 15 કરોડનું ટર્નઓવર ધરાવતો જૈન વેપારી સહિત પરિવાર 2027માં દીક્ષા લેશે

એક દીકરીએ 2023માં દીક્ષા લીધી હતી, ભાગીદારોને વેપાર સોંપવાનો નિર્ણય

સુરત

સુરતના એક જૈન વેપારી પરિવારે ભૌતિક સુખ-સુવિધાઓ, કરોડોની કમાણી અને આશરે રૂ. 15 કરોડનું ટર્નઓવર ધરાવતો કાપડનો વેપાર છોડી સંયમના માર્ગે આગળ વધવાનો નિર્ણય લીધો છે. કાપડના સફળ વેપારી દિલીપભાઈ ભોગર તેમની પત્ની અને બે દીકરીઓ સાથે વર્ષ 2027માં દીક્ષા ગ્રહણ કરશે. દીક્ષા માટે સંપૂર્ણપણે તૈયાર થઈ શકાય તે હેતુથી તેમણે પોતાના વ્યવસાયની જવાબદારી ભાગીદારોને સોંપવાનું નક્કી કર્યું છે.

મળતી માહિતી મુજબ, પરિવારની એક દીકરી અગાઉ વર્ષ 2023માં સાંસારિક જીવનનો ત્યાગ કરીને દીક્ષા લઈ ચૂકી છે. તેના પગલે પરિવારના અન્ય સભ્યોમાં પણ મોહ-માયા છોડી સંયમ અને ત્યાગના માર્ગે આગળ વધવાની પ્રેરણા મળી છે. લાંબા સમયથી ચાલી રહેલી આધ્યાત્મિક વિચારધારા અને સંયમ પ્રત્યેના ઝુકાવને કારણે પરિવારના સભ્યો ધીમે-ધીમે વૈભવી જીવનથી દૂર થઈને સાધુજીવનની તૈયારી કરી રહ્યા છે. બીજી તરફ, મોટી દીકરી છવીએ ગ્રાફિક ડિઝાઈનિંગનો અભ્યાસ કરીને ક્રોશિયા આર્ટથી પોતાની કારકિર્દી શરૂ કરી હતી, જ્યારે નાની દીકરી ચાર્વી ફૂટબોલ ખેલાડી રહી છે. આટલા અભ્યાસ અને આધુનિક જીવનની સુવિધાઓ વચ્ચે બંને દીકરીઓએ આધ્યાત્મિક માર્ગ પસંદ કર્યો છે. કરોડોની સંપત્તિ, સફળ વેપાર અને વૈભવી જીવનનો ત્યાગ કરીને દીક્ષા લેવાનો આ પરિવારનો નિર્ણય સમાજમાં ચર્ચાનો વિષય બન્યો છે.

ભરૂચના જંબુસરના ઉબેર ગામમાં નહેર તૂટતાં ખેતરોમાં પાણી ભરાયા, ઊભા પાકને નુકસાન

વરસાદ વગર ખેતરો તળાવ બન્યા; સિંચાઇ વિભાગની જાળવણી સામે સવાલો

ભરૂચ

ઉબેર ગામે નહેર તૂટતા વરસાદ વગર જ આસપાસના અનેક ખેતરોમાં સિંચાઈનું પાણી ફરી વળ્યું છે, જેનાથી ડાંગર, કપાસ અને તુવેર સહિતના ઊભા પાકને નુકસાન પહોંચ્યું છે. ગામની સીમમાં નાના તળાવ જેવી સ્થિતિ સર્જાતા ખેડૂતોમાં ભારે નિરાશા અને રોષ વ્યાપ્યો છે. આ ઘટના બાદ સિંચાઈ વિભાગની કામગીરી, સમયસર જાળવણી અને જવાબદારી સામે સવાલો ઊભા થયા છે.



ખેડૂતોના જણાવ્યા મુજબ, આખા વર્ષની મહેનત પાણીમાં ગરકાવ થતા તેઓ આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે. ખેતરોમાં નિયંત્રણ વગરના પાણીના ભરાવાથી પાકની ગુણવત્તા અને ઉત્પાદન પર ગંભીર અસરની ભીતિ છે. લાંબા સમય સુધી પાણી ભરાયેલું રહે તો છોડ અને મૂળને નુકસાન થવાની આશંકા છે, જેનાથી બિયારણ, ખાતર, દવા અને મજૂરીનો ખર્ચ જોખમમાં મુકાયો છે. જંબુસર તાલુકામાં અગાઉ પણ નહેરોમાં ગાબડાં પડવાના બનાવો બન્યા છે. જાન્યુઆરી 2023માં દહરી ગામ નજીક નર્મદા નહેરમાં મોટું ગાબડું પડતા આશરે 200 એકર જમીનમાં પાણી ભરાયા હતા અને ઊભા પાકને નુકસાનની ભીતિ સર્જાઈ હતી. બીજી તરફ, આવી ઘટનાઓના પુનરાવર્તનથી નહેરોની નિયમિત તપાસ, સફાઈ અને મરામતની અસરકારકતા પર પ્રશ્નો ઊઠ્યા છે.

સ્પા સેન્ટરમાં પરપ્રાંતીય યુવતીઓની ભરતી કરતાં બે સંચાલકો સામે ગુનો

સેન્ટરોએ કર્મચારીઓની માહિતી પોલીસને આપવી પડશે

વડોદરા

વડોદરા શહેરના સ્પા સેન્ટરોમાં પરપ્રાંતીય યુવતીઓ મોટા પ્રમાણમાં આવતી હોવાની અને સ્પાની આડમાં ગોરખ ધંધા ચાલતા હોવાની વિગતોને પગલે પોલીસ કમિશનર દ્વારા એક જાહેરનામું બહાર પાડીને તમામ સેન્ટરો માટે કર્મચારીઓની માહિતી પોલીસને આપવી ફરજિયાત બનાવી હતી.

આમ છતાં કેટલાક સ્પામાં પરપ્રાંતીય યુવતીઓ તેમજ કર્મચારીઓની માહિતી છુપાવવામાં આવતી હોવાથી પોલીસ દ્વારા સેન્ટરમાં ચેકિંગ કરવામાં આવતું હોય છે. બે દિવસ પહેલા ગોત્રીના ધ એનજે સ્પાના સંચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા સ્પા સેન્ટરો સામે ઝુંબેશ ચાલુ રાખવામાં આવી છે અને વધુ બે કેસ કરવામાં આવ્યા છે. આ પૈકી ફતેગંજ મંગલ કીર્તિ એપાર્ટમેન્ટમાં આવેલા એપલ સ્પામાં પરપ્રાંતિય કર્મચારી રાખવા બદલ પોલીસે સંચાલક હું મયુર રમેશભાઈ રાજપુત સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. જ્યારે અલકાપુરીના માધવ કોમ્પ્લેક્સમાં પ્લેનેટ સ્પા ચલાવતા તરુણ ધીરજ લાલ પટેલ સામે પણ આવી જ રીતે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

કેનેડાના PRને નામે યુવક સાથે રૂપિયા 21.50 લાખની ઠગાઈ

મુંબઈની ટોળકીએ 6 મહિનામાં નાણાં પડાવી મંજૂરીની PDF મોકલી, પોલીસ ફરિયાદ નહીં કરવા પણ દબાણ કરાયું

અમદાવાદ

અમદાવાદના નિકોલ વિસ્તારના 35 વર્ષીય યુવકને કેનેડાના કાયમી નિવાસની લાલચ આપી મુંબઈની ટોળકીએ 6 મહિનામાં ઓનલાઈન ટ્રાન્સફર મારફતે રૂ. 21.50 લાખની ઠગાઈ આચરી હતી. 13 ફેબ્રુઆરી 2022 થી 30 જૂન 2021 દરમિયાન પ્રહલાદનગર અને નરોડામાં મુલાકાતો યોજી એસિએલ ઓવરસીઝ તથા એટલાન્ટિક સ્ટડી ઓવરસીઝના નામે કરાર કરી નાણાં પડાવ્યાં હતાં. મિતેશ કથીરીયાએ સીઆઈડી ક્રાઈમની આર્થિક ગુના નિવારણ શાખામાં મુંબઈના ચાર આરોપીઓ સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, નિકોલના ન્યુ ઈન્ડિયા કોલોની રોડ પર રહેતા અને પાલડીની ખાનગી કંપનીમાં ટીમ લીડર મિતેશને વર્ષ 2022માં ઉચ્ચ અભ્યાસ અને ભવિષ્ય માટે કેનેડા જવું હતું. મોટાભાઈ પ્રતિકના પરિચિત મારફતે મુંબઈના ડૉ. જિતેન્દ્ર જોશી સાથે સંપર્ક થયો



હતો. ડૉ. જોશીએ પોતે મલાડ વેસ્ટ સ્થિત એસિએલ ઓવરસીઝના મુખ્ય એજન્ટ હોવાનું જણાવી મુંબઈની અલ્પા નંદાણી ઠક્કરનો સંપર્ક કરાવ્યો હતો. ત્યારબાદ 13 ફેબ્રુઆરી, 2022ના રોજ અલ્પા ઠક્કરે પ્રહલાદનગરમાં મિતેશને મળી કેનેડા પીઆર માટે અંદાજે રૂ. 18 લાખનો ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. 28 માર્ચ, 2022ના રોજ રિટનર ફી પેટે રૂ. 1 લાખ માગ્યા હતા. જ્યારે 4 એપ્રિલ, 2022ના રોજ એસિએલ ઓવરસીઝ મુંબઈના સહી-સિક્કા સાથે કરારનામું કરી અલગ-અલગ બહાને કુલ રૂ. 21.50 લાખ મેળવી ટેક્સ ઈનવોઈસ વોટ્સએપ પર મોકલ્યા હતા.

વધુમાં, 29 જૂન, 2022ના રોજ અરજી મંજૂર થયાની પીડીએફ મોકલી નરોડા એસ.પી. રિંગ રોડની રેસ્ટોરન્ટમાં અલ્પાબેને બહેન તરીકે દ્રષ્ટિ ચૌધરીની ઓળખ કરાવી આગળની ફાઈલ તે સંભાળશે તેમ કહી વધુ નાણાં ટ્રાન્સફર કરાવ્યાં હતાં. પ્રક્રિયા પૂર્ણ ન થતાં દ્રષ્ટિએ અલ્પાબેન હોસ્પિટલમાં કે કેનેડિયન એમ્બેસીની મીટિંગમાં હોવાના બહાનાં બતાવ્યાં બાદ ફોન કાયમી બંધ થઈ ગયો હતો. મુંબઈમાં ડૉ. જોશીએ ઓફિસ બંધ થયાનું જણાવી પૈસા પરત અપાવવાની ખાતરી આપી ફરિયાદ ન કરવા દબાણ કર્યું હતું.

અમદાવાદમાં 6 વર્ષીય બાળક સાથે કૃત્ય આચરનારાને 20 વર્ષની સજા

ફુગ્ગાની લાલચે દુષ્કર્મ કર્યું, 4 લાખ વળતર ચૂકવવા આદેશ

અમદાવાદ

અમદાવાદની પોક્સોની વિશેષ અદાલતે 6 વર્ષીય બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરનાર 26 વર્ષીય ગૌતમ ઠાકોરને 20 વર્ષની કેદની સજા ફટકારી છે. કોર્ટે બાળકને 4 લાખ રૂપિયા વળતર ચૂકવવા ઓથોરિટીને આદેશ કર્યો છે. આરોપી બાળકની પડોશમાં રહેતો હતો. તેણે ફુગ્ગો અપાવવાની લાલચે બાળકને પોતાના ઘરે બોલાવ્યો હતો. ત્યારબાદ તેણે બાળક સાથે કૃત્ય આચર્યું હતું.

નારણપુરા પોલીસ મથકે ચાલુ વર્ષે આરોપી સામે બીએનએસ અને પોક્સો એક્ટ અંતર્ગત ગુનો નોંધાયો હતો. કેસ અમદાવાદ સિટી સેશન્સ કોર્ટની પોક્સો અદાલતમાં ચાલ્યો હતો. જજ એચ.એન. દેસાઈએ સરકારી વકીલ દિલીપસિંહ એમ. ઠાકોરની દલીલો, સાક્ષીઓ અને પુરાવા તપાસ્યા હતા. પીડાના કારણે બાળક ઘરે દોડતો પહોંચ્યો હતો અને ઊંધો ઊંઘી ગયો હતો. બાળક ગભરાયેલો લાગતો હતો. માતાએ પૂછપરછ કરતાં બાળકે સંપૂર્ણ હકીકત જણાવી હતી. માતાએ ફરિયાદ નોંધાવી હતી.

206 કરોડના બોગસ ડોનેશન કૌભાંડમાં ગરીબ કલ્યાણ પાર્ટીના અધ્યક્ષના 6 દિવસના રિમાન્ડ

સરકારી તિજોરીને 62 કરોડનું નુકસાન, શેલ કંપનીઓ-મિલકતોની તપાસ થશે

અમદાવાદ

ગરીબ કલ્યાણ પાર્ટીની આડમાં આચરાયેલા રૂ. 206 કરોડના બોગસ ડોનેશન કૌભાંડમાં ઝડપાયેલા રાષ્ટ્રીય અધ્યક્ષ નીરજકુમાર ક્ષત્રિયને ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ એમ.બી. પરમારે 6 દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવા હુકમ કર્યો હતો. આ કૌભાંડ થકી આરોપી પર સરકારી તિજોરીને આશરે રૂ. 62 કરોડનું નુકસાન પહોંચાડવાનો આરોપ છે.

પોલીસે આરોપીની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતાં સરકારીપક્ષે રિમાન્ડ અરજીમાં રજૂઆત કરી હતી કે, પક્ષની સ્થાપના ખરેખર રાજકીય પ્રવૃત્તિ માટે થઈ હતી કે માત્ર બોગસ ડોનેશન દ્વારા કમિશન મેળવવા થઈ તેની પૂછપરછ જરૂરી છે. ઉપરાંત, દેશના અલગ-અલગ રાજ્યોમાંથી આટલી મોટી રકમ કયા કરદાતાઓ પાસેથી અને કોના મારફતે મેળવાઈ તેની યાદી અને વિગતો મેળવવાની છે.

વધુમાં, શેલ કંપનીઓ દ્વારા ઊભા કરાયેલા ખોટા બિલો, વાઉચરો તથા મોબાઈલ અને લેપટોપ જેવા ડિજિટલ પુરાવાઓ કબજે કરી ફોરેન્સિક તપાસ કરાવવાની છે. આ કૌભાંડના અંતિમ લાભાર્થીઓ કોણ છે અને આ નાણાંમાંથી કોઈ સ્થાવર કે જંગમ મિલકતો ખરીદી છે કે કેમ તેની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવાની છે. બીજી તરફ, ગરીબ કલ્યાણ પાર્ટીનું રજિસ્ટ્રેશન કરવા આરોપીઓએ કયા સમયે, કોની સાથે અને કઈ રીતે આયોજન કર્યું હતું તથા સમગ્ર કૌભાંડની શરૂઆત ક્યારથી થઈ તેની તપાસ માટે રિમાન્ડ જરૂરી હોવાની સરકારીપક્ષની રજૂઆત કોર્ટે ગ્રાહ્ય રાખી હતી.

નારોલમાં ઘરેલુ ઝઘડાની અદાવતે મહિલાઓના બિભત્સ ફોટા ફરતાં કરાતાં યુવક સામે ફરિયાદ

બે ઇન્સ્ટાગ્રામ આઈડી પર અપશબ્દો સાથે મોબાઈલ ફોન નંબર પણ જાહેર કર્યા

અમદાવાદ

શાહવાડી રોડ પર રહેતા કલર કોન્ટ્રાક્ટર અને તેમના પરિવારની મહિલાઓના બિભત્સ ફોટા વાઈરલ કરી બદનામ કરવાના મામલે સચિન પ્રદિપ યાદવ સામે નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. પિતરાઈના ઘરેલુ ઝઘડાની અદાવતમાં આરોપીએ બે ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી ફોટા પર અપશબ્દો લખી મોબાઈલ નંબર પણ જાહેર કર્યા હતા. વર્ષ 2021માં હિંમતનગરના ઉદયપુર હાઈવે સ્થિત દ્વારકેશ પાર્કમાં રહેતા પ્રદિપની દીકરી



પૂજા સાથે થયા હતા. ફરિયાદીના કાકા-કાકી પીડિત પરિવારનું વધુ માનતા હોવાથી પૂજાના ભાઈ સચિનને વહેમ હતો કે તેની બહેનના ઝઘડા આ કારણે થાય છે. જેથી તે અવારનવાર પરિવારના મોભીને જેમ-તેમ બોલી મિલકતમાં ભાગ પાડવા દબાણ કરતો હતો. દરમિયાન, 3 નવેમ્બરની સવારે ફરિયાદીની પત્ની ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ જોતી હતી ત્યારે આ બાબત ધ્યાને આવી હતી. આરોપીએ 2 નવેમ્બરની રાત્રે ફરિયાદી, તેમની પત્ની, કાકી અને પિતરાઈ બહેનના ફોટા પોસ્ટ કર્યા હતા. આ અંગે ઠપકો આપતાં સચિને ઉશ્કેરાઈને "મેં જ તમારા ફોટા વાઈરલ કર્યા છે અને હજુ પણ વધુ ફોટા વાઈરલ કરીશ" તેવી ધમકી આપી ફોન કાપી નાખ્યો હતો. ત્યારબાદ પણ ફોટા વાઈરલ કરવાનું ચાલુ રાખતાં અંતે પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી.

અમદાવાદમાં ચંડોળા અસરગ્રસ્તોએ કચેરીમાં ગાદલાં પાથરી વિરોધ કર્યો

લોકો દોઢ વર્ષથી બેઘર, 15 દિવસમાં ટેન્ડરની બાંહેધરી

અમદાવાદ

અમદાવાદના ચંડોળા તળાવમાં ડિમોલેશન બાદ દોઢ વર્ષથી બેઘર લોકોએ અનોખો વિરોધ કર્યો હતો. વૈકલ્પિક મકાનો ન મળતાં આક્રોશ હતો. દાણીલીમડા કોર્પોરેટરની આગેવાનીમાં લોકોએ દક્ષિણ ઝોન ઓફિસે હલ્લાબોલ કર્યો હતો. પરિવાર સાથે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરની ઓફિસમાં ગાદલા પાથરી સૂઈ ગયા હતા. ભારે વિરોધ બાદ અધિકારીઓએ બે પુરાવા ધરાવતા પાત્ર અસરગ્રસ્તો માટે 15 દિવસમાં બાંધકામ ટેન્ડરની બાંહેધરી આપી હતી. કોંગ્રેસના કોર્પોરેટર અને પૂર્વ વિપક્ષ નેતાએ ભાજપ પર આકરા પ્રહાર કર્યા હતા. દોઢ વર્ષ પહેલાં ગરીબોને બાંગ્લાદેશી ગણાવી વસવાટો તોડાયા હતા. વૈકલ્પિક આવાસ માટે સ્ટેન્ડિંગ કમિટીમાં ઠરાવ થયો હતો.

2000થી વધુ લોકોએ ફોર્મ ભરી ડિમાન્ડ ડ્રાફ્ટ જમા કરાવ્યા હતા. તેમ છતાં એક પણ વ્યક્તિને મકાન ફાળવાયું નથી. અવારનવાર રજૂઆત છતાં પરિણામ શૂન્ય રહ્યું છે. મકાનો નહીં ફાળવાય તો મ્યુનિસિપલ કમિશનરના નિવાસ્થાને જઈ રહેવાની ફરજ પડશે.

રાજકોટમાં કુખ્યાત હાંડા ગેંગના 15 સભ્યો સામે ગુજસીટોકનો ગુનો, 14ની ધરપકડ

છેલ્લા 10 વર્ષમાં 50 ગંભીર ગુના; એસીપી પશ્ચિમને તપાસ સોંપાઈ

રાજકોટ

રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચે કુખ્યાત હાંડા ગેંગ સામે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ કાયદા હેઠળ કાર્યવાહી કરી છે. ભવદિપ ઉર્ફે યશ ઉર્ફે હાંડો ડાભી સહિત 15 સભ્યો સામે ગુજસીટોકનો ગુનો નોંધી 14 આરોપીઓની ધરપકડ કરાઈ છે. છેલ્લા 10 વર્ષમાં 50 ગુના ધરાવતી આ ગેંગની વધુ તપાસ એસીપી પશ્ચિમને સોંપાઈ છે.

વધુમાં, પોલીસના જણાવ્યા મુજબ, ગેંગના સભ્યો સામે 10 વર્ષ દરમિયાન હત્યા, હત્યાનો પ્રયાસ, લૂંટ, મારામારી, રાયોટિંગ, હથિયાર ધારો અને NDPS સહિતના 50 ગુનાઓ નોંધાયેલા છે. જ્યારે જેલમાં બંધ અન્ય એક આરોપીનો કબજો મેળવી તેની સામે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. બીજી તરફ, રાજકોટ શહેર ક્રાઈમ ડીસીપી જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, શહેરમાં ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી ભવદિપ ઉર્ફે યશ ઉર્ફે હાંડો ડાભી ગેંગ સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. ગેંગના સભ્યો સામે વર્ષોથી વિવિધ ગંભીર ગુનાઓ નોંધાયેલા હોવાથી તેમની ગુનાહિત પ્રવૃત્તિઓને અટકાવવા આ કડક પગલું ભરાયું છે.

અમદાવાદમાં ડ્રગ્સના 950થી વધુ આરોપીની હેડક્વાર્ટરમાં પરેડ, રીઢા ગુનેગારોની પૂછપરછ

ફરી પકડાયા તો મિલકત ઉપર બુલડોઝર ફેરવી દેવાની ચીમકી

અમદાવાદ

નશાના કાળા કારોબારને જડમૂળથી ઉખેડી ફેંકવા માટે અમદાવાદ પોલીસ દ્વારા અત્યાર સુધીનું સૌથી આક્રમક અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. શહેરના વિવિધ પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ, SOG અને ANTFના ચોપડે ચડેલા 950થી વધુ નાર્કોટિક્સના આરોપીઓને પોલીસ હેડ ક્વાર્ટર પર ભેગા કર્યા હતા. શહેરના વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારના 500 અને ક્રાઈમ બ્રાન્ચ, SOG તેમજ ANTFના ચોપડે નોંધાયેલા 450 જેટલા રીઢા આરોપીઓનો સમાવેશ થાય છે. સ્ટેડિયમના વિશાળ મેદાનમાં તમામ આરોપીઓને કતારબંધ બેસાડવામાં આવ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન કેટલાક ગુનાઓમાં સંડોવાયેલા મુખ્ય આરોપીઓને મેદાનમાં જ બનાવવામાં આવેલા એક ખાસ મંડપની અંદર અલગથી લઈ જઈને વિશેષ પૂછપરછ અને તપાસ હાથ ધરવામાં આવી હતી, જે સમગ્ર પરિસરમાં ચર્ચાનો વિષય બની હતી. આ ઓપરેશન દરમિયાન ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા તમામ આરોપીઓને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપવામાં આવી હતી કે શહેરમાં ડ્રગ્સની હેરાફેરી કે વેચાણ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં.

સાબરકાંઠામાં ખાખી પર દાગ, પોલીસકર્મીઓના પ્રેમસંબંધનો કરુણ અંત

પ્રેમસંબંધથી કંટાળી ગયેલી મહિલા હેડ કોન્સ્ટેબલે ASIની હત્યા કરી, લાશ કારમાં સળગાવી દીધી

કારમાંથી અવશેષો મળ્યા બાદ LCBએ ભાઈઓ સહિત ચાર આરોપીઓને ઝડપ્યા

સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લાના ચિથોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (ASI)ની હત્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ કેસમાં હત્યાનો આરોપ અન્ય કોઈ પર નહીં, પરંતુ તેમની જ સાથે ફરજ બજાવતી મહિલા હેડ કોન્સ્ટેબલ પર લાગ્યો છે.

પ્રેમ સંબંધથી છુટકારો મેળવવા માટે મહિલા પોલીસકર્મીએ પોતાના ભાઈ અને પિતરાઈ ભાઈની મદદથી આ ખૌફનાક ગુનાને અંજામ આપ્યો હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. મૃતક ASI અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના જીંઝોડી ગામના રહેવાસી હતા અને ચિથોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. ગત 8 નવેમ્બરની રાત્રે તેઓ ફરજ પર જવા માટે પોતાની કાર લઈને નીકળ્યા હતા, પરંતુ પરત ફર્યા ન હતા. પરિવારે બે દિવસ સુધી શોધખોળ કર્યા બાદ 10 નવેમ્બરે ભિલોડાના પાદરા ગામ પાસે હાથમતી નદીના કિનારેથી એક અર્ધબળેલી કાર મળી આવી હતી. કારમાંથી માનવ શરીરના બળેલા અવશેષો અને હાડકાં મળી આવતા મૃતકના પિતાએ તે પોતાના પુત્રના હોવાની આશંકા વ્યક્ત કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)એ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. તપાસમાં બહાર આવ્યું કે મૃતક ASIને ચિથોડા પોલીસ સ્ટેશનની મહિલા સુરક્ષા ટીમમાં ફરજ બજાવતી હેડ કોન્સ્ટેબલ સાથે લાંબા સમયથી પ્રેમ સંબંધ હતો. સમય જતાં મહિલા કોન્સ્ટેબલ આ સંબંધ કાયમ માટે પૂરો કરી ASIથી પીછો છોડાવવા માગતી હતી. જોકે, ASI સંબંધ તોડવા તૈયાર ન હતા અને સતત દબાણ કરતા હોવાથી બંને વચ્ચે અવારનવાર વિવાદ અને માનસિક ઘર્ષણ થતું હતું. પોલીસ પૂછપરછમાં આરોપી મહિલા કોન્સ્ટેબલે ગુનાની કબૂલાત કરતાં જણાવ્યું કે, 8 નવેમ્બરની રાત્રે તેણે વાતચીતના બહાને ASIને પોતાના ચિથોડા સ્થિત ભાડાના મકાને બોલાવ્યા હતા. ASI રાત્રે ત્યાં રોકાયા ત્યારે તક ઝડપીને તેણે તેમની હત્યા કરી નાખી હતી. બીજા દિવસે સવારે તેણે પોતાના ભાઈને ફોન કરી બોલાવ્યો હતો, જે પિતરાઈ ભાઈ સાથે ત્યાં પહોંચ્યો હતો.

ત્રણેયે મળીને મૃતદેહને મોટા બોરામાં પેક કરી આખો દિવસ ઘરમાં છુપાવી રાખ્યો હતો. ત્યારબાદ પોલીસને ગેરમાર્ગે દોરવા અને પુરાવાનો નાશ કરવા માટે સુચારુ પ્લાન બનાવી, મહિલાના ભાઈએ ASIની કારને કનાદાર ગામના પાદરા વિસ્તારમાં એક મંદિર નજીક જંગલમાં મૂકી દીધી હતી અને પરત ચિથોડા ફરી ગયો હતો.

પાટણમાં જીમ માલિક પર ફાયરિંગ, 6 રાઉન્ડ ગોળીબાર કરી આરોપી ફરાર

પોલીસે તપાસ શરૂ કરી, 6 ખાલી કારતૂસ મળી આવ્યા

પાટણ

પાટણ શહેરના હાસાપુર વિસ્તારમાં મંગળવારે (17 નવેમ્બર) વહેલી સવારે અંધાધૂંધ ફાયરિંગની ઘટના બનતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે. શહેરના રોટલીયા હનુમાન મંદિર નજીક ખાનગી જીમ બહાર તેના માલિક દલપતસિંહ પરમારને નિશાન બનાવી બાઈક પર આવેલા બે અજાણ્યા બુકાનીધારી શખ્સોએ 5 થી 6 રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જોકે, સદનસીબે આ જીવલેણ હુમલામાં દલપતસિંહનો આબાદ બચાવ થયો છે.

મળતી માહિતી પ્રમાણે, દલપતસિંહ પરમાર નિત્યક્રમ મુજબ વહેલી સવારે પોતાની કાર પાર્ક કરીને જીમ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન સવારે અંદાજે 6 વાગ્યે બાઈક પર સવાર થઈને આવેલા બે બુકાનીધારી શખ્સોએ તેમના પર અચાનક ગોળીબાર શરૂ કરી દીધો હતો.

આ ઘટના અંગે દલપતસિંહ પરમારે જણાવ્યું હતું કે, હું રોજની જેમ ગાડી પાર્ક કરીને જીમ તરફ જઈ રહ્યો હતો ત્યારે અચાનક ફાયરિંગ થયું હતું. શરૂઆતમાં તો મને કોઈ ફટાકડા ફોડતું હોય તેવું લાગ્યું હતું, પરંતુ ત્યારબાદ ચાલુ બાઈક પર આવેલા શખ્સોએ વધુ ફાયરિંગ કરી ત્યાંથી ભાગી છૂટ્યા હતા. હુમલો કોણે કર્યો તે અંગે મને કોઈ જાણ નથી. મેં આ મામલે પોલીસને જાણ કરી છે.

ફાયરિંગની જાણ થતા જ પાટણ જિલ્લા પોલીસનો મોટો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને તપાસ હાથ ધરી છે, જ્યાંથી 6 જેટલા ખાલી કારતૂસ મળી આવ્યા છે. પુરાવા એકત્ર કરવા માટે FSLની ટીમની પણ મદદ લેવામાં આવી છે.

આ અંગે DySPએ જણાવ્યું કે, હુમલામાં કયા પ્રકારના હથિયારનો ઉપયોગ થયો છે, હુમલાખોરો કોણ હતા અને તેમનો મુખ્ય ઈરાદો શું હતો તે અંગે ઝીણવટભરી તપાસ ચાલી રહી છે.

Imperial
PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West)
519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631
------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM
: SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631
------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab
2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER
--------: MON - FRI :-------- 10 AM TO 7 PM
--------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૬૬૧-૩૩૭૬ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT (INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

ગિરનાર લીલી પરિક્રમાના પ્રારંભ પહેલા જ યાત્રિકોના તળેટીમાં ધામા

અન્નક્ષેત્રોના સંચાલકો અને સ્વયંસેવકો દ્વારા અત્યારથી જ બહારથી આવતા યાત્રિકો માટે ગરમાગરમ ભોજન પ્રસાદની વ્યવસ્થા શરૂ

ગિરનાર

ગિરનારની લીલી પરિક્રમા શરૂ થવાને હવે ત્રણ દિવસ બાકી છે, ત્યારે જૂનાગઢની ભવનાથ તળેટીમાં અત્યારથી જ પરિક્રમાનો અદભૂત માહોલ જામી ગયો છે. પરિક્રમાના સત્તાવાર પ્રારંભ પૂર્વે જ રાજ્યભરમાંથી ભાવિકો અને યાત્રિકોનું આગમન તળેટી ખાતે શરૂ થઈ ગયું છે. 'જય ગિરનારી'ના નાદ સાથે તળેટી વિસ્તાર ધમધમી ઉઠ્યો છે.

પરિક્રમામાં વહેલા પહોંચી ગયેલા અનેક શ્રદ્ધાળુઓ તળેટીમાં ખુલ્લા આકાશ નીચે કે વૃક્ષોની છાયામાં પોતાના જૂથ સાથે પડાવ નાખી, જાતે જ ચૂલા પર ભોજન પ્રસાદ બનાવી પરિક્રમા શરૂ થવાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. બીજી તરફ, પરિક્રમાર્થીઓની સેવા માટે તળેટીમાં અન્નક્ષેત્રો અને સેવાભાવી સંસ્થાઓ પણ સક્રિય થઈ ગઈ છે.



અન્નક્ષેત્રોના સંચાલકો અને સ્વયંસેવકો દ્વારા અત્યારથી જ બહારથી આવતા યાત્રિકો માટે ગરમાગરમ ભોજન પ્રસાદની વ્યવસ્થા શરૂ કરી દેવામાં આવી છે. સ્વયંસેવકો દ્વારા મોટી માત્રામાં શાકભાજી, લીલા મરચાં અને લસણ સમારવાની કામગીરી તેમજ ગરમાગરમ ગાંઠિયા અને ફરસાણ તૈયાર કરવાનો ધમધમાટ રાત્રિના સમયે પણ ચાલી રહ્યો છે.

સુપરસ્ટાર દિલજીત દોસાંઝે ગીર નેશનલ પાર્કમાં માણી જંગલ સફારીની મજા, ગિરનાર યાત્રા કરી



પંજાબી સુપરસ્ટાર દિલજીત દોસાંઝે જૂનાગઢના પવિત્ર ગિરનાર પર્વત અને ગીર નેશનલ પાર્કની મુલાકાત લઈ સૌરાષ્ટ્રના પ્રકૃતિ તથા આધ્યાત્મિક વારસાને મન ભરીને માણ્યો હતો. આ મુલાકાતથી તેણે ચાહકોને ખાસ આશ્ચર્ય આપ્યું હતું. વીડિયોમાં દિલજીત પોતાની ટીમ સાથે પર્વતારોહણ, રોપ-વેની સવારી અને મંદિરમાં પૂજા-અર્ચના કરતો જોવા મળ્યો હતો. તેણે વીડિયોમાં 'શ્રી હનુમાન ચાલીસા' ઉમેરી ગિરનાર 66 મિલિયન વર્ષ પહેલાં બન્યો હોવાનું લખ્યું હતું. આ ઉપરાંત, મંગળવારે તેણે ગીર નેશનલ પાર્કનો વીડિયો મૂક્યો હતો.

સોમનાથ મંદિરમાં પ્રથમવાર શ્રદ્ધા, આસ્થાના કેન્દ્ર પર પુષ્પવર્ષા કરાશે

હવાઈ અભિયાન માઉન્ટેન ઈગલ્સ દ્વારા તૈયારીઓ કરાઈ

અમદાવાદ

પ્રથમ જ્યોતિર્લિંગ હવે સોમનાથ મંદિર પરિસરમાં ભક્તો માટે વધુ એક વિશેષ ધાર્મિક અને સાંસ્કૃતિક આયોજન થવા જઈ રહ્યું છે. મંદિર પરિસરમાં જ્યોતિર્લિંગના દર્શન સાથે ભક્તોને એક અનોખો અનુભવ કરાવવાની તૈયારી કરવામાં આવી છે. આ આયોજન અંતર્ગત પ્રથમ વખત સોમનાથ મંદિર પર પુષ્પવર્ષા કરાશે. કાર્યક્રમ માટે ભારતીય સેનાના ટીમ સાહસિક હવાઈ અભિયાન માઉન્ટેન ઈગલ્સ દ્વારા વિશેષ તૈયારી કરવામાં આવી છે. 14 નવેમ્બર 2026ના રોજ મધ્યપ્રદેશના ઓપરેશન દ્વારા મહુથી 3,200 કિલોમીટરની સફર ખેડવામાં આવી હતી. આ અભિયાન 'વિંગ્સ ઑફ વેલોર એન્ડ યુનિટી' અંતર્ગત વિવિધ એરક્રાફ્ટ દ્વારા પ્રદર્શન કરવામાં આવશે. અભિયાનના ભાગરૂપે અલગ-અલગ એરક્રાફ્ટ સોમનાથ જ્યોતિર્લિંગ પર પુષ્પવર્ષા કરીને ભાવવંદના અર્પણ કરશે. ગુજરાતના દરિયાકાંઠા પરથી ઉડાન ભરી ભારતીય સેનાની આ સાહસિક હવાઈ અભિયાન યાત્રા દેશના ગૌરવ, રાષ્ટ્રભાવના અને ભારતીય સેનાની ક્ષમતાનું પ્રતીક બની રહેશે.

નાગપુરમાં ત્રણ મહિનામાં 431 લગ્ન નોંધણી પ્રકરણમાં તપાસ તેજ, સરપંચ-તલાટી લાપતા

નોંધણી દીઠ 10 હજાર વસૂલાયા હોવાનો આક્ષેપ, તંત્ર દ્વારા તપાસ સમિતિની રચના

જામનગર

કાલાવડ તાલુકાના માત્ર 700ની વસ્તી અને 170 ઘરો ધરાવતા નાગપુર ગામમાં ત્રણ મહિનામાં 431 લગ્નની નોંધણી થયાના પ્રકરણમાં જિલ્લા વહીવટી તંત્રએ તપાસ સમિતિ રચી કાર્યવાહી તેજ કરી છે. આરટીઆઈ હેઠળ બહાર આવેલા આ મામલે ગ્રામ પંચાયતના વહીવટ સામે ગંભીર સવાલો ઉઠ્યા છે. પ્રાથમિક તપાસમાં સરપંચ અને તલાટી કમ મંત્રી લાપતા જણાતાં રહસ્ય ઘેરાયું છે, જ્યારે નોંધણી દીઠ રૂ. 10 હજાર વસૂલાયાના આક્ષેપો થયા છે. ગ્રામ પંચાયતના સભ્યો અને સ્થાનિકોની પૂછપરછ દરમિયાન સરપંચ તથા તલાટી કમ મંત્રીની સંભવિત મિલીભગત હોવાની ચર્ચા ચાલી રહી છે. જોકે, આ નાણાકીય વ્યવહારો અંગે હજુ સત્તાવાર પુષ્ટિ થઈ નથી અને તપાસમાં જ તેની વાસ્તવિકતા બહાર આવશે.

વધુમાં, નોંધાયેલા 431 લગ્ન પૈકી મોટાભાગના યુવક-યુવતીની ઉંમર 18 થી 22 વર્ષની આસપાસ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. બહારગામનાં યુવક-યુવતીઓનાં લગ્ન અહીં કેવી રીતે નોંધાયા, દસ્તાવેજો-સાક્ષીઓની ખરાઈ અને પરિવારોની સંમતિ હતી કે કેમ તે અંગે અનેક સવાલો ઊભા થયા છે. હાલ તાલુકા વિકાસ અધિકારી અને મામલતદારની ટીમે તપાસને વેગ આપી લગ્ન નોંધણી રજિસ્ટર, અરજીઓ, આધાર-પુરાવા, અન્ય દસ્તાવેજો અને વહીવટી રેકોર્ડ એકત્ર કરવાની કામગીરી હાથ ધરી છે. તપાસમાં સરપંચ-તલાટીની ભૂમિકા, પ્રક્રિયા અને સંભવિત નાણાકીય વ્યવહારોની ખરાઈ થવાની શક્યતા છે.

કાલાવડમાં બહેનને ફોન કરવાના મનદુ:ખે બે ભાઈનો પિતા-પુત્ર પર હીચકારો હુમલો

પિતાને પાંચ ટાંકા આવ્યા, પુત્રને પગમાં ફ્રેક્ચર કરીને જાનથી મારવાની ધમકી અપાઈ

જામનગર

કાલાવડ તાલુકાના મોટા વડાળાની સીમમાં 15 નવેમ્બરની સાંજે બે ભાઈઓએ પિતા-પુત્રને આંતરી લાકડીઓથી હુમલો કર્યો હતો. જેમાં પિતાને માથામાં 5 ટાંકા આવ્યા હતા, જ્યારે પુત્રને જમણા પગમાં ફ્રેક્ચર થતાં રાજકોટની શાંતિ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. બે મહિના પહેલાં બહેન પાયલને ફોન ન કરવા ઠપકો આપ્યાના મનદુ:ખે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી અપાતાં બંને સામે ફરિયાદ નોંધાઈ છે.



જશાપર ગામના ખેડૂત થોભણભાઈ છગનભાઈ વરૂ (20) અને તેમના પિતા વાડીએથી મોટા વડાળા તરફ જતા હતા. પુલિયા નજીક મોટા વડાળાના કિરીટ ઉર્ફે કારો દિલાભાઈ નાંગશ અને મુકેશ દિલાભાઈ નાંગશ બે અલગ વાહનોમાં ધસી આવ્યા હતા. કિરીટે મોટરસાઈકલમાંથી લાકડી કાઢી પિતાને માથામાં ફટકો મારી લોહીલુહાણ કર્યા હતા, જ્યારે થોભણભાઈને ઘૂંટણ નીચે ફટકો મારતાં તેઓ મોટરસાઈકલ સાથે પડી ગયા હતા. બાદમાં મુકેશે પણ લાકડીથી આડેધડ માર માર્યો હતો. ત્યારબાદ બંને ભાઈઓ ફરી ભેગા થશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. પરિવારજનો અને વાડી માલિકના કાકા દોડી આવતાં 108 મારફતે બંનેને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.

માધાપરના બેંક ખાતામાં સાયબર ફ્રોડના 76.54 લાખ જમા થતાં ગુનો

મ્યુલ હન્ટ અભિયાનમાં શંકાસ્પદ વ્યવહાર પકડાયો

માધાપર

દેશમાં ઓનલાઈન છેતરપિંડીના વધતા બનાવો વચ્ચે માધાપરની એક બેંકના ખાતામાં દેશભરની 67 ઓનલાઈન છેતરપિંડીના કુલ રૂા. 76,54,800 જમા થયા હોવાનું બહાર આવ્યું છે. ભુજ સ્થાનિક ગુનાશોધક શાખાના સાયબર સેલે માધાપર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ખાતું માધાપર સ્થિત એક્સિસ બેંકનું છે અને કિશોર જયંતી જેતાણીના નામે હોવાનું સામે આવ્યું છે. ઠગાઈના નાણાં જે ખાતાઓમાં જમા થાય છે તેના સુધી પહોંચવા પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે.

ભુજ એલસીબીના સાયબર સેલના કોન્સ્ટેબલ કલ્પેશ ચૌધરીએ ફરિયાદ નોંધાવી છે. સાયબર ક્રાઇમ અટકાવવા રાજ્ય સરકારે મ્યુલ હન્ટ નામનું વિશેષ અભિયાન શરૂ કર્યું છે. અભિયાન અંતર્ગત સમન્વય પોર્ટલ પર શંકાસ્પદ મ્યુલ અકાઉન્ટની ચકાસણી દરમિયાન આ ખાતું શંકાસ્પદ જણાયું હતું. ખાતામાં કુલ રૂા. 1,41,95,084ના શંકાસ્પદ વ્યવહારો થયા હતા. મોટાભાગની ફરિયાદો ગત તા. 4-12-2024થી તા. 7-12-2024 દરમિયાન નોંધાઈ હતી.

વિંછીયાના બે ગામેથી રૂ.3.60 કરોડના ગાંજાના છોડ સાથે બે ખેડૂતો ઝડપાયા

આર્થિક ભીંસમાં મૂકાતાં ખેડૂતો અન્ય પાક સાથે ગાંજાનું વાવેતર કર્યું હતું

રાજકોટ

જસદણ-વિંછીયા પંથકમાં એસઓજી, એન્ટી નાર્કોટિક્સ વિંગ અને વિંછીયા પોલીસે બે અલગ-અલગ સ્થળે દરોડા પાડી કુલ રૂ. 3.60 કરોડના ગાંજાના છોડ સાથે બે ખેડૂતોને ઝડપ્યા હતા. ગઈકાલે સાંજે પીઆઈ એફ.એ. પારગી અને પીએસઆઈ જી.જે. ઝાલાએ બાતમીના આધારે છાશીયાના ઝરડા સીમ વિસ્તારમાં સવસીભાઈ બચુભાઈ મીઠાપરા (55) ની પાંચ વિઘા વાડીમાં દરોડો પાડ્યો હતો. સવસીભાઈએ તુવેર અને મકાઈના ઊંચા છોડ નીચે ગાંજો ઢંકાઈ જશે તેમ વિચારી વાવેતર કર્યું હતું, પરંતુ પોલીસની બીકે છોડ કાપી શેઢા અને અન્યત્ર છુપાવ્યા હતા. પોલીસે રૂ. 3.52 કરોડના 705 કિલોના 250 છોડ કબજે કર્યા હતા. પૂછપરછમાં તેણે કાચું મકાન, પુત્રીના લગ્ન, બે નાના પુત્રોનો અભ્યાસ અને હૃદયરોગની બીમારીથી આર્થિક ભીંસમાં હોવાથી વાવેતર કર્યાની કબૂલાત આપી હતી. બીજી તરફ, વિંછીયા પોલીસે ખારસીયા ગામે પભાભાઈ મગનભાઈ પંચાળાની વાડીમાં કપાસના વાવેતર વચ્ચેથી રૂ. 7.22 લાખના 14 કિલોના 7 ગાંજાના છોડ કબજે કરી તેની ધરપકડ કરી પૂછપરછ શરૂ કરી છે.

અમરેલીમાં પાણી અંગેની ફરિયાદ બાદ ગ્રામજનો ઉપર ઉપસરપંચનો રિવોલ્વર-ધોકાથી હુમલો

વીડિયો વાયરલ થયો હતો, જીતુ વાળા સહિત પાંચ સામે ગુનો દાખલ

અમરેલી

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના અડતાળા ગામમાં પાણીની સમસ્યા અંગે રજૂઆત કરવા ગયેલા ગ્રામજનો સાથે મારામારી થઈ છે. ગામના ઉપસરપંચ અને કોંગ્રેસના સ્થાનિક અગ્રણી જીતુ વાળાએ હાથમાં રિવોલ્વર અને બીજા હાથમાં ધોકો રાખી મારામારી કરી હોવાનો આક્ષેપ છે. પ્લોટમાં પાણી ન આવતું હોવાની ફરિયાદ કરવા ગ્રામજનો ઉપસરપંચ પાસે પહોંચ્યા હતા. ફરિયાદ દરમિયાન બધા વચ્ચે થોડી બોલાચાલી થતાં માહોલ ગરમાયો હતો. ગામલોકોનો આક્ષેપ છે કે, ફરિયાદ કરવા પહોંચ્યા ત્યારે ઉપસરપંચ જીતુ વાળાએ તેમની સાથે ગાળાગાળી કરી હતી. બાદમાં ધોકો અને રિવોલ્વર લઈને મારવા માટે પણ આવ્યા હતા. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. પાણી વ્યક્તિની પ્રાથમિક જરૂરિયાત છે, પરંતુ તેની ફરિયાદ કરવી ગ્રામજનોને ભારે પડી છે. ઘટના મામલે ફરિયાદ કરવા ગ્રામજનો મોટી સંખ્યામાં લાઠી પોલીસ સ્ટેશનમાં પહોંચ્યા હતા. સૂત્રો મુજબ પોલીસે જીતુ વાળા સહિત પાંચ લોકો સામે ફરિયાદ નોંધી આગળની તપાસ શરૂ કરી છે.



રોબર્ટ પેટિન્સન બન્યો નવો જેમ્સ બોન્ડ

હોલીવૂડના જાણીતા અભિનેતા રોબર્ટ પેટિન્સનને એમેઝોન MGM સ્ટુડિયોઝ દ્વારા નવા 'જેમ્સ બોન્ડ' તરીકે સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યો છે. 16 નવેમ્બરના રોજ રિલીઝ થયેલા એક ખાસ ટીઝર વીડિયોમાં પેટિન્સન ટક્સીડો સૂટ અને હાથમાં બંદૂક સાથે પડછાયામાંથી બહાર આવતા જોવા મળ્યા હતા. અહેવાલો મુજબ, જેક લોડેન, નિકોલસ હોલ્ટ, જોશ ઓ'કોનર અને કેલમ ટર્નર જેવા દિગ્ગજ દાવેદારોને પાછળ છોડીને પેટિન્સને 3 ફિલ્મોની આ પ્રતિષ્ઠિત ડીલ પોતાના નામે કરી છે.

સ્વદેશ

આખરે સલમાનની 'માતૃભૂમિ'ને સેન્સર બોર્ડે લીલી ઝંડી આપી



લાંબા સમયથી અટકેલી સલમાન ખાનની ફિલ્મ 'માતૃભૂમિ: મે વોર રેસ્ટ ઈન પીસ'ને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) તરફથી મંજૂરી મળી ગઈ છે. સલમાન ખાનની આ ફિલ્મને UA 16+ રેટિંગ આપવામાં આવ્યું છે. સેન્સર બોર્ડની મુંબઈ રિજનલ ઓફિસે બુધવારે આ સર્ટિફિકેટ જાહેર કર્યું હતું. સલમાન ખાનની ફિલ્મ 'માતૃભૂમિ: મે વોર રેસ્ટ ઈન પીસ' 4 ડિસેમ્બર 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. 'માતૃભૂમિ: મે વોર રેસ્ટ ઈન પીસ'માં સલમાન ખાનની સાથે ચિત્રાંગદા સિંહ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મનું નિર્દેશન અપૂર્વ લાખિયાએ કર્યું છે. આ ફિલ્મની કહાની દેશની રક્ષા કરવાની સાથે પોતાના પરિવારને સાચવતા એક સૈનિક પર આધારિત છે. 'માતૃભૂમિ' ફિલ્મ 2 કલાક, 34 મિનિટ અને 12 સેકન્ડ લાંબી છે.

ગ્રેમીમાં ધુરંધરને એક પણ કેટેગરીમાં નોમિનેશન નહિ



મુંબઈ : રણવીર સિંહની 'ધુરંધર : ધ રિવેન્જ' ફિલ્મમાં શાશ્વત સચદેવે કમ્પોઝ કરેલાં મ્યુઝિક અને ગીતો માટે ગ્રેમીની વિવિધ કેટેગરીમાં આઠ એન્ટ્રી મોકલવામાં આવી હતી પણ ફિલ્મ એક પણ નોમિનેશન મેળવવામાં સફળ થઈ નહોતી. બીજી તરફ દેવાન ઈકમ્બરમ અને સુષાનું વારુવૈઈ ગ્રેમ્મી નોમિનેશન મેળવનારું પ્રથમ તમિળ ગીત બન્યું હતું. 'ધુરંધર'ના વિવિધ ગીતોને વિવિધ કેટેગરીઓ જેમ કે બેસ્ટ સોંગ રીટન ફોર વિઝ્યુઅલ મિડિયા, બેસ્ટ પોપ ડ્યુઓ/ગ્રુપ પરફોર્મન્સ, બેસ્ટ ગ્લોબલ મ્યુઝિક પરફોર્મન્સ, બેસ્ટ એશિયન પોપ મ્યુઝિક પરફોર્મન્સ અને બેસ્ટ રેપ પરફોર્મન્સ માં એન્ટ્રી નોંધાવવામાં આવી હતી પણ ફિલ્મ એકપણ નોમિનેશન મેળવવામાં સફળ થઈ નહોતી. બીજી તરફ આ વખતે ૨૦૨૭માં અગિયાર ગ્રેમ્મી નોમિનેશન મેળવી રાયે મોખરે છે. એ પછી રોસાલિયાને નવ નોમિનેશન મળ્યાં છે.

'રામાયણમાં કૈકેયી વિલન નહોતી, એણે દીકરાના પ્રેમમાં...' અભિનેત્રી લારા દત્તાનું નિવેદન ચર્ચામાં



નિતેશ તિવારીના નિર્દેશનમાં બનેલી મેગા-બજેટ ફિલ્મ 'રામાયણ' બોક્સ ઓફિસ પર શાનદાર કમાણી કરી રહી છે અને દર્શકો ફિલ્મના દરેક પાત્રને ખૂબ પસંદ કરી રહ્યા છે. આ ફિલ્મમાં અભિનેત્રી લારા દત્તાએ રાણી કૈકેયીનું મહત્ત્વપૂર્ણ પાત્ર ભજવ્યું છે. સામાન્ય રીતે કૈકેયીને નકારાત્મક પાત્ર માનવામાં આવે છે, કારણ કે તેમના કારણે જ ભગવાન રામને વનવાસ જવું પડ્યું હતું. જોકે, લારા દત્તાએ કૈકેયીને 'વિલન' માનવાનો સ્પષ્ટ ઈનકાર કરતાં આ પાત્ર પાછળનો ઊંડો દ્રષ્ટિકોણ રજૂ કર્યો છે. એક તાજેતરના ઈન્ટરવ્યુમાં લારા દત્તાએ પોતાના પાત્રનો બચાવ કરતાં જણાવ્યું કે કૈકેયીનું પાત્ર સામાન્ય માન્યતા કરતાં ઘણું વધુ જટિલ છે. લારાએ યાદ અપાવ્યું કે યુદ્ધ દરમિયાન કૈકેયીએ રાજા દશરથના પ્રાણ બચાવ્યા હતા, જેના બદલામાં દશરથે તેમને 2 વરદાન આપ્યા હતા. આ ઉપરાંત, કૈકેયીના પિતા નહોતા ઈચ્છતા કે તેમની પુત્રી કોઈ રાજાની ત્રીજી પત્ની બને, તેથી દશરથે વચન આપ્યું હતું કે કૈકેયીનો પુત્ર જ અયોધ્યાનો રાજા બનશે. લારાના મતે, અયોધ્યા જેવા વિશાળ સામ્રાજ્યમાં ચાલતા દરબારી ષડયંત્રો અને રાજકારણ વચ્ચે જો કૈકેયીએ પોતાના પુત્ર ભરતના હક માટે અવાજ ન ઉઠાવ્યો હોત, તો તે બધું જ ગુમાવી બેસત જે જન્મ સમયે તેને મળવાનું નક્કી થયું હતું. "તે પોતાના પુત્ર પ્રત્યેના પ્રેમ અને એક માતાની ફરજ વચ્ચે ફસાઈ ગઈ હતી. આ પાત્ર ભજવવું ઘણું જટિલ હતું. કૈકેયીને હંમેશાં વિલન માનવામાં આવે છે, પરંતુ એક કથા મુજબ તેમનો જન્મ જ એક ખાસ ઉદ્દેશ્ય માટે થયો હતો, જેથી ભગવાન રામ રાવણનો વધ કરવાની ભવિષ્યવાણી પૂરી કરી શકે અને પૃથ્વી પર શાંતિ સ્થાપી શકે."

રામાયણનું વર્લ્ડ વાઈડ કલેક્શન 1500 કરોડને પાર, ભારતમાં ધૂરંધરનો રેકોર્ડ બ્રેક

'રામાયણ'એ પોતાની રિલીઝના માત્ર બે અઠવાડિયામાં જ બોક્સ ઓફિસ પર બે મોટા મુકામ હાંસલ કરી લીધા છે. રણબીર કપૂર સ્ટારર આ ફિલ્મે ભારતમાં 1,000 કરોડથી વધુની કમાણી કરી લીધી છે, જ્યારે દુનિયાભરમાં તેનું કલેક્શન 1500 કરોડને પાર પહોંચી ગયું છે. નીતિશ તિવારીના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ રિલીઝ થયા બાદથી જ અલગ-અલગ ભાષાઓમાં શાનદાર પ્રદર્શન કરી રહી છે. જોકે, બીજા વીકેન્ડની શાનદાર સફળતા બાદ હવે અઠવાડિયાના બાકીના દિવસોમાં તેની કમાણીની રફ્તાર થોડી ધીમી પડવા લાગી છે.સેકનિલ્કના આંકડા પ્રમાણે 14મા દિવસે 'રામાયણ'એ 22,289 શોમાંથી 23.20 કરોડની નેટ કમાણી કરી છે. હિન્દીમાં 16.50 કરોડ, મલયાલમમાં 2.15 કરોડ, કન્નડમાં 1.65 કરોડ, તમિલમાં 1.60 કરોડ અને તેલુગુમાં 1.30 કરોડની કમાણી થઈ છે. આ સાથે જ ભારતમાં અત્યાર સુધીનું કુલ ગ્રોસ કલેક્શન 1,009.05 કરોડ અને કુલ નેટ કલેક્શન 844.40 કરોડ થઈ ગયું છે. વિદેશમાં ફિલ્મે 14મા દિવસે 8.00 કરોડની કમાણી કરી, જેનાથી ત્યાંનું કુલ ગ્રોસ કલેક્શન 510.00 કરોડ સુધી પહોંચી ગયું છે. આ રીતે ફિલ્મનું દુનિયાભરમાં કુલ ગ્રોસ કલેક્શન 1,519.05 કરોડ થઈ ગયું છે. 14મા દિવસની કમાણી સાથે 'રામાયણ'એ આખરે રણવીર સિંહની 2025ની બ્લોકબસ્ટર ફિલ્મ 'ધુરંધર'ને પાછળ છોડી દીધી છે, જેણે 840.20 કરોડ (નેટ)ની કમાણી કરી હતી. જોકે, તે હજુ પણ 'પુષ્પા 2' અને 'ધુરંધર 2' થી પાછળ છે.



તબુ ઉત્તરાખંડ ટ્રેજેડી પરની ટનલમેન સીરિઝમાં દેખાશે

ધ રેલવે મેન સીરિઝ નિર્દેશિત કરનારા શિવ રવૈલ શો રનર તરીકે કામ કરશે

મુંબઈ : નવેમ્બર ૨૦૨૩ની ઉત્તરાખંડ ટ્રેજેડી પર બની રહેલી સીરિઝ 'ટનલ મેન'માં તબુની પણ એન્ટ્રી થઈ છે. 'ધ રેલવેમેન' સીરિઝ નિર્દેશિત કરનાર શિવ રવૈલ આ સીરિઝના શો રનર છે. નવેમ્બર ૨૦૨૩માં ઉત્તરાખંડમાં બનેલી ઘટના પરથી પ્રેરિત આ નાટકીય સીરિઝમાં ટનલ ધસી પડતાં ફસાઈ ગયેલાં કામદારોને બચાવવાની જુસ્સાભરી સહિયારી કામગીરી દર્શાવવામાં આવશે. વાયઆરએફમાં કન્ટેન્ટ હેડ તરીકે જોડાયેલા સુગાતા મુખર્જીનો આ પ્રથમ પ્રોજેક્ટ છે. તેમણે અગાઉ 'સ્કેમ ૧૯૯૨', 'મહારાણી' અને 'રોકેટ બોયઝ' જેવી સફળ શ્રેણીઓનું કામ સંભાળેલું છે.


અભિનેતા સૈફ અલી ખાનને મળી ધમકી તપાસનો ધમધમાટ

બોલિવૂડના કલાકારોને ધમકી મળવાનો સિલસિલો અટકવાનું નામ લઈ રહ્યો નથી. સલમાન ખાન સહિત અનેક ફિલ્મી કલાકારો અગાઉ ધમકીઓનો સામનો કરી ચૂક્યા છે. હવે આ યાદીમાં બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાનનું નામ પણ જોડાયું છે. મુંબઈ પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર, સૈફને ધમકી મળી છે અને આ મામલે બાબા સિદ્દીકી હત્યાકાંડના વોન્ટેડ આરોપી જીશાન અખ્તરનું નામ બહાર આવી રહ્યું છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે જીશાન અખ્તરે સૈફ અલી ખાનને ધમકી આપી છે. જો કે પોલીસ હાલ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે. તપાસ એજન્સીઓ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે ખરેખર જીશાન અખ્તરે જ ધમકી આપી છે કે પછી અન્ય કોઈ વ્યક્તિ તેના નામનો ઉપયોગ કરીને ડર ફેલાવવાનો પ્રયાસ કરી રહી છે. આ મામલે જીશાન અખ્તરનું



નામ સામે આવ્યા બાદ મુંબઈ પોલીસની તપાસ વધુ મહત્ત્વપૂર્ણ બની ગઈ છે. બાબા સિદ્દીકી હત્યાકાંડમાં વોન્ટેડ જીશાન અખ્તર અંગે પોલીસ પહેલેથી જ સતર્ક છે. હવે સૈફ અલી ખાનને મળેલી ધમકીમાં તેનું નામ સામે આવતા બોલિવૂડ અને પોલીસ વિભાગમાં હલચલ મચી ગઈ છે. જો કે હજુ સુધી ધમકી આપનાર વ્યક્તિની સત્તાવાર ઓળખની પુષ્ટિ થઈ નથી. પોલીસ તમામ ગતિવિધિની તપાસ કરી રહી છે. મુંબઈ પોલીસના એક અધિકારીના જણાવ્યા અનુસાર, અગાઉ બોલિવૂડ અભિનેતા તુષાર કપૂર અને આયુષ્માન ખુરાનાને પણ ધમકીઓ મળી હતી. આ કેસોમાં પોલીસે બેંગલુરુના રહેવાસી 30 વર્ષીય વૈભવ મિશ્રાની ધરપકડ કરી હતી. તે IIT ગ્રેજ્યુએટ હોવાનું કહેવાય છે. તપાસમાં સામે આવ્યું હતું કે વૈભવનો કોઈ ગેંગ સાથે સંબંધ ન હતો, પરંતુ તે કથિત રીતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ કરીને કલાકારોને ધમકીઓ આપતો હતો.





હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ
સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર,
હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક
માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news


બિલોંગીગ અ જર્ની ઓફ લવ : સોનિયાના અંગત જીવનથી રાજકીય સફર સુધીની વાતોનો ઉલ્લેખ

સોનિયાનું પુસ્તક : સત્તા નહીં, દેશહિત સર્વોપરીનો સંદેશ

ભારતના રાજકારણમાં આજકાલ ખળભળાટ મચી ગયો છે અને તેનું કારણ છે સોનિયા ગાંધીનું પુસ્તક બિલોંગીગ અ જર્ની ઓફ લવ. આમ તો રાજનીતિ સાથે સંકળાયેલા બહુ ઓછા લોકો પોતાની આત્મકથા લખતા હોય છે. પરંતુ સોનિયા ગાંધીએ પોતાના અંગતજીવનથી રાજકીય સફર સુધીના સંસ્મરણો અને પોતાની અંગત નબળાઈઓને આલેખતા આ પુસ્તકમાં આબેહૂબ અને હૃદયસ્પર્શી રીતે લખ્યા છે. 500 પાનાના અંગ્રેજીમાં લખાયેલા આ પુસ્તકની 2 લાખથી વધુ આવૃત્તિ 10 જ દિવસમાં વેચાઈ ગઈ છે.

પુસ્તકમાં એક મહત્વની વાત સાથે તેણીએ સાચા અર્થમાં ભારતીય નારી અને ભારતીય સંસ્કૃતિને વરેલી એક ભારતીય પત્ની હોવાના તેમના ચારિત્ર્યનો પુરાવો આપ્યો છે. પુસ્તકમાં તેમણે લખ્યું છે કે, 1996ની સામાન્ય ચૂંટણીના પરિણામો કોંગ્રેસ પક્ષ માટે અત્યંત નિરાશાજનક રહ્યા હતા. કોંગ્રેસ પક્ષ પોતાના દમ પર સરકાર બનાવવામાં નિષ્ફળ ગયો હતો અને આંતરિક જૂથવાદ તથા વિભાજનના કારણે તૂટી રહ્યો હતો. આ વિઘટનની શરૂઆત 1995માં જ થઈ ચૂકી હતી, જ્યારે અર્જુન સિંહ, એન. ડી. તિવારી અને મોહસીના કિદવાઈ જેવા દાયકાઓ જૂના અને મહત્વના હોદ્દાઓ સંભાળી ચૂકેલા દિગ્ગજ નેતાઓએ સોનિયા ગાંધી પાસે તેમના જૂથને સમર્થન આપવાની માંગ કરી હતી. સોનિયા ગાંધીએ સ્પષ્ટ ઈનકાર કરતા આ નેતાઓએ પક્ષ છોડીને અલગ પાર્ટી બનાવી હતી. ત્યારબાદ 1996માં તમિલનાડુના વરિષ્ઠ નેતાઓ જી. કે. મૂપનાર અને પી. ચિદમ્બરમ તથા 1980માં કોંગ્રેસમાં જોડાયેલા યુવા નેતા માધવરાવ સિંધિયાએ પણ અલગ ચોકો રચ્યો હતો. આ સિલસિલો 1997માં પણ અટક્યો નહીં, જ્યારે રાજ્ય નેતૃત્વ સાથેના મતભેદોને કારણે મમતા બેનર્જીએ પણ કોંગ્રેસ સાથે છેડો ફાડીને 'તૃણમૂલ કોંગ્રેસ'ની સ્થાપના કરી હતી.

ઈન્દિરા અને રાજીવની હત્યા બાદ સોનિયા અંદરથી તૂટી રહ્યા હતા. ઘરમાં જ્યારે પણ તેઓ રાજીવ ગાંધી અને પોતાના સાસુ ઈન્દિરા ગાંધીની તસવીરો પાસેથી પસાર થતા, ત્યારે તેમના હૃદયમાં પીડા અને અપરાધભાવનું મિશ્રણ ઉમટી પડતું. તેમને સતત એવું લાગતું કે જે ભારતને તેમણે પોતાનું માન્યું હતું, અને



બહુલતાવાદી સંસ્કૃતિને બચાવવા માટે જે પરિબળો સામે આ બંનેએ દાયકાઓ સુધી લડત આપી પોતાના પ્રાણ ન્યોછાવર કર્યા હતા, આજે એ જ પરિબળો દેશના તાણાવાણાને નુકસાન પહોંચાડી રહ્યા હતા. સોનિયા ગાંધીની અંતરાત્મા તેમને ડંખતી હતી કે શું તેઓ ઘરમાં આરામથી બેસી રહીને પોતાના પતિ અને સાસુના બલિદાનને વ્યર્થ જવા દેશે? તેઓ અડધી રાત્રે જાગી જતા અને પોતાની જાતને જ સવાલ પૂછતા કે તેમણે કયા માર્ગે જવું જોઈએ?

તેમણે તો જીવનના દરેક તબક્કે રાજકારણનો સખત વિરોધ કર્યો હતો. સોનિયા પોતાના પુસ્તકમાં નોંધે છે કે, જીવનના તે કપરા સમયે તેમના મનમાં 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' તરફ પાછા ફરવાની તીવ્ર ઈચ્છા જાગી. જે બાદ તેમણે દિલ્હીની 'લાલ બહાદુર શાસ્ત્રી સંસ્કૃત વિદ્યાપીઠ'ના વિદ્વાન પ્રોફેસર વાચસ્પતિ ઉપાધ્યાય (શાસ્ત્રી)નો સંપર્ક કર્યો. શાસ્ત્રીજી એક અત્યંત સૌમ્ય, નિરાભિમાની અને પ્રખર વિદ્વાન હતા તથા ગાંધી પરિવારથી પણ પરિચિત હતા. તેમણે સોનિયા ગાંધીને ગીતાનું ગહન દાર્શનિક જ્ઞાન સમજાવવાની સંમતિ આપી. જાન્યુઆરી 1997થી આ અનોખી જ્ઞાનયાત્રા શરૂ થઈ. શાસ્ત્રીજી સંસ્કૃતમાં એક-બે શ્લોકોનું પઠન કરતા, સોનિયા ગાંધી તેનો હિન્દી અનુવાદ વાંચતા અને ત્યારબાદ શાસ્ત્રીજી તેનો ગૂઢ અર્થ સમજાવતા હતા. દરમિયાન ગીતામાં કુરુક્ષેત્રના મેદાનમાં ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને ગીતાનો શાશ્વત સંદેશ આપ્યો હતો કે, ફળની અપેક્ષા રાખ્યા વિના માત્ર તારા સ્વધર્મ એટલે કે કર્તવ્યનું પાલન કર. શ્રીકૃષ્ણના આ ઉપદેશ બાદ પાંડવ રાજકુમાર અર્જુન ઘોષણા કરે છે કે તેમનો મોહ નષ્ટ થઈ ગયો છે, તેમની તમામ શંકાઓ દૂર થઈ ગઈ છે અને તેઓ પોતાની ફરજ બજાવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. ગીતાના આ અંતિમ શ્લોકોએ સોનિયા ગાંધીના અંતરમાં જાણે કોઈ નવી ચેતના જગાડી દીધી. તેમની તમામ મૂંઝવણો અને સવાલોના જવાબ તેમને મળી ચૂક્યા હતા. આખરે, પોતાના તમામ ભય અને અંગત સ્વાર્થને ત્યાગીને સોનિયા ગાંધીએ રાજકારણના રણમેદાનમાં ડગ માંડ્યા.

પ્રાસંગિક
ધવલ શુક્લ

ભારતીય રાજકારણના ઈતિહાસમાં મે 2004નો એ સમયખંડ ક્યારેય ભૂલી શકાય તેમ નથી. સમગ્ર દેશની નજર 10 જનપથના દરવાજા પર મંડાયેલી હતી. લોકસભાની ચૂંટણીના પરિણામોએ સૌને આશ્ચર્યમાં મૂકી દીધા હતા અને કોંગ્રેસના નેતૃત્વ હેઠળના ગઠબંધનને સત્તાના શિખર સુધી પહોંચાડી દીધું હતું. લાખો કાર્યકરોને લાગતું હતું કે, હવે દેશના આગામી વડાપ્રધાન સોનિયા ગાંધી જ બનશે. પરંતુ, ત્યારે તેમણે પીએમ બનવા ઈનકાર કરી દીધો હતો. તેમણે તે સમયે પણ જાહેરમાં કહ્યું હતું કે તેમણે પોતાના 'અંતરાત્માના અવાજ' પર આ નિર્ણય લીધો છે, અને આજે આટલા વર્ષો પછી પણ તેમના સંસ્મરણોમાં એ જ સત્ય અને સ્પષ્ટતા છલકાય છે. જો કે, પુસ્તકમાં એવી નોંધ પણ છે કે, આ નિર્ણયના મૂળ 2004ની ચૂંટણીના પરિણામોમાં નહીં, પરંતુ તેના કેટલાક મહિનાઓ પહેલાના એક પારિવારિક સંવાદમાં હતા. ચૂંટણીના થોડા મહિના પહેલા તેમણે પોતાના બંને સંતાનો, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સાથે આ મુદ્દે ખૂલીને વાત કરી હતી. જે દરમિયાન તેમણે વડાપ્રધાન પદ ન સ્વીકારવાનો નિર્ણય જાહેર કર્યો હતો. રાહુલ અને પ્રિયંકા બંનેમાંથી કોઈ પણ નહોતું ઈચ્છતું કે તેમની માતા વડાપ્રધાન બને. આ ઈચ્છા પાછળ કોઈ રાજકીય ગણતરી નહોતી, પરંતુ એક ઊંડો, અસહ્ય પારિવારિક આઘાત હતો. તેમણે પોતાની દાદી ઈન્દિરા ગાંધીની હત્યા અને પોતાના પિતા રાજીવ ગાંધીની ક્રૂર હત્યાનો ભયાનક સમય નજરે જોયો હતો અને એ દર્દમાંથી તેઓ પસાર થયા હતા. તેમના મનમાં વડાપ્રધાનનું પદ કોઈ વૈભવ કે સત્તાનું પ્રતીક નહોતું, પરંતુ સીધેસીધું જીવલેણ જોખમ સાથે જોડાયેલું હતું. જ્યારે સોનિયા ગાંધીએ ના પાડી, ત્યારે રાહુલ અને પ્રિયંકાને રાહત થઈ હતી. જોકે, 2004ની જીત સુધીનો આ પ્રવાસ સોનિયા ગાંધી માટે જરાય સરળ નહોતો. તેમણે જુલાઈ 2003માં શિમલામાં યોજાયેલી કોંગ્રેસની એક તણાવપૂર્ણ બેઠકનો પણ ઉલ્લેખ કર્યો છે. તે સમયે અન્ય પક્ષો સાથે ગઠબંધન કરવા મુદ્દે પાર્ટીની અંદર ભારે મતભેદો ચાલી રહ્યા હતા. એક તબક્કે સોનિયા ગાંધીને લાગ્યું કે તેમને આ ચર્ચાથી બાકાત રાખવામાં આવ્યા છે. જ્યારે તેમણે પોતાના સાથીઓને પૂછ્યું કે તેઓ શેની ચર્ચા કરી રહ્યા છે, ત્યારે થોડા ખચકાટ સાથે તેમને જવાબ મળ્યો કે ચૂંટણીમાં પાર્ટીનું નેતૃત્વ કોણ કરશે તે અંગે વિચારણા ચાલી રહી છે. આ સાંભળીને સોનિયા ગાંધી સ્તબ્ધ થઈ ગયા હતા.

તેમને એ વાતનું ઊંડું દુ:ખ થયું હતું કે તેમની જ પાર્ટીના સાથીઓએ તેમને 'બહારના' સમજ્યા હતા. જોકે, તેમણે મક્કમતાથી સંદેશ આપ્યો કે કોંગ્રેસ અધ્યક્ષ તરીકે તેઓ જ ચૂંટણી પ્રચારનું નેતૃત્વ કરશે. ત્યારબાદ એ જ થયું જેની કોઈને કલ્પના નહોતી. તત્કાલીન એનડીએ સરકારે 'ઈન્ડિયા શાઈનિંગ' અને 'ફીલ ગુડ'ના આકર્ષક નારાઓ સાથે નિર્ધારિત સમય કરતાં છ મહિના વહેલી ચૂંટણી કરાવવાનો મોટો જુગાર ખેલ્યો હતો. પરંતુ સોનિયા ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસે એવો જબરદસ્ત વળતો પ્રહાર કર્યો કે ભાજપ સત્તાની બહાર ફેંકાઈ ગયો હતો.

અનુસંધાન પેજ નં. 13 પર

પુસ્તકમાં સોનિયાએ રાજીવ અને ઈન્દિરાની હત્યા પછી અંગત જીવનની પીડાઓ અને રાજકીય વિષમ સ્થિતિ અને ગીતામાંથી મળેલા સંદેશે રાજકારણમાં પ્રવેશ માટે પ્રેરણા આપ્યાની કબૂલાત કરી છે : પીએમ પદ ન સ્વીકારવાના કારણોનો નિખાલસ એકરાર

દેવતાઓનો દિવ્ય દીપોત્સવ, આત્મચેતનાનું પર્વ દેવદિવાળી

ભારતીય સનાતન સંસ્કૃતિમાં તહેવારો માત્ર ઉત્સવ કે આનંદના અવસરો નથી, પરંતુ તે માનવજીવનને ઊર્જાવાન બનાવતા, સદ્ગુણોની પ્રેરણા આપતા અને આત્મચેતનાને જગાડતા દિવ્ય માધ્યમો છે. શરદ પૂર્ણિમાથી શરૂ થતી ઉત્સવોની હારમાળા કારતક પૂર્ણિમાના દિવસે 'દેવ દિવાળી'ના મહાપર્વ સાથે તેની પરાકાષ્ઠાએ પહોંચે છે. સામાન્ય રીતે દિવાળી એ પૃથ્વી પર માનવો દ્વારા મનાવાતો ઉત્સવ છે, પરંતુ 'દેવ દિવાળી' એ સાક્ષાત્ દેવતાઓ દ્વારા સ્વર્ગમાંથી પૃથ્વી પર અવતરીને મનાવવામાં આવતી દિવ્ય દિવાળી છે. દેવ દિવાળીના પર્વ સાથે મુખ્યત્વે બે પૌરાણિક કથાઓ જોડાયેલી છે, જે આપણા પ્રાચીન ગ્રંથોમાં ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.



ત્રિપુરાસુરનો નાશ અને ત્રિપુરી પૂનમ

પૌરાણિક કથાઓ અનુસાર, મહાપરાક્રમી અસુર તારકાસુરના ત્રણ પુત્રો તારકાક્ષ, કમલાક્ષ અને વિદ્યુન્માલિએ બ્રહ્માજીને પ્રસન્ન કરવા માટે કઠોર તપસ્યા કરી હતી. તેમની તપસ્યાથી પ્રસન્ન થઈને બ્રહ્માજીએ તેમને એક અદ્ભુત વરદાન આપ્યું કે તેઓ સોના, ચાંદી અને લોખંડના ત્રણ અદૃશ્ય અને અવિનાશી નગરો (ત્રિપુરા) માં નિવાસ કરશે. આ ત્રણેય નગરો આકાશમાં મુક્તપણે વિહરતા હતા અને તે માત્ર એક જ બાણથી અને તે પણ ભગવાન શિવના હસ્તે જ નાશ પામી શકે તેવી શરત હતી.

વરદાન મળ્યા બાદ આ ત્રણેય અસુરોએ (જેમને ત્રિપુરાસુર કહેવાય છે) ત્રણેય લોકમાં આતંક મચાવ્યો, જેથી ઋષિમુનિઓ અને દેવતાઓને અત્યાચારનો ભોગ બનવું પડ્યું. દેવતાઓએ ભગવાન શિવને પ્રાર્થના કરી કે તેઓ આ ત્રાસમાંથી મુક્તિ અપાવે. ત્યારે કારતક પૂર્ણિમાના પવિત્ર દિવસે ભગવાન શિવે `ત્રિપુરારી' સ્વરૂપ ધારણ કરીને એક જ દિવ્ય બાણથી ત્રણેય નગરોનો નાશ કર્યો. અસુરોના આ ત્રાસમાંથી મુક્ત થવાના આનંદમાં દેવતાઓએ સ્વર્ગલોકમાં ખૂબ ઉત્સવ મનાવ્યો, દીવા પ્રગટાવ્યા અને આકાશને દીપોથી પ્રકાશિત કર્યું. આ ઘટનાની યાદમાં આ દિવસને `દેવ દિવાળી' અથવા `ત્રિપુરી પૂનમ' તરીકે ઉજવવામાં આવે છે.

શ્રીવિષ્ણુનો મત્સ્યાવતાર અને સમુદ્ર મંથન

બીજી એક પૌરાણિક માન્યતા મુજબ, કારતક પૂનમના દિવસે જ ભગવાન વિષ્ણુએ સૃષ્ટિના રક્ષણ માટે પ્રથમ અવતાર અર્થાત્ `મત્સ્યાવતાર' ધારણ કર્યો હતો. આ દિવસે દેવો અને દાનવો દ્વારા ક્ષીરસાગર મંથન પણ સંપન્ન થયું હતું, જેના પરિણામે અમૃત અને અનેક દિવ્ય રત્નોની પ્રાપ્તિ થઈ હતી. ચાતુર્માસની સમાપ્તિ અને ભગવાન વિષ્ણુના યોગનિદ્રામાંથી જાગૃત થવાના આ પવિત્ર અવસર પર દેવતાઓ પ્રસન્ન થઈને પૃથ્વી પર આવે છે.

કાશીની અલૌકિક દેવ દિવાળી

જ્યાં પૃથ્વી અને સ્વર્ગ એક થાય છે જ્યારે દેવ દિવાળીની વાત આવે ત્યારે ઉત્તર પ્રદેશની પવિત્ર નગરી કાશી (વારાણસી)નું નામ સૌથી મોખરે આવે છે. અહીં દેવ દિવાળીની ઉજવણી માત્ર એક ધાર્મિક વિધિ નથી, પરંતુ તે વિશ્વભરમાં એક અદ્ભુત સાંસ્કૃતિક અને દૃશ્ય કલાનું ઉદાહરણ બની જાય છે.

ઘાટો પર લાખો દીવાઓનો જગમગાટ

પંચગંગા ઘાટ, અશ્વમેધ ઘાટ, કેદાર ઘાટ અને દશાસ્વમેધ ઘાટ સહિતના તમામ મુખ્ય ઘાટો પર લાખોની સંખ્યામાં માટીના પ્રદીપો (દીવાઓ) પ્રગટાવવામાં આવે છે. ગંગા નદીના કિનારે હજારો ફૂટ લાંબી સોનેરી પ્રકાશની રેખાઓ સર્જાય છે, જે રાત્રિના અંધકારમાં અદ્ભુત નજારો આપે છે.

ગંગા મહાઆરતી

કાશીના ઘાટો પર વિશાળ પિત્તળની દીવાદાનીઓ સાથે વેદોના મંત્રોચ્ચાર વચ્ચે સેંકડો પૂજારીઓ દ્વારા એકસાથે કરવામાં આવતી મહાઆરતીનું દૃશ્ય દર્શકોને મંત્રમુગ્ધ કરી દે છે. આ સમયે વાતાવરણમાં ગુંજતા શંખનાદ અને ડમરૂના અવાજથી રોમાંચ જાગી ઊઠે છે.

લોકવાયકા અને આસ્થા

એવી અતૂટ શ્રદ્ધા છે કે દેવ દિવાળીના દિવસે સ્વયં દેવી-દેવતાઓ અદૃશ્ય સ્વરૂપે વારાણસીમાં પધારે છે અને ગંગા નદીમાં સ્નાન કરીને આ દીપોત્સવનો આનંદ માણે છે. આ જ કારણ છે કે દેશ-વિદેશથી લાખો શ્રદ્ધાળુઓ આ અલૌકિક ક્ષણના સાક્ષી બનવા માટે કાશી પહોંચે છે.

દેવ દિવાળીનું આધ્યાત્મિક-દાર્શનિક રહસ્ય

દરેક ધાર્મિક પર્વની પાછળ એક ગહન જીવનદર્શન રહેલું છે. દેવ દિવાળી પણ આપણને માત્ર બાહ્ય રોશની કરવા પૂરતી મર્યાદિત નથી રાખતી, પરંતુ આંતરિક ચેતનાને જગાડવાનો સંદેશ આપે છે.

અહંકાર અને અજ્ઞાનનો નાશ : જેમ ભગવાન શિવે ત્રિપુરાસુરના અહંકારનો નાશ કર્યો, તેમ પ્રત્યેક મનુષ્યે પણ પોતાના જીવનમાં રહેલા અહંકાર, લોભ, ક્રોધ, મોહ અને અજ્ઞાનરૂપી અસુરોનો નાશ કરવો જોઈએ.

પ્રકાશ તરફની ગતિ : `તમસો મા જ્યોતિર્ગમય' (અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાઓ)નો ઉપનિષદનો મંત્ર દેવ દિવાળીના દીવાઓ દ્વારા સાર્થક થાય છે. જીવનના તમામ નકારાત્મક વિચારો અને નિરાશાને દૂર કરી સકારાત્મકતાનો દીવો પ્રગટાવવાની પ્રેરણા આ પર્વ આપે છે.

પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતા : આપણી સનાતન સંસ્કૃતિ હંમેશાં નદીઓ, વૃક્ષો અને પર્વતોને પૂજનીય માને છે. ગંગા નદીના કિનારે દીવા પ્રગટાવવા અને તેનું પૂજન કરવું એ પ્રકૃતિ અને જળતત્ત્વ પ્રત્યે આપણી અનંત કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો ઉત્તમ માર્ગ છે.



MOTEL & HOTEL FOR SALE

NIRAJ PANCHOLI, REALTOR®

Mechanical Engineer (Ahmedabad, India)

Cell: 647-866-2790

Email: ncpancholi@gmail.com

Website: www.niraj-pancholi.c21.ca

Multiple Awards Winner Since 2011

Selling Motels, Hotels, Commercial and Residential Properties Since 2011

Visit my website for new and updated Exclusive and MLS listings



MOTEL KING: Specializing in Selling Motels, Proven Records of SOLD over 50 Motels & Hotels in ONTARIO

WINDSOR FRANCHISE HOTEL, 90+ROOM I $7.2M Fully Renovated Rooms, No PIP, 3.5 Arec Lot	COCHRANE MOTEL, 43 ROOM & RESTAURANT I $4.2M 6 Acre Lot Right on Hwy 11, Year-round profitable business Absentee Owner, Excellent NOI and Cap Rate, VTB available
GANANOQUE HOTEL, 54 ROOM, RESTAURANT & BAR I $4.9M Well-maintained Rooms, Profitable year-round operation. Close to Hwy 401, Casino and 1000 Island Cruise Line. Excellent Net Income, Great Investment.	HUNTSVILLE MOTEL, 17 ROOM - $2.3M In the downtown, Absentee Owner for last 4 years. Great opportunity for the Owner Operator to grow
GRAVENHURST MOTEL & RESTAURANT, 21 ROOM - $1.5M Rooms are on monthly basis on long-term. 3 Acre lot in Muskoka area, Selling AS IS – Ideal for Builders/Renovators	HUNTSVILLE FRANCHISE MOTEL, 36 ROOM – ASKING $3.9M Newer, well-maintained property comes with separate 2-bedroom detached house. Easy operation. Ideal for Owner operator
ALBERTA – FRANCHISE & NON-FRANCHISE MOTELS 1-2 hours from Calgary and Edmonton Price range: $800,000 to $3,500,000. Call for more info.	Motel Job: Front desk, housekeeping and general work in Ontario Partnership: Working Partner, Min $200,000 investment (PR or Citizen), good English and computer knowledge. Location: Ontario & Alberta

Century 21 People's Choice Realty Inc. 120 Matheson Blvd E #103, Mississauga, Ontario (cell; 647-866-2790 I email: ncpancholi@gmail.com)
Brilliant Realty, 1135 64 Ave SE #202, Calgary, T2H 2J7, Alberta (cell: 647-866-2790 I email: niraj.alberta@gmail.com)

MOTEL & HOTEL OWNERS: Thinking of Selling! Call ASAP, I have qualified BUYERS ready for Any Size, Any Price, Any Location



ભારતીય કલ્ચર એસો. ઓફ ઓન્ટેરિયો દ્વારા દિવાળીની ઉજવણી

દક્ષિણ ગુજરાતથી કેનેડા આવેલા વસાહતીઓની સંસ્થાના સુવર્ણ જયંતી વર્ષમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, સન્માન સમારોહ અને અતિથિ વિશેષની ઉપસ્થિતિ





૬૦૦ આજીવન સભ્ય પરિવારો ધરાવતી સંસ્થાના દિવાળી ઉત્સવમાં બાળકો, યુવાનો અને વડીલોનો ઉત્સાહ સાથે સહભાગી બન્યા, કાર્યક્રમમાં ૭૫૦થી વધુ લોકોની હાજરી, સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર તેમજ સંસ્થાના પદાધિકારીઓને ટ્રોફી તેમજ સન્માનપત્રથી નવાજવામાં આવ્યા









ઈટોબિકોક

ભારતીય કલ્ચર એસોસિએશન ઓફ ઓન્ટેરિયોની ૫૦મી દિવાળીની ઉજવણીનો કાર્યક્રમ તારીખ ૧૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ શ્રૃંગેરી કોમ્યુનિટી સેન્ટર, ૮૦ બ્રાઈડન ડ્રાઈવ, ઈટોબિકોક ખાતે સાંજે યોજાયો હતો. જેમાં બાળકો અને વડીલો સહિત ૭૫૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો. આ દિવાળીની ઉજવણીમાં બાળકો, યુવાન ભાઈ-બહેનો, વડીલ મહિલાઓએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમને અંતે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર દરેકને તેમજ સંસ્થાના પદાધિકારીઓને ટ્રોફી તેમજ સન્માનપત્રથી નવાજવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન બ્રેમ્પ્ટનના વોર્ડ નંબર ૭ અને ૮ના કાઉન્સિલર રોડ પાવર તથા લાજ પરાસર અતિથિ વિશેષ તરીકે હાજર રહી સમાજને દિવાળીની શુભકામનાઓ પાઠવી હતી.

દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ જિલ્લામાંથી કેનેડામાં વસાહતી તરીકે સ્થાપિત થવાની શરૂઆત વીસમી સદીના છઠ્ઠા દાયકાથી થઈ હતી. શરૂઆતના અહીં આવેલા લોકો માટે કપરો સમય હતો. કારણ કે આ દેશના વહેવાર-વ્યવસ્થા, કાનૂન-નિયમોની પૂરતી જાણકારીનો અભાવ, પ્રારંભિક દિવસની આર્થિક તંગી, કારીગરોને પોતાને સંબંધિત નોકરી / ધંધા શોધવાની જાણકારીનો અભાવ ઉપરાંત ભાષાના પ્રશ્ન હતા.

આમ છતાં પરદેશ ખેડવાની આપણી પ્રજાની સાહસિકતાના લીધે લોકો કેનેડા આવતા જ રહ્યા. આ દેશમાં કુટુંબોની સંખ્યા વધવા લાગી, તેમ તેમ સામાજિક જીવન પણ બળવત્તર બનતું રહ્યું અને મુળ ભારતીય લોકોનું સંગઠિત ગ્રુપ પણ હોવું જોઈએ એવી ભાવના વધતી રહી. જેને પરિણામ સ્વરૂપે શરૂઆતના વર્ષોમાં બધાએ ભેગા થઈ હોળી, દિવાળી, નવરાત્રિની સહપરિવાર ઉજવણી કરી. શરૂઆતના આ કાર્યક્રમોની ઉજવણી “હિન્દુ પ્રાર્થના સમાજ”, ૬૨ ફર્ન એવેન્યુ, ટોરેન્ટો ખાતે કરવામાં આવતી હતી. હિન્દુ પ્રાર્થના સમાજ એ ઓન્ટેરિયોનું પ્રથમ હિન્દુ મંદિર છે.

જેમ જેમ કુટુંબોની સંખ્યા વધતી ગઈ, લોકોની આર્થિક સ્થિતિમાં સુધારો થતો ગયો, જેના પરિણામ સ્વરૂપ ૧૯૭૬ના વર્ષમાં ‘ભારતીય કલ્ચર એસોસિએશન ઑફ ઓન્ટેરિયો’ના નામે ‘નૉટ ફૉર પ્રોફિટ’ સંસ્થા ઓન્ટેરિયો સરકારમાં નોંધણી કરાઈ હતી. આ સંસ્થાનો હેતુ - જનકલ્યાણના કાર્ય કરવા, ધાર્મિક ઉત્સવની ઉજવણી, બાળકો માટે માતૃભાષાનું શિક્ષણ, વડીલોને સહાયરૂપ થવું, રમતગમત અને કેનેડાની અન્ય ધાર્મિક કે સામાજિક સંસ્થાઓ સાથે સહકાર તેમજ વિચાર વિનિમય કરી લોક કલ્યાણની ભાવનાને સુદૃઢ બનાવવી એવા રહ્યા હતા. અને જેને અનુરૂપ સંસ્થાનું પોતાનું બંધારણ પણ તૈયાર કરવામાં આવ્યું છે.

આજે આ પચાસ વર્ષ પૂર્ણ કરનાર આ સંસ્થામાં ૬૦૦ જેટલા કુટુંબો આજીવન સભ્યો છે. આ સંસ્થા દ્વારા શિવરાત્રિ, હોળી/ધુળેટી, પિકનિક, જન્માષ્ટમી, ગણેશપૂજન, નવરાત્રી, દિવાળી આ ઉપરાંત વડીલો માટે રામનવમી, મધર ડે, ફાધર્સ ડે, મંદિર પ્રવાસ, ભારતીય સ્વાતંત્ર્ય દિન, યુવાનો માટે કાર્યક્રમો નિયમિત યોજવામાં આવે છે.

ધડાધડ ગોળીઓ વરસાવી પંજાબી યુવક અને તેની ગર્લફ્રેન્ડની હત્યા

કેનેડા પોલીસે ટાર્ગેટેડ કિલિંગ ગણાવ્યું, બંને મૃતકો ડેલ્ટા વિસ્તારના રહેવાસી હતા, હુમલાખોરોએ પોતાની કાર પણ સળગાવી

સરી

કેનેડાના સરીમાં હુમલાખોરોએ પંજાબી યુવક અને તેની ગર્લફ્રેન્ડ પર ગોળીઓનો વરસાદ વરસાવી બંનેની હત્યા કરાઈ હતી. ઘટનાને કેનેડા પોલીસે ટાર્ગેટેડ કિલિંગ ગણાવ્યું છે, જેના કારણે તેને ગેંગવોર માનવામાં આવી રહી છે.

કેનેડાના સરી શહેરમાં રવિવારે (૧૫ નવેમ્બર) રાત્રે લગભગ ૧૦:૩૮ વાગ્યે ગોળીબારની ઘટના બની હતી. ૧૨૪ સ્ટ્રીટ અને ૮૮ એવન્યુ પર આવેલા વોલમાર્ટની સામે પાર્કિંગમાં લાલ રંગની એક સ્પોર્ટ્સ કાર ઊભી હતી. આ કારમાં ૨૩ વર્ષીય યુવક અને ૨૪ વર્ષીય યુવતી બેઠા હતાં. દરમિયાન હુમલાખોરોએ આ કાર પર ધડાધડ ગોળીઓ ચલાવી દીધી હતી. જે બાદ ઈમરજન્સી સર્વિસની ટીમોએ ઘટનાસ્થળે પહોંચીને બંને ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આઈએચઆઈટી મુજબ ગોળીબારના લગભગ ૧૩ મિનિટ બાદ રાત્રે ૧૦:૫૧ વાગ્યે પ્રિન્સેસ ડ્રાઈવના ૯૭૦૦ બ્લોકમાં સફેદ રંગની સેડાન કારમાં આગ લાગ્યાની જાણ થઈ હતી. પોલીસને શંકા છે કે



હુમલાખોરોએ આ કારનો ઉપયોગ કર્યો હોઈ શકે છે. આશંકા છે કે ઘટનાકાંડ બાદ પુરાવા નષ્ટ કરવા માટે કારને આગ લગાવવામાં આવી હતી. ઘટનાસ્થળેથી મળેલી લાલ ફોર્ડ મસ્ટેંગ કાર મૃતકોમાંથી કોઈ એકની હોવાનું જણાવાયું છે.

ઘટના બાદ કેનેડા પોલીસ ત્યાં પહોંચી હતી. આ કેસની તપાસ ઈન્ટિગ્રેટેડ હોમિસાઈડ ઈન્વેસ્ટિગેશન ટીમ કરી રહી છે. IHITના જણાવ્યા અનુસાર આ ટાર્ગેટેડ હુમલો હતો. તપાસ અધિકારીઓને ઘટનાના તાર સંગઠિત અપરાધ સાથે જોડાયેલા હોવાના સંકેતો મળ્યા છે. જો કે, પોલીસે તેને ગેંગવૉર જાહેર કર્યું નથી. તપાસમાં સામે આવ્યું છે કે મૃતક યુવક અગાઉ પણ હથિયારો અને ફાયરઆર્મ્સ સાથે જોડાયેલા કેસમાં પોલીસના રડારમાં હતો.

પોલીસના જણાવ્યા મુજબ બંને મૃતકો પંજાબી મૂળના હતા અને ડેલ્ટા વિસ્તારના રહેવાસી હતા. પોલીસે યુવકની ઓળખ કરી તેના પરિવારને જાણ કરી દીધી હતી. યુવતીની ઓળખ કરવાની પ્રક્રિયા ચાલુ છે. સ્થાનિક મીડિયા અહેવાલ મુજબ યુવકના પિતાએ યુવતીને પોતાના પુત્રની ગર્લફ્રેન્ડ ગણાવી છે. એક મીડિયા ચેનલ સાથેની વાતચીતમાં મૃતકના પિતાએ જણાવ્યું કે, તેઓ ટ્રક ડ્રાઈવર છે. ઘટના સમયે તેઓ કેલગરીથી પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન તેમને પુત્રની હત્યાની જાણ થઈ હતી.

કાર્નીની ચીન મુલાકાત : કેનેડા-ચીન વચ્ચે વેપારી કરારો અને સાંસ્કૃતિક ભાગીદારી અંગે જાહેરાત

શી જિનપિંગ સાથે મુલાકાત: કૃષિ, ઊર્જા અને ઓટોમોટિવ ક્ષેત્રે વેપાર વિસ્તારવા પર ભાર મુકાયો

બેઇજિંગ

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ ચીનના શેનઝેન ખાતે તેમના પ્રથમ સંપૂર્ણ દિવસે ચીન સાથે નવી ભાગીદારી અને વેપારી કરારોની શ્રેણીની જાહેરાત કરી હતી. એપેક (APEC) નેતાઓની સમિટ પહેલા થયેલી આ ઉચ્ચસ્તરીય બેઠકથી બંને દેશો વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનવાની અપેક્ષા છે.

ચીન કેનોલા મીલ, લોબસ્ટર, કરચલા અને વટાણા જેવા કેનેડિયન ઉત્પાદનો પર ટેરિફ રાહતને ઓછામાં ઓછા ૩૧ ડિસેમ્બર, ૨૦૨૮ સુધી લંબાવવા માટે ચીન સંમત થયું છે. જેનાથી કેનેડાની અંદાજે ૪૦૦ મિલિયન ડોલરની નિકાસને રાહત મળશે.

જેના પ્રત્યુત્તરરૂપે ઓટાવા સરકારે પણ ૩૨ વધારાની ચીની સ્ટીલ અને એલ્યુમિનિયમની ચીજો ઉપર ૩૧ ડિસેમ્બર, ૨૦૨૮ સુધી ટેરિફમાં છૂટછાટ આપવાની જાહેરાત કરી હતો. જેનો કેનેડામાં પૂરતો પુરવઠો નથી. આ ઉપરાંત જાન્યુઆરીમાં થયેલા કરાર હેઠળ ૪૯,૦૦૦ વાહનો માટે ચીની ઈવી પરનો ટેરિફ ૧૦૦ ટકાથી ઘટાડીને ૬.૧ ટકા કરવામાં આવ્યો હતો. માર્ચથી કેનેડામાં ૧૬,૨૧૧ ચાઈનીઝ ઈવી આયાત થઈ ચૂકી છે, જેમાંથી અડધાથી વધુની કિંમત $૩૫,૦૦૦ કે તેથી ઓછી છે. વેપાર ઉપરાંત બંને દેશો વચ્ચે ફ્લાઈટ્સની સંખ્યા વધારવા, તેમજ શિક્ષણ અને કળા ક્ષેત્રે પરસ્પર સહયોગ વધારવાના કરારો કરવામાં આવ્યા હતા.

કેનેડામાં હેલ્થ કેર પાછળનો ખર્ચ રેકોર્ડ સ્તરે પહોંચી ગયો : સારવાર માટે વેઇટિંગ

હોસ્પિટલો સહિત શહેરોમાં ફેમિલી ડોક્ટરની અછત

ઓટાવા

કેનેડામાં સ્વાસ્થ્ય સેવાઓ પાછળનો ખર્ચ અગાઉ કરતાં વધીને રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગયો છે, પરંતુ શું નાગરિકોને આ વધેલા ખર્ચ સામે ઉત્તમ તબીબી કાળજી મળી રહી છે કે નહીં, તે એક મોટો પ્રશ્ન બની ગયો છે. કેનેડિયન ઈન્સ્ટિટ્યૂટ ફોર હેલ્થ ઈન્ફર્મેશનના અહેવાલ મુજબ વર્ષ ૨૦૨૬માં કુલ હેલ્થ કેર ખર્ચ વધીને $ ૪૩૩ બિલિયન અથવા પ્રતિ વ્યક્તિ $ ૧૦,૩૯૮ સુધી પહોંચવાની અપેક્ષા છે, જે ગત વર્ષની સરખામણીમાં ૪.૮ ટકા વધુ છે. રોગચાળા પછી પહેલીવાર પ્રતિ વ્યક્તિ ફુગાવા-સમાયોજિત ખર્ચ ૨૦૨૧ના તેના અગાઉના શિખરને વટાવી જશે. આ આંકડામાં હોસ્પિટલો, ડોક્ટરો, પ્રિસ્ક્રિપ્શન દવાઓ અને ખાનગી વીમાનો સંયુક્ત ખર્ચ સામેલ છે. વિકસિત વિશ્વમાં સૌથી વધુ સ્વાસ્થ્ય ખર્ચ કરતા દેશોમાં સામેલ હોવા છતાં કેનેડાના દર્દીઓને હોસ્પિટલોમાં ભીડભાડ, સારવાર માટે લાંબી રાહ અને ફેમિલી ડૉક્ટર શોધવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

કેલગરીની હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓ બહારથી ખાવાનું મંગાવતા સમસ્યા

વર્ગખંડમાં ભણતરમાં ખલેલ પહોંચવાની ફરિયાદો

કેલગેરી

કેલગરીની એક હાઈસ્કૂલે આ અઠવાડિયે વાલીઓને એક પત્ર મોકલીને વિનંતી કરી છે કે તેઓ તેમના બાળકોને શાળાના સમય દરમિયાન 'Uber Eats' (ઉબર ઈટ્સ) અને 'DoorDash' (ડોરડેશ) જેવી ફૂડ ડિલિવરી એપ્સનો વધતો ઉપયોગ કરતા અટકાવે. પત્રમાં 'સેન્ટ ફ્રાન્સિસ હાઈસ્કૂલ'ના વહીવટીતંત્રે જણાવ્યું છે કે, જોકે બહારથી ખાવાનું મંગાવવું અનુકૂળ હોઈ શકે છે, પરંતુ તેનાથી વર્ગખંડમાં ભણતર દરમિયાન ખલેલ પહોંચી શકે છે. ઉપરાંત શાળાના 'આલ્બર્ટા ટીચર્સ એસોસિએશન'માં કેલગરી કેથોલિક શિક્ષકોનું પ્રતિનિધિત્વ કરતા લી માર્ટિને જણાવ્યું હતું કે, તાજેતરના વર્ષોમાં આ સમસ્યા વધુ ગંભીર બની છે. આ અઠવાડિયે જ એક શિક્ષકે તેમને જણાવ્યું કે, એક ડિલિવરી ડ્રાઈવરે તો છેક વર્ગખંડની બારી સુધી ખાવાનું પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. "એક શિક્ષક તરીકે અમે ઈચ્છીએ છીએ કે બાળકોને પૂરતું ભોજન મળે, પરંતુ આ બાબત હવે થોડી કાબૂ બહાર જતી જણાય છે.". કેલગરી કેથોલિક સ્કૂલ ડિસ્ટ્રિક્ટ'ના પ્રવક્તાએ જણાવ્યું કે, તેમની જાણકારી મુજબ, આ બોર્ડ હેઠળની શાળાઓમાં માત્ર 'સેન્ટ ફ્રાન્સિસ' જ એક એવી શાળા છે જે આ બાબતને ગંભીરતાથી લઈ રહી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "વિદ્યાર્થીઓને શાળાની ઈમારતની અંદર ડિલિવરી મંગાવવા માટે મનાઈ ફરમાવવામાં આવી છે.

કેનેડા સરકારનો નિર્ણય : ૨૦૨૭માં ૨ લાખ લોકોને પીઆર મળવામાં મળશે વિશેષ મદદ

સ્થાનિક સ્તરે પેન્ડિંગ અરજીઓ અને સ્થાયી રહેવાસીઓને રાહતની આશા

ટોરોન્ટો

ઘણા વર્ષોથી કેનેડામાં રહીને કામ કરતા અને પોતાના પરિવાર સાથે ત્યાં ભવિષ્ય બનાવવાનું સપનું જોતા લોકો માટે કેનેડા સરકારે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. ૧૨ નવેમ્બર ૨૦૨૬ના રોજ કેનેડાનાં ઈમિગ્રેશન મંત્રી લેના મેટલેજ ડાયબએ નવી સમયમર્યાદિત વ્યવસ્થાની વિગતો જાહેર કરી હતી. આ યોજના હેઠળ ૨૦૨૭માં કેનેડામાં પહેલેથી રહેતા વધુમાં વધુ ૨ લાખ લોકોને પર્મેનન્ટ રેસિડેન્સ મેળવવામાં મદદ કરવામાં આવશે.આ વ્યવસ્થાના બે મુખ્ય વિભાગ છે.

એક લાખ કામદારોને પહેલી તક

આ યોજના હેઠળ કેનેડામાં પહેલેથી કામ કરતા અને ત્યાંના સ્થાનિક અર્થતંત્રમાં યોગદાન આપતા વધુમાં વધુ ૧ લાખ કામદારો તથા તેમના પરિવારોને પીઆર તરફ આગળ વધારવામાં આવશે. તેમાં પ્રોવિન્શિયલ નોમિની પ્રોગ્રામ અને કેટલીક પસંદગીની ફેડરલ ઇમિગ્રેશન અરજીઓનો સમાવેશ થાય છે.

પસંદગીના અરજદારો માટે 1 લાખ સુધીની તકો

બીજા વિભાગમાં પહેલેથી કેનેડામાં રહેતા પસંદગીના અરજદારોનો સમાવેશ થશે. તેમાં હોંગકોંગના પીઆર અરજદારો, યુક્રેન ફેમિલી રિયુનિફિકેશન પાથવે હેઠળના અરજદારો, કેટલીક હ્યુમેનિટેરિયન અરજીઓ અને કેનેડાના નાગરિકો અથવા પીઆર (PR) ધારકોના જીવનસાથી તથા બાળકોનો સમાવેશ થાય છે. જો કે ખાસ વાત એ છે કે, આ વિદેશમાંથી નવા અરજદારો માટે ૨ લાખ નવી પીઆર (PR) જગ્યાઓ નથી. આ વ્યવસ્થા પહેલેથી કેનેડામાં રહેતા ચોક્કસ વર્ગના લોકો માટે છે. નવી યોજના માટે અલગથી અરજી કરવાની કે બંધ થયેલા કાર્યક્રમો ફરી શરૂ થવાની જાહેરાત પણ કરવામાં આવી નથી.

સોનિયાનું પુસ્તક : સત્તા... (પેજ નં. 10નું ચાલું)

જો કે, સોનિયા ગાંધીએ તમામ દિગ્ગજ નેતાઓની લાગણી સ્વીકારી નહીં અને પીએમ પદ સ્વીકાર્યું ન હતું. તેમને એ વાતનો પૂરો અણસાર હતો કે જો તેઓ વડાપ્રધાન પદ સ્વીકારી લેશે, તો વિરોધીઓ દ્વારા ચૂંટણી પ્રચાર દરમિયાન તેમના 'વિદેશી મૂળ'ને લઈને જે ઝેરી પ્રચાર અને હોબાળો શરૂ કરવામાં આવ્યો હતો, તે ક્યારેય શાંત નહીં થાય. ભાજપ અને તેના સહયોગીઓ ચોક્કસપણે આ મુદ્દાને હથિયાર બનાવીને લોકોની ભાવનાઓ ભડકાવશે અને દેશમાં એવી અરાજકતા ફેલાવશે કે જે પાછલા અને આવનારા વર્ષોના તમામ સારા કામો પર પાણી ફેરવી દેશે. અંતે તેમણે ડો. મનમોહન સિંહને વડાપ્રધાન બનાવવાનો નિર્ણય જાહેર કરીને તમામ અટકળોનો અંત આણ્યો હતો. આ પુસ્તકનો સૌથી વધુ ભાવનાત્મક અને રાજકીય રીતે મહત્વપૂર્ણ હિસ્સો એ છે, જ્યાં સોનિયા ગાંધી પોતાના પતિ રાજીવ ગાંધી અને પુત્ર રાહુલ ગાંધીના રાજકીય પ્રવેશ વચ્ચેના પોતાના આંતરિક દ્વંદ્વને વ્યક્ત કરે છે. સોનિયા ગાંધીએ નિખાલસપણે સ્વીકાર્યું છે કે લગભગ બે દાયકા પહેલાં તેમણે રાજીવને રાજકારણમાં ન આવવા માટે આજીજી કરી હતી. એક પત્ની અને માતા તરીકે તેઓ રાજકારણની કઠોર દુનિયા, તેની અનિશ્ચિતતાઓ અને તેની સાથે જોડાયેલા જીવલેણ જોખમોથી સારી રીતે પરિચિત હતા. પરંતુ સમયના ચક્ર અને પરિસ્થિતિઓએ એવો વળાંક લીધો કે તેમણે પોતે પણ સક્રિય રાજકારણમાં ઝંપલાવવું પડ્યું. આશ્ચર્યજનક અને વિરોધાભાસી લાગતી છતાં અત્યંત રસપ્રદ બાબત એ છે કે, જે સોનિયા ગાંધીએ રાજીવ ગાંધીને રાજકારણથી દૂર રાખવાનો પ્રયાસ કર્યો હતો, તેમણે જ વર્ષો પછી જ્યારે રાહુલ ગાંધીએ રાજકારણમાં પ્રવેશવાનો નિર્ણય કર્યો ત્યારે તેમને રોક્યા ન હતા.

ગોલ્ડ મેડાલિસ્ટ અને PhD ધારકોને પણ માત્ર 80થી 110 માર્ક્સ! આંદોલનની ચીમકી

અમદાવાદ

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તાજેતરમાં હાયર સેકન્ડરી સ્કૂલોમાં શિક્ષક માટેની ટાટની લાવેયાલી પરીક્ષાના પરિણામોને લઈ ઉમેદવારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આંદોલનની ચીમકી સાથે પરીક્ષાર્થીઓ દ્વારા થરાદ ખાતે કલેક્ટરને આવેદન પાઠવ્યું હતું. ઉમેદવારોના જણાવ્યા અનુસાર, આ પરીક્ષામાં યુનિવર્સિટીના ગોલ્ડ મેડાલિસ્ટ, પીએચ.ડી. ધારકો, 15 વર્ષથી વધુનો શૈક્ષણિક અનુભવ ધરાવતા નિષ્ણાંત શિક્ષકો અને પુસ્તકો પ્રકાશિત કરનાર તજજ્ઞો પણ ઉપસ્થિત રહ્યા હતા. છતાં આશ્ચર્યજનક રીતે આવા તેજસ્વી અને લાયકાત ધરાવતા ઉમેદવારોના ગુણ માત્ર 80 થી 110 વચ્ચે જ આવ્યા છે, જે સમગ્ર પરિણામની પારદર્શિતા સામે મોટો પ્રશ્નાર્થ ઊભો કરે છે. ઉમેદવારોએ વિરોધ કરતા માગણી કરી છે ફરીવાર મૂલ્યાંકન કરવામાં આવે અને પેપર-1 અને 2 એમ બન્નેના માર્ક્સ જાહેર કરવામાં આવે.

યુપી-બિહારમાં ભીષણ અકસ્માતો : 11 લોકોએ ગુમાવ્યા જીવ

અરરિયામાં ચાંદલા વિધિથી પરત ફરતા કન્યા પક્ષના 5 યુવકોના મોત, બૈરગાછી-સીકટી હાઇવે પર સ્કોર્પિયો નદીમાં ખાબકતાં 6 લોકો ડૂબી ગયા

લખનઉ

ઉત્તર પ્રદેશ અને બિહારમાં બે અલગ-અલગ માર્ગ અકસ્માતોમાં કુલ 11 લોકોના કરુણ મોત નિપજ્યા હતા. બિહારના અરરિયા જિલ્લામાં ચાંદલા વિધિમાંથી પરત ફરતી વખતે બેકાબૂ કાર પુલ નીચે ખાબકતાં કન્યા પક્ષના 5 યુવકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે બૈરગાછી-સીકટી મુખ્ય ધોરીમાર્ગ પર સ્કોર્પિયો કાર નદીમાં ખાબકતાં એક જ પરિવારના 6 લોકો ડૂબી ગયા હતા.

પ્રથમ દુર્ઘટનામાં મોહમ્મદ ફારૂક (17), સલીમ (17), ગુફરાન (18), તૌફીક (19) અને ફઝલ મોહમ્મદ (23) ના મોત થયા હતા. આ અકસ્માતમાં મુજમ્મિલ (22) અને નાહિદ રઝા (18) ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને જિલ્લા હોસ્પિટલમાં ખસેડાયા હતા. પોલીસ અધિક્ષક માર્તંડ પ્રકાશ સિંહના જણાવ્યા મુજબ, રાહદારીઓને બચાવવાના પ્રયાસમાં અથવા ધુમ્મસના કારણે આ અકસ્માત સર્જાયો હોવાની શક્યતા છે.



બીજી તરફ, અરરિયામાં બુધવારની રાત્રે બનેલી ઘટનાથી ખુશીનો માહોલ શોકમાં ફેરવાઈ ગયો હતો. સુપૌલ જિલ્લાના થુમહા ગામના રહેવાસીઓ ભપટિયા ગામમાં ચાંદલાનો પ્રસંગ પતાવીને પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન પુરપાટ ઝડપે દોડતી સ્કોર્પિયો વળાંક પર કાબૂ ગુમાવીને સીધી પુલ નીચે નદીમાં ખાબકી હતી. નદીમાં પાણી વધુ હોવાથી ચાલક સહિત 6 લોકો ડૂબી ગયા હતા.

રાત્રે અકસ્માત બાદ મુસાફરોની ચીસો સાંભળી સ્થાનિકો દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરી હતી. પોલીસે યુદ્ધના ધોરણે બચાવ કામગીરી શરૂ કરી ભારે જહેમત બાદ કાર અને લોકોને પાણીમાંથી બહાર કાઢ્યા હતા. તમામ અસરગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં તબીબોએ 6 લોકોને મૃત જાહેર કરી ડૂબી જવાથી મોત થયાની પુષ્ટિ કરી હતી.

આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા તમામ મૃતકો એક જ પરિવારના હતા અને તેમની ઉંમર 15 થી 28 વર્ષની વચ્ચે હતી. એકસાથે 6 લોકોના મોતથી થુમહા ગામમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી. હાલમાં પોલીસે બંને અકસ્માતો અંગે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાઝિયાબાદમાં સુનાવણીમાં ગેરહાજર સાંસદનું ઘર સીઝ કરવા કોર્ટનો આદેશ

2018ના મારપીટ કેસમાં 8 ડિસેમ્બરે આગામી સુનાવણી

લખનઉ

નગીનાના સાંસદ અને આઝાદ સમાજ પાર્ટીના અધ્યક્ષ ચંદ્રશેખર આઝાદ વારંવાર સુનાવણીમાં ગેરહાજર રહેતાં વિશેષ એમપી-એમએલએ કોર્ટે 17 નવેમ્બરે તેમનું મકાન સીઝ કરવાનો આદેશ આપ્યો હતો. અગાઉ બિનજામીનપાત્ર વોરંટ અને આરોપો ઘડવા હાજર રહેવાના નિર્દેશ છતાં તેઓ ગેરહાજર રહ્યા હતા. મુંબઈમાં સંસદીય કાર્યસમિતિની બેઠકમાં વ્યસ્ત હોવાથી વકીલે હાજરી માફીની અરજી કરી હતી. સુનાવણી 8 ડિસેમ્બરે થશે, જોકે આઝાદની કોઈ પ્રતિક્રિયા આવી નથી. વર્ષ 2018માં ગાઝિયાબાદના સાહિબાબાદ સ્થિત વૃંદાવન ગાર્ડનમાં લગ્ન પ્રસંગે હથિયારો અંગેના સવાલ પર બોલાચાલી થતાં આઝાદ અને સાથીઓએ ગાળાગાળી તેમજ જાનથી મારવાની ધમકી આપ્યાની ફરિયાદ ધર્મેન્દ્ર કુમારે કરી હતી. યુપી વિધાનસભાની તમામ 403 બેઠકો લડવા અસદુદ્દીન ઓવૈસીની AIMIM સાથે 'સામાજિક પરિવર્તન મોરચો' બનાવી મુખ્યમંત્રીનો ચહેરો જાહેર થયેલા આઝાદ 26 નવેમ્બરે લખનઉમાં ચૂંટણી ઢંઢેરો જાહેર કરશે.

જયપુરમાં IAS અધિકારી શિખર અગ્રવાલ પાસે 64 ફ્લેટ-વિલા મળતાં ફરિયાદ દાખલ

પુત્રોના નામ પર 24 જેટલા ફ્લેટ ખરીધા, હાઈકોર્ટની સુનાવણી પૂર્વે કડક કાર્યવાહી

જયપુર

રાજસ્થાનના વરિષ્ઠ IAS અધિકારી શિખર અગ્રવાલ અને તેમના IPS પત્ની વિરુદ્ધ આવકના સ્ત્રોત કરતાં વધુ સંપત્તિના કેસમાં એન્ટી-કરપ્શન બ્યુરોની તપાસમાં મોટો ખુલાસો થયો છે. જયપુરમાં તેમની પાસે અગાઉ મનાતી 40 નહીં, પરંતુ કુલ 64 વિલા અને ફ્લેટ હોવાનું બહાર આવ્યું છે. આ વિગતો સામે આવતાં હાઈકોર્ટમાં સુનાવણી યોજાય તે પૂર્વે જ ACBએ 18 નવેમ્બરે શિખર અગ્રવાલ સામે FIR નોંધી છે.

શિખર અગ્રવાલે વિદેશ પ્રવાસથી પરત ફર્યા બાદ 16 નવેમ્બરે ACB સમક્ષ પોતાની સંપત્તિની વિગતો રજૂ કરી હતી. અગાઉ તેમની પાસે માત્ર 40 મિલકતો હોવાનું જાહેર થયું હતું. જોકે, ઝીણવટભરી તપાસમાં બહાર આવ્યું કે આશરે 35 દિવસ પહેલાં જયપુરના અનંતા રિસોર્ટમાં તેમના પુત્રોના નામે 24 નવા ફ્લેટ ખરીદવામાં આવ્યા હતા. અગાઉની 40 મિલકતોમાં આ 24 એકમો ઉમેરાતાં ફ્લેટ અને વિલાની કુલ સંખ્યા 64 પર પહોંચી ગઈ છે. બીજી તરફ, તપાસનો વ્યાપ વધવાની અને કડક કાર્યવાહીની શક્યતાને ધ્યાનમાં રાખીને શિખર અગ્રવાલે 17 નવેમ્બરે રાજસ્થાન હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. તેમની અરજી પર આજે 19 નવેમ્બરે સુનાવણી નિર્ધારિત છે. પરંતુ કોર્ટના હસ્તક્ષેપના એક દિવસ પહેલાં જ ACBએ નિર્ણાયક કાર્યવાહી કરતાં વહીવટી તંત્રમાં હલચલ મચી ગઈ છે અને અધિકારી ફરતે કાયદાકીય ગાળિયો વધુ મજબૂત બન્યો છે.

અખિલેશના સ્વાગત માટે જતાં જેસીબીની ટક્કરથી ભાજપ નેતાના પુત્રનું મોત, પરિજનોએ ધરણાં કર્યા

અનેક લોકો ધરણા સ્થળે પહોંચ્યા, અખિલેશ વિરુદ્ધ કેસ નોંધવાની માગ કરી

ગોરખપુર

યુપીના ગોરખપુરમાં બુધવારે એક અકસ્માત થયો હતો.જેસીબીની ટક્કરથી ભાજપ નેતાના 13 વર્ષીય પુત્ર આર્યવર્ધન સિંહનું મોત થઈ ગયું હતું.મૃતક ચૌરીચૌરા વિધાનસભા ક્ષેત્રના રાજધાની ગામના નિવાસી ભાજપ નેતા ઓંકાર સિંહનો પુત્ર હતો. પરિજનોનો આરોપ છે કે જે જેસીબીથી પુત્રનું મોત થયું છે તે અખિલેશના સ્વાગત માટે મંગાવવામાં આવી હતી. તે સમાજવાદી પાર્ટીના રોડ શો પછી પાછી ફરી રહી હતી.અકસ્માત પછી ઘાયલ વિદ્યાર્થીને એઈમ્સ લઈ જવામાં આવ્યો જ્યાં ડૉક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. ઘટના પછી પરિજનોમાં કોહરામ મચી ગયો હતો.

ગુસ્સે ભરાયેલા લોકોએ મૃતદેહને રસ્તા પર રાખીને ધરણાં શરૂ કરી દીધા હતાં. સેંકડોની સંખ્યામાં લોકો ધરણા સ્થળે પહોંચ્યા અને અખિલેશ વિરુદ્ધ કેસ નોંધવાની માગ કરતા રહ્યા હતાં.બુધવારે બપોરે લગભગ એક વાગ્યે કૂડાઘાટમાં રોડ શો દરમિયાન આ અકસ્માત થયો હતો. અકસ્માત પછી વિદ્યાર્થીના ઘરે સેંકડો લોકો એકઠા થઈ ગયા.આક્રોશિત પરિજન અને સ્થાનિક લોકો રસ્તા પર બેસીને પ્રદર્શન કરવા લાગ્યા હતાં.

હોબાળાની આશંકાને જોતા એસપી સિટી અને પ્રશાસનિક અધિકારીઓ ઘટના સ્થળ પર પહોંચ્યા હતાં. અધિકારીઓએ પરિજનોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. સરકારના કેબિનેટ મંત્રી ડૉ. સંજય કુમાર નિષાદે આ ઘટના પર ગાઢ દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે નિષાદ પાર્ટી ક્યારેય લાશો પર રાજકારણ કરતી નથી.

પંજાબમાં લોખંડનો પુલ તૂટી પડતાં બે ટ્રકો લટકી પડતાં અફરાતફરી

ટ્રક નહેરમાં ફસાઈને લટકી ગયા બાદ તેમાં આગ ભભૂકી

ચંડીગઢ

પંજાબના પટિયાલા-સંગરુર માર્ગ પર નહેર પર બનેલો લોખંડનો એક પુલ અચાનક ધરાશાયી થતા અફરાતફરી મચી ગઈ હતી. આ દુર્ઘટના ગુરુવારે સવારે બની હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત સમયે પુલ પરથી બે ટ્રક પસાર થઈ રહ્યા હતા, જે પુલ તૂટવાની સાથે જ નીચે નહેરમાં ખાબક્યા હતા.

ઘટનાની જાણ થતા જ વહીવટી તંત્રની ટીમો અને ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને રાહત તેમજ બચાવ કામગીરી શરૂ કરી હતી.

પુલ તૂટી પડતા જ બંને ટ્રક નહેરમાં ફસાઈને લટકી ગયા હતા અને દુર્ઘટના બાદ તેમાં ભીષણ આગ પણ ફાટી નીકળી હતી. ફાયર વિભાગની ગાડીઓ દ્વારા આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. બીજી તરફ, તૂટેલા પુલના કાટમાળ ઉપરથી ભાખડા નહેરનું પાણી વહેવા લાગતા પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી, જેને સંભાળવા માટે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે.

ગંભીર આક્ષેપ મતદાર યાદી સુધારણાનો ઉપયોગ નામ હટાવવા ન થવો જોઈએ : સુપ્રીમ કોર્ટ

એક પક્ષને ફાયદો કરાવવા ચૂંટણી પંચે 13 કરોડ મત કાપ્યા, વિપક્ષની અરજીઓ પર 9 ડિસેમ્બરે સુનાવણી

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ વી. ગોપાલા ગૌડાએ ભારતીય ચૂંટણી પંચની કાર્યશૈલી સામે ગંભીર આક્ષેપ કર્યા છે. તેમણે દાવો કર્યો કે, એક રાજકીય પક્ષને ફાયદો કરાવવા પંચે મતદાર યાદીના વિશેષ સઘન સુધારણા અભિયાનના નામે દેશમાં 13 કરોડ લોકોના નામ કાપી નાખ્યા છે અને દેશની સાર્વભૌમત્વને હાઈજેક કરવાનો પ્રયાસ કર્યો છે. બીજી તરફ, આ કથિત ગેરરીતિઓ સામે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી સહિત વિપક્ષી નેતાઓની અરજીઓ પર સુપ્રીમ કોર્ટમાં 9 ડિસેમ્બરે સુનાવણી થશે.

પંચની કામગીરીને ત્રાસદાયક ગણાવતા જસ્ટિસ ગૌડાએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની ભૂમિકા સામે વિપક્ષના પ્રશ્નો વચ્ચે આ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, પુખ્ત નાગરિકનો મતાધિકાર બંધારણીય છે અને સુપ્રીમ કોર્ટ કે ચૂંટણી પંચ નહીં, પરંતુ જનતા સર્વોપરી છે. મતદાર યાદી સુધારણાનો ઉપયોગ નામ હટાવવા ન થવો જોઈએ. સુપ્રીમ કોર્ટે આ અભિયાનના તમામ પાસાઓની ઝીણવટભરી તપાસ કરવી જોઈએ અને સમજદારીપૂર્વક નિર્ણય લેવાશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી. વધુમાં, એક તપાસ અહેવાલનો ઉલ્લેખ કરી તેમણે જણાવ્યું કે, મુખ્ય ચૂંટણી કમિશનરના સોગંદનામા અને નિવેદનોથી સ્પષ્ટ છે કે પંચે મહત્ત્વના પાસાઓ ખોટી રીતે રજૂ કર્યા છે. રાજકીય પક્ષો ફોર્મ-7 જમા કરાવી મતદારોના નામ કમી ન કરાવે તે જરૂરી છે.

કુલગામની મસ્જિદમાં છૂપાયેલો તોયબાનો વોન્ટેડ લતીફ ઠાર

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરના કુલગામ સ્થિત દેવસર ગામની મસ્જિદમાં છુપાયેલા લશ્કર-એ-તોયબાના કમાન્ડર મોહમ્મદ લતીફ ભટને સૈન્ય અને પોલીસની એસઓજીએ સંયુક્ત કાર્યવાહીમાં ઠાર માર્યો હતો. શરણાગતિની અપીલ છતાં તેણે ગોળીબાર કરતાં લારુ બાયપાસ પાસે અથડામણમાં તે માર્યો ગયો હતો. રાષ્ટ્રીય રાઇફલ્સે મસ્જિદને નુકસાન વગર બાજુના મદરેસામાંથી 25 વિદ્યાર્થિનીઓ અને 2 શિક્ષકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. 11 નવેમ્બરે સીઆરપીએફ પર હુમલો અને જુલાઈમાં અનંતનાગમાં પોલીસકર્મીની હત્યામાં સંડોવાયેલો લતીફ 20 વર્ષે આતંકી બન્યો હતો. 2021માં ધોરણ 12 બાદ કોલેજ છોડી ગત નવેમ્બરથી ગુમ થયેલો લતીફ મોસ્ટ વોન્ટેડ હતો. અપીલનો વીડિયો પણ સામે આવ્યો છે.

બુલંદશહરમાં રોસલા ગામે આકાશમાંથી 50 કિલો બરફનો ટુકડો પડતાં ભારે ભય ફેલાયો

સ્વચ્છ હવામાનમાં ઘટનાને કૃષિ કેન્દ્રના પ્રભારીએ અસામાજિક તત્વોની શરારત ગણાવી

લખનઉ

ઉત્તર પ્રદેશના બુલંદશહરમાં ઉચાગાંવ વિસ્તારના રોસલા ગામે ગઈકાલે મંગળવારે સવારે 11.45 વાગ્યે આકાશમાંથી અચાનક આશરે 50 કિલો વજનનો બરફનો ટુકડો પડતાં ભારે ભય ફેલાયો હતો. રામસિંહના પુત્ર હરિયાના ઘરે ખીલે બંધાયેલા પશુઓ વચ્ચે આ ટુકડો પડ્યો હતો. જોકે, સ્વચ્છ હવામાનમાં બનેલી આ ઘટનાને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના પ્રભારીએ શંકાસ્પદ ગણાવી અસામાજિક તત્વોની શરારતની આશંકા વ્યક્ત કરી હતી.

મળતી માહિતી મુજબ, બરફનો ટુકડો પડવાનો જોરદાર અને ભયાનક અવાજ સાંભળી આસપાસના લોકો ગભરાઈને ઘરોની બહાર દોડી આવ્યા હતા. ગ્રામીણોએ ઘટનાસ્થળે જઈને જોયું તો પશુઓની આસપાસ બરફના મોટા ટુકડા વિખરાયેલા હતા અને ત્યાં લોકોની ભીડ જમા થઈ ગઈ હતી.

બીજી તરફ, ગ્રામીણોએ જણાવ્યું હતું કે આકાશ તદ્દન સાફ હતું અને વરસાદ કે બરફવર્ષા નહોતી. આવા સ્વચ્છ હવામાનમાં અચાનક બરફ પડવાથી સૌ કોઈ આશ્ચર્યચકિત થયા હતા. કેટલાક લોકો તેને વિમાનમાંથી પડેલો ટુકડો માની રહ્યા હતા, જ્યારે અન્ય લોકોએ તેને પ્રાકૃતિક ઘટના ગણાવી હતી. વધુમાં, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના પ્રભારી ડો. રીશુ સિંહે જણાવ્યું હતું કે અત્યારે આવી અસાધારણ ઋતુ નથી અને આકાશ સ્વચ્છ હોવાની સાથે ઝાકળ પણ નથી.

કોટામાં કારમાં લઈ જવાતાં 16.43 કિલો અફીણ સાથે બેની ધરપકડ

ઝાલાવાડથી જયપુર જતી બ્રેઝામાં 9 પેકેટ મળી આવ્યા

જયપુર

કોટામાં સેન્ટ્રલ બ્યુરો ઓફ નાર્કોટિક્સે નશાના કારોબાર સામે કાર્યવાહી કરી છે. ઝાલાવાડથી જયપુર તરફ ગેરકાયદે અફીણની હેરાફેરી થતી હોવાની ચોક્કસ બાતમી મળી હતી. કોટાના હેંગિંગ બ્રિજ ટોલ પ્લાઝા નજીક વોચ ગોઠવી કાર રોકવામાં આવી હતી. બ્રેઝા કારની તપાસમાં સ્ટેપનીમાંથી અફીણના 9 પેકેટ મળ્યા હતા. કુલ 16.43 કિલો અફીણ સાથે બે શખ્સોની ધરપકડ કરાઈ છે. તસ્કરોએ એજન્સીઓની નજરથી બચવા સ્પેર વ્હીલમાં અફીણ છુપાવવાનો નવતર કીમિયો અપનાવ્યો હતો. હેરાફેરીમાં વપરાયેલી બ્રેઝા કાર પણ જપ્ત કરાઈ છે. બંને આરોપીઓ સામે એનડીપીએસ એક્ટ હેઠળ કાર્યવાહી કરાઈ છે. અફીણ ક્યાંથી લાવ્યા હતા અને ક્યાં પહોંચાડવાનું હતું તે અંગે નેટવર્ક પકડવા સઘન તપાસ શરૂ છે. વર્ષ 2026માં ઓક્ટોબર સુધીમાં સીબીએનની યુનિટે દેશભરમાં 62 કેસમાં આશરે 432 કિલો અફીણ જપ્ત કર્યું છે અને 74 તસ્કરોની ધરપકડ કરી છે.

રાહુલના નિવેદન બાદ મોદીનો જવાબ કહ્યું, ભારત પ્રગતિના સાચા માર્ગે

12 વર્ષમાં 50 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ FICCIની વાર્ષિક સામાન્ય સભા અને સંમેલન 2026ના શતાબ્દી અવસરે રાહુલ ગાંધીના આર્થિક સંકટના નિવેદનનો જવાબ આપતા કહ્યું હતું કે ભારત પ્રગતિના સાચા માર્ગે છે. તેમણે વિશ્વ બેંકના અહેવાલને ટાંકી જણાવ્યું કે 12-13 વર્ષમાં 50 કરોડ ભારતીયો ગરીબીમાંથી બહાર આવ્યા છે. FICCIના 100 વર્ષ પૂર્ણ થવા બદલ ભૂતકાળ-વર્તમાન સાથીઓને શુભેચ્છા પાઠવતા તેમણે કોંગ્રેસ પર નિશાન સાધી કહ્યું કે અગાઉની સરકારોમાં નિયત અને નીતિનો અભાવ હતો. વધુમાં, તેમણે કહ્યું કે મૂડીઝ, S&P ગ્લોબલ, વિશ્વ બેંક અને એશિયન ડેવલપમેન્ટ બેંક ભારતના ઝડપી વિકાસને સ્વીકારી રહી છે. 1970ના દાયકામાં 'ગરીબી હટાઓ' સમયે વસ્તી 5 અબજ હતી ત્યારે નીતિગત ખામી અને ઇચ્છાશક્તિના અભાવે ગરીબી દૂર ન થઈ. આત્મચિંતન જરૂરી ગણાવી તેમણે કહ્યું, "નાના ઉદ્યોગસાહસિકો, ઉદ્યોગ, સંપત્તિ સર્જકો અને કરદાતાઓના સન્માનથી દેશ પ્રગતિ કરે છે, દુરુપયોગથી નહીં."

ઓડિશામાં 90થી 100 કિમીની ઝડપે 'અકવાન' વાવાઝોડાનો ખતરો, 50 હજાર લોકોનું સ્થળાંતર

શાળાઓ બંધ, કર્મચારીઓની રજા રદ કરાઈ, 15 જિલ્લાને 20 કરોડ ફાળવાયા

ભુવનેશ્વર

સમુદ્રમાં સર્જાયેલા 'અકવાન' વાવાઝોડાના સંભવિત ખતરાને પગલે ઓડિશા સરકારે શૂન્ય જાનહાનિના લક્ષ્ય સાથે મોટા પાયે બચાવ કામગીરી શરૂ કરી છે. કલાકના 100 કિલોમીટરની ઝડપે ત્રાટકવાની શક્યતા ધરાવતા આ ચક્રવાતી તોફાનથી બચવા અત્યાર સુધીમાં લગભગ 50 હજાર લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડાયા છે. તકેદારીના ભાગરૂપે શાળાઓ બંધ કરી સરકારી કર્મચારીઓની રજાઓ રદ કરાઈ છે, જ્યારે રાહત કામગીરી માટે 15 જિલ્લાઓને 20 કરોડ રૂપિયા ફાળવાયા છે.

આ તોફાન આંધ્રપ્રદેશના નરસાપુર અને ઓડિશાના પૂરી વચ્ચેના દરિયાકાંઠે ટકરાય તેવી આશંકા છે. આ સંકટને પહોંચી વળવા મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ બુધવારે અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજી તૈયારીઓની સમીક્ષા કરી હતી. તેમણે માહિતી આપી હતી કે રાજ્યમાં 3 હજાર વાવાઝોડા રાહત કેન્દ્રો તૈયાર કરાયા છે, જેમાંથી 448 કેન્દ્રો અત્યારથી જ શરૂ કરી દેવાયા છે. વધુમાં, મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે સૌથી વધુ લોકોનું સ્થળાંતર ગંજામ જિલ્લામાંથી કરવામાં આવશે, જ્યાં હાલ મોટા પાયે બચાવ અભિયાન ચાલી રહ્યું છે. તંત્ર માત્ર દરિયાકાંઠાના વિસ્તારો પૂરતું મર્યાદિત રહ્યું નથી, પરંતુ પહાડી અને મેદાની વિસ્તારોમાંથી પણ નાગરિકોને સુરક્ષિત સ્થળોએ પહોંચાડવામાં આવી રહ્યા છે. બીજી તરફ, ગંજામ, ગજપતિ, કંધમાલ, રાયગડા, કોરાપુટ અને મલકાનગિરી જિલ્લાના અનેક ગામોમાંથી લોકોને તેમના ઘરોમાંથી સુરક્ષિત સ્થળોએ મોકલવાની કામગીરી તેજ બનાવાઈ છે.

કોંગ્રેસ સંગઠનમાં મોટો ફેરફાર : 81 નવા સચિવોની નિમણૂક કરાઈ, 25ને વિદાય

ગુજરાતમાંથી પાલ આંબલિયા અને ડોક્ટર પલક વર્માને મોટી જવાબદારી સોંપાઈ

નવી દિલ્હી

કોંગ્રેસે પોતાના સંગઠનમાં મોટો ફેરફાર કરીને ગુરુવારે 81 નવા AICC સચિવોની યાદી જાહેર કરી હતી અને 25 પૂર્વ સચિવો તથા સંયુક્ત સચિવોને મુક્ત કર્યા હતા. અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની મંજૂરી બાદ મહાસચિવ અને સાંસદ કે.સી. વેણુગોપાલે તાત્કાલિક અસરથી આ આદેશ જારી કર્યો હતો, જેમાં ગુજરાતના પાલ આંબલિયા અને મહિલા નેતા ડૉ. પલક વર્માને મોટી જવાબદારી સોંપાઈ છે. વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની વહેંચણીમાં ગુજરાતમાં રામકિશન ઓઝા, સુભાષિની યાદવ, હેમ સિંહ શેખાવત અને નરેશ ઠાકુરને સચિવ બનાવાયા છે. જ્યારે રાજસ્થાનમાં વિશ્વ વિજય સિંહ, પોરલાક ખારતે, ડૉ. પલક વર્મા અને મનોજ બાગડીને જવાબદારી અપાઈ છે. ઉત્તર પ્રદેશમાં અભિષેક દત્ત, વરુણ ચૌધરી, કુણાલ ચૌધરી, જગદીશ ચંદર જાંગિડ, અબ્દુલ હન્નાન અને સંજીવ આર્ય સહિત 6 સચિવો નિમાયા છે. આ ઉપરાંત અન્ય રાજ્યોમાં પણ સચિવોની નિમણૂક કરાઈ છે. વધુમાં, કેન્દ્રીય સંગઠનમાં પ્રણવ ઝા અને ગૌરવ પાંધીને અધ્યક્ષ ખડગેના કાર્યાલયની જવાબદારી સોંપાઈ છે. જ્યારે ડૉ. વિનીત પુનિયા અને રુચિરા ચતુર્વેદીને સંચાર, પ્રચાર, મીડિયા, સોશિયલ અને ડિજિટલ મીડિયાનું કામ અપાયું છે. બીજી તરફ, મુક્ત કરાયેલા 25 નિવર્તમાન પદાધિકારીઓમાં અંબા પ્રસાદ, બી.એમ. સંદીપ, ચેતન ચૌહાણ, ચિરંજીવ રાવ, ક્રિસ્ટોફર તિલક, દેવેન્દ્ર યાદવ, દિવ્યા મદેરણા અને મન્સૂર અલી ખાનનો સમાવેશ થાય છે.

ગોંદિયામાં પતિના પ્રેમસંબંધે પત્નીએ પ્રેમિકાની હત્યા કરાવી, 4ની ધરપકડ

13 લાખની સોપારીનો ખુલાસો; સીસીટીવીથી ભેદ ઉકેલાયો

મુંબઈ

ગોંદિયાના દવનીવાડા પોલીસ વિસ્તારના બોંડરાની જંગલમાં પુણે વિમાનમથક પર એર ઈન્ડિયામાં કામ કરતી વર્ષા ધર્નુલાલ તુરકરની ચાકુથી હત્યા થઈ હતી. પોલીસે 4 દિવસની તપાસમાં આ ભેદ ઉકેલ્યો હતો. પતિ નિતેશ અગ્રવાલના વર્ષા સાથેના પ્રેમસંબંધથી નારાજ પત્ની મોના નિતેશ અગ્રવાલે 13 લાખ રૂપિયાની સોપારી આપી હતી. પોલીસે મુખ્ય કાવતરાખોર મોના સહિત 4 આરોપીઓને ઝડપ્યા છે, જ્યારે 2 ફરાર છે. તપાસ દરમિયાન 6 વિશેષ ટીમોએ તિરોડા, ખૈરલાંજી, વારાસિવની અને બાલાઘાટથી ગોંદિયા આવતા રસ્તાઓના આશરે 200 સીસીટીવી ફૂટેજ ચકાસ્યા હતા. ટેકનિકલ તપાસ અને બાતમીદારોની ગુપ્ત માહિતીથી પોલીસ આરોપીઓ સુધી પહોંચી હતી. મોનાએ પાડોશી કુણાલ શ્યામલાલ કુંભલકર મારફતે શાહરુખ ખાન ફિરોઝ ખાન પઠાણનો સંપર્ક કરી સોપારી નક્કી કરી હતી. પોલીસે મોના ઉપરાંત કુણાલ, શાહરુખ અને ઈમરાન કરીમ શેખની ધરપકડ કરી હતી.

કેરળમાં પૂર્વ CMની પુત્રી પદ્મજા વેણુગોપાલનું ભાજપમાંથી રાજીનામું

તિરુવનંતપુરમ

કેરળના 4 વખતના પૂર્વ મુખ્યમંત્રી અને UDF સ્થાપક કે. કરુણાકરણના પુત્રી પદ્મજા વેણુગોપાલે ભાજપમાં જોડાવાને “ભૂલ” ગણાવી રાજીનામું આપ્યું છે. 7 માર્ચ 2024એ ભાજપમાં જોડાયેલા પદ્મજાએ કહ્યું કે હજુ ઓછા લોકો આ જાણે છે. હવે તેમની કોંગ્રેસમાં વાપસીની અટકળો છે.

અગાઉ KPCC મહાસચિવ અને મહિલા પાંખના નેતા રહેલા પદ્મજા ત્રિશૂર બેઠક પર 23% મત સાથે ત્રીજા સ્થાને રહ્યા હતા, જ્યારે 2021માં ભાજપને 31% મત મળ્યા હતા. તેમના ભાઈ કે. મુરલીધરન વરિષ્ઠ કોંગ્રેસ નેતા છે. તેમના પિતા સાંસદ, 1995-96માં કેન્દ્રીય ઉદ્યોગ મંત્રી તથા 1 મે 2005એ અલગ પક્ષના સ્થાપક હતા.

હિમાચલમાં કાબૂ ગુમાવતાં કાર ખીણમાં ખાબકી, 6ના મોત

મૃતકોમાં 4 સગીર, દુર્ઘટનાના શોકમાં હિમાચલ વિધાનસભાની કાર્યવાહી 10 મિનિટ વહેલી સ્થગિત કરાઈ

શિમલા

હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં જોગિંદરનગરના લડભડોલ વિસ્તારમાં મંગળવાર રાતથી ગુમ થયેલા 6 યુવકોની કાર બુધવારે સવારે 500 મીટર ઊંડી ખીણમાંથી મળી આવી હતી. ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર નદી કિનારે ખાબકી હતી, જેમાં 4 સગીર સહિત તમામ 6 યુવકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. આ દુર્ઘટનાના શોકમાં હિમાચલ વિધાનસભાની કાર્યવાહી 10 મિનિટ વહેલી સ્થગિત કરાઈ હતી.

મળતી માહિતી મુજબ, લડભડોલ બજારના વેપારી પરિવારોના આ યુવકો સિમસા ખાતે



એક સમારોહમાં ગયા હતા. ત્યાંથી પરત ફરતી વખતે લડભડોલ પેટ્રોલ પંપ નજીક અકસ્માત થતાં કારના ફુરચેફુરચા ઉડી ગયા હતા. મંગળવારે નીકળેલા યુવકો રાત્રે પરત ન ફરતાં પરિવારજનોએ શોધખોળ કરી હતી, જે બાદ બુધવારે ઘટનાની જાણ થઈ હતી.

પધરના ડીએસપી લોકેન્દ્ર નેગીએ પુષ્ટિ કરી હતી કે તમામ મૃતદેહો ખીણમાંથી બહાર કઢાયા હતા. મૃતકોમાં આદિત્ય (18), આયુષ (19) ઉપરાંત યશ, પંકજ, અર્નવ અને અનુજનો સમાવેશ થાય છે. લડભડોલ પોલીસે અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા તપાસ શરૂ કરી હતી.

બીજી તરફ, એકસાથે 6 યુવકોના મોતથી પરિવારજનોના રુદન અને વિસ્તારમાં અરેરાટી વ્યાપી હતી. વિધાનસભાના શિયાળુ સત્રમાં શોક વ્યક્ત કરાયો હતો, જ્યારે જોગિંદરનગરના ધારાસભ્ય પ્રકાશ રાણાએ ઘટનાને પીડાદાયક ગણાવી સંવેદના વ્યક્ત કરી હતી.

રશિયાના સાઈબેરિયામાં સૈન્ય વિમાન દુર્ઘટનાગ્રસ્ત, 17ના મોત

વિમાનમથક પાસે રાત્રે 09:30 વાગ્યે સર્જાઈ દુર્ઘટના; ચાલક દળે સળગતા વિમાનને રહેણાંક વિસ્તારથી દૂર લઈ જવા અંતિમ ક્ષણે કર્યો પ્રયાસ

મોસ્કો

રશિયાના દક્ષિણ-પશ્ચિમમાં આવેલા સાઈબેરિયા વિસ્તારમાં ગઈકાલે રાત્રે એક સૈન્ય પરિવહન વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં તેમાં સવાર તમામ 17 લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. સ્થાનિક સમય અનુસાર રાત્રે લગભગ 09:30 વાગ્યે વિમાનમથક નજીક આ ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી.

મળતી માહિતી મુજબ, વિમાનમાં આગ લાગ્યા બાદ ચાલક દળના સભ્યોએ અંતિમ ક્ષણ સુધી સળગતા વિમાનને રહેણાંક વિસ્તારોથી દૂર લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આ વિમાન કયા કારણોસર દુર્ઘટનાગ્રસ્ત થયું તે અંગે હજુ સુધી કોઈ ચોક્કસ વિગતો બહાર આવી નથી.

કેમેરોવો વિસ્તાર અને કુઝબાસના ગવર્નર ઈલ્યા સેરેડ્યુકે આ ઘટના અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, યાગુનોવો ગામ પાસે આ સૈન્ય વિમાન તૂટી પડ્યું હતું. વિમાન દુર્ઘટનાગ્રસ્ત



થતાં જ તેમાં સવાર તમામ 17 લોકો ભડથું થઈ ગયા હતા અને ઘટનાસ્થળે જ તેમના પ્રાણપંખેરું ઊડી ગયા હતા. આ દુર્ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી અને તંત્ર દ્વારા તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરાઈ હતી.

વધુમાં, દુર્ઘટના સ્થળે પરિસ્થિતિને સંભાળવા માટે એક કટોકટી પ્રતિસાદ કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યું છે. આ સ્થળે તબીબી કર્મચારીઓ, પોલીસ, કટોકટી સેવાઓના કર્મચારીઓ તેમજ નેશનલ ગાર્ડના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. તમામ એજન્સીઓ દ્વારા ઘટનાસ્થળે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

બીજી તરફ, ગવર્નર ઈલ્યા સેરેડ્યુક દ્વારા હજુ સુધી આ વિમાનની સત્તાવાર ઓળખ જાહેર કરવામાં આવી નથી. જોકે, મળતી માહિતી મુજબ આ વિમાન An-12 હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે, જે એક સૈન્ય માલવાહક વિમાન છે. સામાન્ય રીતે આ પ્રકારના પરિવહન વિમાનનો ઉપયોગ મોટા ભાગે સૈન્યના જવાનોને લઈ જવા, હથિયારોની હેરફેર કરવા અને સેના માટે જરૂરી સામાન પહોંચાડવા માટે કરવામાં આવતો હોય છે.

અમેરિકન સૈન્યએ કેશમ દ્વીપ પર પાકિસ્તાનમાં બસ અને ગેસ ટેન્કર અથડાતા મિસાઈલોથી ભીષણ હુમલો કર્યો

ખાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન નથી થયું : ડે. ગવર્નર

તહેરાન

ઈરાન અને અમેરિકા વચ્ચે ફરી એક વખત યુદ્ધ શરૂ થઈ ગયું છે. અમેરિકાએ ઈરાનના કેશમ દ્વીપ પર ભીષણ હુમલો કર્યો છે અને તેના જવાબમાં ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) દ્વારા પણ વળતરો હુમલો કરવામાં આવ્યો છે. અમેરિકાના સૈન્યની માહિતી પ્રમાણે અમેરિકાના ફાઈટર એરક્રાફ્ટ દ્વારા ખાસ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ન્યૂઝ એજન્સી રોઈટર્સની માહિતી પ્રમાણે અમેરિકાના આ હુમલામાં IRGC પણ તેના પર થયેલા હુમલાનો વળતર જવાબ આપ્યો છે. દરમિયાન અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડ સેક્ટરમાં અમેરિકા દ્વારા ઈરાન સામે નવેસરથી હુમલાની સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. આ દરમિયાન ઈરાન તરફથી પુષ્ટી કરવામાં આવી છે કે તેના પર અમેરિકા દ્વારા હુમલા કરવામાં આવ્યા છે. હોર્મોઝગાન પ્રાંતના ડેપ્યુટી ગવર્નર અહેમદ નફિસીની માહિતી પ્રમાણે કેશમ દ્વીપ પર અમેરિકા દ્વારા કરવામાં આવેલા હુમલાને લીધે કોઈ ખાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન થયું નથી.

વિસ્ફોટ થતાં 10 લોકોના મોત, 27 ઈજાગ્રસ્ત

બસમાં 40થી વધુ મુસાફરો હતા; સેના-પોલીસે આગ ઓલવી ઘાયલોને હોસ્પિટલ ખસેડ્યા

ઇસ્લામાબાદ

પાકિસ્તાનના બલૂચિસ્તાનના મકરાન કોસ્ટલ હાઈવે પર ગુરુવારે સવારે 10:30 વાગ્યે ખાનગી મુસાફર બસ અને એલપીજી ગેસ ટેન્કર સામસામે અથડાતા પ્રચંડ વિસ્ફોટ બાદ ભીષણ આગ લાગી હતી. ગ્વાદર જિલ્લાના ઓરમારામાં બસોલ પાસે પોલીસ તપાસ નાકા નજીક સર્જાયેલી આ દુર્ઘટનામાં 10 લોકોના મોત થયા હતા અને 27 ગંભીર ઘાયલ થયા હતા. બસમાં મહિલાઓ-બાળકો સહિત 40થી વધુ મુસાફરો હતા. પાકિસ્તાન સેના, સ્થાનિક પોલીસ અને અગ્નિશમન દળે સંયુક્ત કામગીરીથી આગ બુઝાવી ઘાયલોને હોસ્પિટલ ખસેડ્યા હતા.

તુર્બતથી કરાચી જતી બસ અને કરાચીથી ઈરાન-ગાબદ સરહદ તરફ જતા ટેન્કર વચ્ચે ટક્કર થતા ગણતરીની સેકન્ડોમાં આગ ફેલાતા અનેક મુસાફરો અંદર ફસાયા હતા. ઓરમારાના ડીએસપી નબી બખ્શ રુન્ઝાએ જણાવ્યું હતું કે, મહિલાઓ-બાળકો સહિત તમામ 10 મૃતકો ગંભીર દાઝી જવાથી મૃત્યુ પામ્યા છે. બસમાંથી 8 અને ટેન્કરમાંથી 2 મૃતદેહો કઢાયા હતા. દુર્ઘટનાથી ધોરીમાર્ગ પર કલાકો વાહનવ્યવહાર ખોરવાતા બંને તરફ વાહનોની કતારો લાગી હતી. વધુમાં, આ ધોરીમાર્ગ પર ઓગસ્ટમાં ઓરમારામાં પૂરપાટ ટેન્કરની ટક્કરે કાર પલટતા એક પરિવારના 6 સભ્યો જીવતા ભડથું થયા હતા. જ્યારે માર્ચમાં બે વાહનો અથડાતા બાળક સહિત 7ના મોત અને 8 ઘાયલ થયા હતા. જાન્યુઆરીમાં ઓરમારા પાસે મુસાફર વાહન પલટતા 10ના મોત અને 30થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા.

મલેશિયાએ 1 જાન્યુ.થી ભારતીય પાસપોર્ટધારકો માટે વિઝા મુક્ત પ્રવેશ બંધ કરવાનો નિર્ણય કર્યો

MyVISA પર અરજી કરી શકાશે; આયોજન બદલશે તો પ્રક્રિયા ફી પરત નહીં મળે

કુઆલાલંપુર

મલેશિયાએ 1 જાન્યુઆરી 2027થી ભારતીય પાસપોર્ટ ધારકો માટે વિઝા મુક્ત પ્રવેશ સુવિધા બંધ કરવાનો નિર્ણય લીધો છે. મલેશિયાના ઈમિગ્રેશન વિભાગે 17 નવેમ્બરે સત્તાવાર નોટિસ જારી કરી પુષ્ટિ કરી કે વર્તમાન મુક્તિ 2026ના અંતે સમાપ્ત થશે. હવે 1 જાન્યુઆરી 2027 કે તે પછી જનારા ભારતીયોએ આગમન પહેલાં માન્ય વિઝા મેળવવા ફરજિયાત રહેશે. આ માટે 1 ડિસેમ્બર 2026થી 'MyVISA' ઓનલાઈન પોર્ટલ દ્વારા અરજી કરી શકાશે.

કોવિડ-19 મહામારી બાદ પર્યટનને વેગ આપવા ડિસેમ્બર 2023માં આ સુવિધા શરૂ કરાઈ હતી, જેનાથી ભારતીય પ્રવાસીઓની સંખ્યા વધી હતી. જોકે, સપ્ટેમ્બર 2026માં કુઆલાલંપુર સ્થિત ભારતીય હાઈ કમિશને તેના દુરુપયોગ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. કમિશને ચેતવણી આપી હતી કે અનેક ભારતીયો નોકરી માટે પ્રવાસી વિઝા પર આવી રહ્યા છે. નકલી નોકરીની લાલચ આપતા એજન્ટોથી ગેરમાર્ગે દોરાતા પ્રવાસીઓ પર વધુ રોકાણ, શોષણ, અટકાયત અને કાયદાકીય કાર્યવાહીનું જોખમ ઊભું થયું હતું. વધુમાં, વિભાગના નવા નિયમ મુજબ નવી અરજી કે બાકી ચુકવણીના તબક્કામાં 7 કામકાજના દિવસોથી વધુ સમય પડી રહેલી અરજીઓ આપમેળે રદ થઈ જશે. બીજી તરફ, અરજી મંજૂર કે નામંજૂર થાય, વિઝા નીતિ બદલાય કે અરજદારો પ્રવાસ આયોજન બદલે તો પણ પ્રક્રિયા ફી પરત કરવામાં આવશે નહીં.

એપલની સર્વિસ ખોરવાતા હજારો યુઝર્સને અસર : NSAનું નેટવર્ક ઠપ

મોટાભાગની સિસ્ટમને રિસ્ટોર કરી લેવામાં આવી હતી

વોશિંગ્ટન

અમેરિકા હાલ ટેકનીકલ ખામીને કારણે સમગ્ર નેટવર્ક જ ઠપ થઈ જવાની ઘટનાઓનો સામનો કરી રહ્યું છે. એવા અહેવાલો છે કે હજારો એપલ યુઝર્સ મુશ્કેલીમાં મુકાયા હતા, આઈક્લાઉડથી લઈને એપ સ્ટોર, એપલ પે, એપલ સપોર્ટ વગેરેને અસર પહોંચી હતી. જ્યારે એપલે દાવો કર્યો છે કે કોઈ જ સાઈબર હુમલો નથી થયો. દરમિયાન અમેરિકન નેશનલ સિક્યોરિટી એજન્સીનું કોમ્યુનિકેશન નેટવર્ક પણ ડાઉન થઈ ગયું હતું.

એપલના હજારો યુઝર્સને એપલની મહત્વની સેવાઓ મેળવવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. એપલે પણ સ્વીકાર કર્યો હતો કે તેની સેવાને અસર પહોંચી છે.

જોકે સાથે જ એવો પણ દાવો કર્યો હતો કે ઈન્ટરનલ સોફ્ટવેર અપડેટને કારણે આમ થયું હતું, મોટાભાગની સિસ્ટમને રિસ્ટોર કરી લેવામાં આવી છે, આ કોઈ સાઈબર હુમલો નથી. એપલના પ્રવક્તાએ કહ્યું હતું કે ઈન્ટરનલ અપડેટને કારણે આવુ થયું છે કોઈ સાઈબર હુમલો નથી.

5 વર્ષના યુદ્ધ વચ્ચે યુક્રેનને 49.4 અબજ ડોલરની લોન આપવા માટે ઇયુનો પ્રસ્તાવ

જપ્ત રશિયન સંપત્તિના વ્યાજથી ચુકવણી; ત્રણ યુરોપિયન દેશોનો વિરોધ

બ્રસેલ્સ

ચીનમાં ટ્રમ્પ, જિનપિંગ અને પુતિનની મુલાકાત વચ્ચે યુરોપિયન કમિશને બુધવારે યુક્રેન માટે 49.4 અબજ ડોલરની લોનનો પ્રસ્તાવ મૂક્યો છે. 5 વર્ષના યુદ્ધ, ઊર્જા-નાગરિક માળખા પર રશિયન હુમલા અને કાળા સમુદ્રના વેપાર અવરોધથી દબાણમાં આવેલા અર્થતંત્ર અને 2027ના યુદ્ધ પ્રયાસો માટે આ સહાય જાહેર કરાઈ છે. જપ્ત રશિયન સંપત્તિના વ્યાજથી લોન ચૂકવાશે, જ્યારે ઝેક રિપબ્લિક, હંગેરી અને સ્લોવાકિયા તેનો વિરોધ કરી રહ્યા છે. આગામી વર્ષે યુક્રેનને 77 અબજ ડોલરની જરૂર પડશે. તેનો બે તૃતીયાંશ હિસ્સો મૂડીબજારથી એકત્ર કરી અર્થતંત્ર માટે 22 અબજ અને સૈન્ય માટે 27 અબજ ડોલર અપાશે. 27 દેશોના જૂથ સિવાય અન્ય દેશોની મદદની આશા છે. એક વર્ષ પહેલાં નેતાઓએ 2026-27 માટે 99 અબજ ડોલરની વ્યાજમુક્ત લોનને સમર્થન આપ્યું હતું. બીજી તરફ, પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને જણાવ્યું છે કે, "મંત્રણાના ટેબલ પર યુક્રેનને મજબૂતી આપવાની આ શ્રેષ્ઠ રીત છે." પ્રતિબંધિત રશિયન સંપત્તિના 224 અબજ ડોલર સપ્ટેમ્બરના અંતે બેલ્જિયમના યુરોક્લિયરમાં રખાયા છે.

ચાઇનીઝ ઇલેક્ટ્રિક કારો ક્યાં દોડશે? સલામતી સહિતના પાસા અંગે કેનેડા દ્વારા કરાશે સમીક્ષા

ટેરિફ ઘટાડા બાદ BYD અને Chery કંપનીનું કેનેડાના બજારમાં ધ્યાન

ટોરોન્ટો

કેનેડા સરકાર દ્વારા વધુ ચાઈનીઝ ઈલેક્ટ્રિક વાહનોને કેનેડામાં પ્રવેશ આપવાના દબાણ વચ્ચે, પરિવહન મંત્રી સ્ટીવ મેકકિનોને જણાવ્યું છે કે, સરકાર તે કારોને ક્યાં ચલાવવાની મંજૂરી આપવામાં આવશે તેની સમીક્ષા કરશે. આ પગલું રાષ્ટ્રીય સુરક્ષા જોખમો અંગે વધતી ચિંતાઓ વચ્ચે લેવામાં આવી રહ્યું છે. પરિવહન મંત્રી સ્ટીવ મેકકિનોને કહ્યું કે, તે એ બાબતની વધુ આંતર-સરકારી સમીક્ષાનો ભાગ હશે જેમાં જાહેર સલામતી અને અન્ય વિભાગો સામેલ હશે. જર્મનીએ તાજેતરમાં જ સુરક્ષિત લશ્કરી અને સરકારી સ્થળોએ કેટલાક ચાઈનીઝ વાહનો પર પ્રતિબંધની જાહેરાત કરી છે. આ પાછળનું કારણ એ છે કે આ કારમાં રહેલા બિલ્ટ-ઈન સેન્સર અને કેમેરા સંવેદનશીલ ડેટા રેકોર્ડ કરી શકે છે અને તેને ચીની સુરક્ષા અધિકારીઓને મોકલી શકે છે. યુકે, પોલેન્ડ અને ચેકિયામાં પણ લશ્કરી થાણાઓ પર ચાઈનીઝ વાહનો ઉપર સંપૂર્ણ અથવા આંશિક પ્રતિબંધ અમલમાં છે. ઉલ્લેખનીય છે કે, ચીની બ્રાન્ડ્સ BYD અને Chery - બંનેએ કેનેડિયન બજારમાં કાર વેચવામાં જાહેર રસ દર્શાવ્યો છે.

સાઉથલેક સિનિયર્સ ક્લબનો ભવ્ય 'દિવાળી ધમાકા' કાર્યક્રમ

સાંસદ-મેયર સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ; ક્લબના સભ્યો-સ્વયંસેવકોનું સન્માન, અમિત ભટ્ટને 'BRAC' પુરસ્કાર

ભજન, ફિલ્મી ગીતો, દીવડા સાથે નૃત્યો અને ગરબાની રમઝટથી સભ્યો આનંદવિભોર થઇ ગયા ; સ્વાદિષ્ટ ભોજન સાથે કાર્યક્રમનું સમાપન









દિવાળીની પૂર્વ સંધ્યાએ સાઉથલેક સિનિયર્સ ક્લબ કેનેડા ફાઉન્ડેશન દ્વારા વરિષ્ઠ નાગરિકો માટે વાર્ષિક ગાલા દિવાળી ધમાકા ૨૦૨૬ નવેમ્બર ૦૭, ૨૦૨૬ને શનિવારના રોજ ગાર્ડન્સ રિક્રિએશન કેન્દ્ર ખાતે કાર્યક્રમ યોજાયો હતો. સાઉથલેક સિનિયર્સ ક્લબ કેનેડા ફાઉન્ડેશનના પ્રમુખ અમિત ભટ્ટના દોરીસંચાર મુજબ તેમણે પોતે, નીલમ રામપાલ તથા શશી ગુમાએ મંચની સજાવટ કરી હતી. નૃત્ય, ગ્રૂપ નૃત્ય, દિવાળી નૃત્ય, વાર્ષિક ગતિવિધિ રેહાના હાફીઝ (સચિવ)ના માર્ગદર્શનમાં થયું જ્યારે સભ્યપદનું નવીનીકરણ તથા નવા સભ્યોની નોંધણી અને ફી લેવાનું કાર્ય ખજાનચી ભરત શર્મા, દિનદર્શિકાની વહેંચણી ઉમેશ ખામરના સહયોગથી થયા હતા.

લગભગ પાંચ ગાલા Picnics પછી આજે સેન્ચ્યુરી ગાર્ડન્સ રિક્રિએશન કેન્દ્ર ખાતે વરિષ્ઠ નાગરિકોએ ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત વત્સલા વ્યાસના સસ્વરમાં વિઘ્નહર્તા શ્રી ગણપતિ દાદાની સ્તુતિથી કરવામાં આવી હતી. આ સ્તુતિ પૂર્ણ થતાં મીનલ મિસ્ત્રીએ સર્વે વરિષ્ઠ નાગરિકોને ભજન સંભળાવી આનંદ અપાવ્યો હતો. દિવાળી અને નવા વર્ષના આગમનમાં મીતા પટેલે ફિલ્મી ગીતના તાલે મંત્રમુગ્ધ કરી દે તેવું હાથમાં દીવડા સાથે નૃત્ય કર્યું હતુ. આ જ પ્રકારનું નૃત્ય ચારુ દવે તથા કુસુમ જગજીવન દ્વારા પણ રજૂ થયું હતુ. કાર્યક્રમ દરમિયાન સાંસદ અમરજીત ગિલ, અમનદીપ સોઢી, સોનિયા સાધુ, ધારાસભ્ય વિલિયમ્સ ચારમીન, મેયર પેટ્રિક બ્રાઉન, રિજિયોનલ કાઉન્સિલર પોલ વિન્સેન્ટ, કાઉન્સિલર રોવેના સંતોષ, શિક્ષણ મંડળના ટ્રસ્ટી (વિશ્વસ્ત) કેથી મેકડોનાલ્ડ પધારતાં તે તમામને પુષ્પગુચ્છ અર્પણ કરી નીલમ રામપાલે આવકાર્યા હતા. વત્સલા વ્યાસ અને કીર્તિ વ્યાસને બહુમાન કરતાં પ્રમાણપત્રો મેયર પેટ્રિક બ્રાઉનના હસ્તે અર્પણ કરવામાં આવ્યાં. મેયર પેટ્રિક બ્રાઉનના સ્વહસ્તે આ સમિતિના દરેક સભ્ય (રેહાના હાફીઝ, ભરત શર્મા, મિલિંદ દવે, હેમંત રાઈગંગર, પરબત બોરડ)ને સન્માન પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતા. તેવી જ રીતે તેમના હસ્તે સ્વયંસેવકો (રમેશ આંબલિયા, શંકર આરડે, અંબુભાઈ પટેલ, ચંદ્રકાંત પટેલ, જગદીશ પટેલ, જયેશ શાહ)ને પ્રશંસાપત્રો આપી બિરદાવવામાં આવ્યા હતા. ક્લબની કામગીરીને બિરદાવતાં બે પ્રશંસાપત્ર મેયર અને સાંસદ દ્વારા ક્લબના પ્રમુખને એનાયત કરાયા હતા.

અમરજીત ગિલે પોતાના ઉદ્બોધનમાં ભારતીય હોવાનો અહેસાસ અપાવ્યો હતો. ભારતના વિવિધ ભાગોમાં જેમ વૈશાખી, દિવાળી, પોંગલની ઉજવણી તથા ધાર્મિક સ્થળો રામ મંદિર અયોધ્યા તેમજ ગુરુ ગોવિંદ સિંહજીના જન્મદિવસની ઉજવણીના આયોજનની સામ્યતા દર્શાવાઈ હતી. અમનદીપ સોઢી અને સોનિયા સાધુએ દીપાવલી અને નવા વર્ષની શુભેચ્છા પાઠવી ક્લબ હરહંમેશ પ્રગતિ કરે તેવી આશા વ્યક્ત કરી હતી. પેટ્રિક બ્રાઉને આ ક્લબ આ વિસ્તારમાં સારામાં સારું કાર્ય કરી અવ્વલ નંબરે જ રહે તેમ જણાવ્યું હતુ.


કાર્યક્રમને આગળ ધપાવતાં અરુણ દવેએ પોતાની શૈલીમાં હિન્દી ફિલ્મનું ગીત રજૂ કર્યું હતુ. કરાઓકેની મદદથી ઈશ્વર પટેલ, ડાહ્યાભાઈ પટેલ અને મિતેશ પટેલે હિન્દી ફિલ્મનાં ગીત રજૂ કર્યા હતા. રજની પંચાલે

ફિલ્મી ગીત આધારિત નૃત્ય રજૂ કર્યું હતુ. તેવી જ રીતે ડાહ્યાભાઈ અને રેહાનાએ હિન્દી ફિલ્મ આધારિત નૃત્ય રજૂ કર્યા હતા. નીમા અમીન અને વરિષ્ઠ બહેનોએ હિન્દી ફિલ્મ ગીત આધારિત હાથના પંખા સાથે સામૂહિક નૃત્ય રજૂ કર્યા હતા.

અમિત ભટ્ટને સમુદાયના ઉત્કૃષ્ટ નેતૃત્વ બદલ બ્રેમ્પ્ટન રેસિડન્ટ્સ એસોસિએશન સમિતિ ('BRAC') દ્વારા પુરસ્કાર આપી સન્માન કરાયું હતુ. અંતે સ્ત્રી-પુરુષની જોડી બનાવી હિન્દી ફિલ્મ આધારિત મિશ્રિત સંગીત નૃત્ય સામૂહિક રીતે રજૂ કરાયું હતુ. જેમાં હર્ષા અને ધીરેન્દ્ર ભટ્ટ, વત્સલા અને કીર્તિ વ્યાસ, કેલી અને અલ્કેશ પટેલે ભાગ લીધો હતો. રેહાના અને સમૂહ (મીતા પટેલ, મીતા શર્મા, હેમાંગી દવે, અલ્કા ગોઠી, સરોજ પરમાર, વૈજયંતી પટેલ, રેણુકા પટેલ, નીમા અમીન) દ્વારા નૃત્ય રજૂ થયું હતુ. આવી એક બીજી આવૃત્તિ હિન્દી ફિલ્મ આધારિત નૃત્ય દક્ષા પટેલ, સુમન ખામર, રજની પંચાલ અને અન્ય બહેનો દ્વારા રજૂ થયું હતુ.જે બાદ સૌએ ગરબાનો લહાવો પણ લીધો હતો.

T20માં 400 વિકેટ ઝડપનારો પ્રથમ ભારતીય બોલર બન્યો યુઝવેન્દ્ર ચહલ, બુમરાહ-અશ્વિન પણ પાછળ

નવીદિલ્હી



લાંબા સમયથી ભારતીય ક્રિકેટ ટીમની બહાર ચાલી રહેલા અનુભવી લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલે T20 ક્રિકેટમાં એક ઐતિહાસિક કીર્તિમાન સ્થાપિત કર્યો છે. ચહલ T20 ક્રિકેટમાં 400 વિકેટ પૂરી કરનાર વિશ્વનો પ્રથમ ભારતીય બોલર બની ગયો છે. હરિયાણા તરફથી સૈયદ મુશ્તાક અલી ટ્રોફી(SMAT) 2026-27માં રમતા તેણે તમિલનાડુ સામેની મેચમાં આ ભવ્ય સિદ્ધિ હાંસલ કરી હતી.

બુધવારે(18 નવેમ્બર 2026) ઈન્દોરના ડેલી કૉલેજ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી મેચમાં ચહલે તમિલનાડુના અમિત સાત્વિકને 38 રનના અંગત સ્કોર પર ક્લીન બોલ્ડ કરીને પોતાના T20 કરિયરની 400મી વિકેટ પૂરી કરી હતી. ત્યારબાદ તેણે આર. સાઈ કિશોર અને મણિમારન સિદ્ધાર્થને પણ પેવેલિયનનો રસ્તો બતાવીને 4 ઓવરમાં માત્ર 16 રન આપીને 3 વિકેટ ઝડપી હતી. આ ટૂર્નામેન્ટ શરૂ થતાં પહેલાં ચહલના નામે 396 વિકેટ હતી. પંજાબ સામે વિકેટ વિના રહ્યા બાદ સૌરાષ્ટ્ર સામે તેણે 3 વિકેટ લીધી હતી અને તમિલનાડુ સામે ઉતરતા સમયે તેને 400ના આંકડા સુધી પહોંચવા માત્ર 1 વિકેટની જરૂર હતી. ઈન્ડિયન પ્રીમિયર લીગ(IPL)માં ચહલે 188 મેચોમાં 233 વિકેટ ઝડપી છે, જે ટૂર્નામેન્ટના ઇતિહાસમાં સૌથી વધુ છે. તેણે મુંબઈ ઇન્ડિયન્સ, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ, રાજસ્થાન રોયલ્સ અને પંજાબ કિંગ્સનું પ્રતિનિધિત્વ કર્યું છે.

બાંગ્લાદેશી વિકેટકીપર લિટ્ટન દાસે ટેસ્ટ ક્રિકેટમાં બનાવ્યો મહારેકોર્ડ

જોહાનિસબર્ગ



સાઉથ આફ્રિકા અને બાંગ્લાદેશ વચ્ચે જોહાનિસબર્ગના વાન્ડરર્સ સ્ટેડિયમમાં રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચમાં બાંગ્લાદેશના વિકેટકીપર બેટ્સમેન લિટન દાસે એક અવિસ્મરણીય વિશ્વ રેકોર્ડ પોતાના નામે કર્યો છે. લિટન દાસ ટેસ્ટ ક્રિકેટના 149 વર્ષના ઈતિહાસમાં એક જ ઈનિંગ્સમાં વિકેટ પાછળ 8 શિકાર કરનાર વિશ્વનો પ્રથમ વિકેટકીપર બની ગયો છે. મેચના ચોથા દિવસે કગિસો રબાડાને સ્ટમ્પ આઉટ કરતાં જ લિટને આ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી હતી. અગાઉ એક ટેસ્ટ ઈનિંગ્સમાં 7 શિકાર કરવાનો સંયુક્ત રેકોર્ડ પાકિસ્તાનના વસીમ બારી, ઈંગ્લેન્ડના બોબ ટેલર, ન્યૂઝીલેન્ડના ઈયાન સ્મિથ તથા વેસ્ટ ઈન્ડિઝના રિડલી જેકોબ્સ અને જોશુઆ ડા સિલ્વા (2023)ના નામે હતો. લિટન દાસ કોઈ ટેસ્ટ મેચમાં સદી ફટકારવાની સાથે-સાથે એક જ ઈનિંગ્સમાં વિકેટ પાછળ 8 શિકાર કરનાર વિશ્વનો પ્રથમ વિકેટકીપર પણ બની ગયો છે.

પ્રથમ ટેસ્ટમાં ભારત બેકફૂટ પર ધકેલાયું ન્યુઝી.નો સ્કોર 243/5 : બુમરાહની 3 વિકેટ

વેલિંગ્ટન

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે વેલિંગ્ટનના બેસિન રિઝર્વ ખાતે શરૂ થયેલી પ્રથમ ટેસ્ટ મેચના પ્રથમ દિવસે (ગુરુવાર, 19 નવેમ્બર) શરૂઆતમાં ધમાકેદાર દેખાવ કર્યા બાદ ટીમ ઈન્ડિયા દિવસના અંતે બેકફૂટ પર આવી ગઈ છે. એક તરફ પ્લેઈંગ ઈલેવનની પસંદગીમાં થયેલી કથિત ભૂલો પર ભારે ચર્ચા જાગી છે, તો બીજી તરફ હેનરી નિકોલ્સ અને ગ્લેન ફિલિપ્સે 173 રનની અણનમ ભાગીદારી કરીને મેચનો પાસો પલટી નાખ્યો છે. ટીમ ઈન્ડિયાના કેપ્ટન શુભમન ગિલ અને કોચ ગૌતમ ગંભીરના નેતૃત્વમાં મેનેજમેન્ટની પસંદગી સામે અનેક સવાલો ઊભા થયા છે. પ્રથમ બ્લન્ડર તરીકે વનડે સીરિઝમાં 4 મેચમાં 29.2 ઓવર (2 મેડન) માં સૌથી વધુ 9 વિકેટ ઝડપનાર અને લયમાં રહેલા ગુરનૂર બરારને બદલે લાંબા સમય બાદ પરત ફરેલા આકાશ દીપને તક આપવા પર ટીકા થઈ રહી છે. બીજી ભૂલ મોહમ્મદ સિરાજને બહાર રાખવાની માનવામાં આવી રહી છે, જેણે 19 નવેમ્બર 2024 સુધીના 2 વર્ષમાં 17 ટેસ્ટમાં 84 વિકેટ લીધી છે અને જેને વર્કલોડ મેનેજમેન્ટ હેઠળ વનડે સીરિઝથી દૂર રખાયો હતો. ત્રીજો સવાલ વોશિંગ્ટન સુંદરને લઈને છે, જેમને રવીન્દ્ર જાડેજા કે 5મા ફાસ્ટ બોલરના વિકલ્પ સામે તક અપાઈ, પરંતુ તેઓ વિકેટ મેળવવામાં નિષ્ફળ રહ્યા.

ICC રેન્કિંગમાં રોહિત શર્માને ફટકો : નંબર-1 પર શુભમન ગિલ યથાવત્, કોહલી ત્રીજા સ્થાને

મુંબઈ

ન્યૂઝીલેન્ડ સામેની 5 મેચોની વનડે શ્રેણીમાં નબળા પ્રદર્શનની સીધી અસર ભારતીય બેટ્સમેન રોહિત શર્માની આઈસીસી રેન્કિંગ પર પડી છે. સમગ્ર શ્રેણીની 4 ઈનિંગ્સમાં રોહિત શર્મા માત્ર 30 રન જ બનાવી શક્યો હતો. આઈસીસી દ્વારા આજે એટલે કે બુધવાર, 18 નવેમ્બરના રોજ નવી વનડે બેટિંગ રેન્કિંગ જાહેર કરવામાં આવી છે, જેમાં શુભમન ગિલ પોતાનું નંબર-1નું સ્થાન જાળવી રાખવામાં સફળ રહ્યો છે, જ્યારે વિરાટ કોહલીના ક્રમમાં કોઈ ફેરફાર થયો નથી. બીજી તરફ ઈંગ્લેન્ડના બેટ્સમેન ટોમ બેન્ટને રેન્કિંગમાં મોટી છલાંગ લગાવી છે. તાજેતરની આઈસીસી વનડે બેટિંગ રેન્કિંગના ટોપ-5 ખેલાડીઓની યાદીમાં માત્ર એક જ ફેરફાર જોવા મળ્યો છે. રોહિત શર્મા ચોથા સ્થાનેથી નીચે સરકીને પાંચમા નંબર પર આવી ગયો છે અને તેના રેટિંગ પોઈન્ટ્સ હવે 732 થઈ ગયા છે. રોહિતના સ્થાને અફઘાનિસ્તાનનો ઈબ્રાહિમ ઝાદરાન પાંચમાથી ચોથા ક્રમે પહોંચી ગયો છે. ભારતીય યુવા બેટ્સમેન શુભમન ગિલ 806 રેટિંગ પોઈન્ટ્સ સાથે ટોચના સ્થાને યથાવત છે, નોંધનીય છે કે ગિલે ટેસ્ટ શ્રેણીની તૈયારીઓના ભાગરૂપે ન્યૂઝીલેન્ડ સામેની ચોથી અને પાંચમી વનડે મેચ રમી ન હતી. આ ઉપરાંત ન્યૂઝીલેન્ડનો ડેરિલ મિશેલ 778 પોઈન્ટ્સ સાથે બીજા અને વિરાટ કોહલી 757 પોઈન્ટ્સ સાથે ત્રીજા ક્રમે યથાવત છે. વનડે બેટિંગ રેન્કિંગના ટોપ-10 લિસ્ટમાંથી ભારતીય બેટ્સમેન કેએલ રાહુલ બહાર થઈ ગયો છે અને તે 10મા સ્થાનેથી ગગડીને 11મા ક્રમે પહોંચ્યો છે. ઈંગ્લેન્ડના જો રૂટે 2 સ્થાનનો સુધારો કરીને 9મો ક્રમ મેળવ્યો છે, જ્યારે પાકિસ્તાનનો બાબર આઝમ 9માથી 8મા સ્થાને પહોંચ્યો છે. બેન ડકેટને 1 સ્થાનનું નુકસાન થયું છે અને શાઈ હોપ 1 સ્થાન ઉપર ચઢ્યો છે. આ ઉપરાંત શ્રીલંકાનો કુસલ મેન્ડિસ 2 સ્થાનની છલાંગ લગાવીને 10મા નંબર પર આવી ગયો છે.



દિવાળી ઉત્સવમાં સહભાગી અને સહયોગીઓનો આભાર






ગુજરાતી પરિવાર ઓફ કેનેડા દ્વારા તમામ ઉપસ્થિતો, સ્પોન્સર્સ, પરિવારજનો, મિત્રો અને વી.આઈ.પી. મહેમાનોનો હૃદયપૂર્વક આભાર, જેમણે અમારા દિવાળી ઉત્સવમાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને શોભાવ્યો હતો. આપ સૌના પ્રેમ, ઉત્સાહ અને સહકારથી અમારો દિવાળી કાર્યક્રમ ખરેખર ઉજ્જવળ, આનંદમય અને યાદગાર બન્યો. ભારતના **Consul General of India, Shree Mahaveer Singhvi** સાહેબે કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને અમને ગૌરવ અપાવ્યું, તે બદલ તેમનો વિશેષ આભાર.

Gujarati Garima Award

GPC દ્વારા ગર્વપૂર્વક **Gujarati Garima Award** એનાયત કરવામાં આવ્યો:

» **Ajay Shah - Homelife Miracle Realty Limited**
» **Pragnesh Patel - Gujarat No Rankar, Digital Newspaper**
» **Jayesh Brahmbhatt - Social & Community Leader**

સાંસ્કૃતિક સંધ્યા

અમારા પ્રિય ગાયકો **Pushpinder Rana, Vaishali Mehta** અને **Parul Varma** એ અદભુત પ્રસ્તુતિ આપી. સૌએ સુંદર ગીતો અને રાસ ગરબાનો આનંદ માણ્યો.

- **Gujarati Foods, Jayshil Patel**નો વિશેષ આભાર, જેમણે સ્વાદિષ્ટ અને રસદાર ગુજરાતી ભોજન પીરસ્યું. સૌએ ભોજનનો ખૂબ આનંદ માણ્યો.

- અમારા **Board of Directors**નો વિશેષ આભાર:

Shilpesh Parikh, Nirav Bardoliwala, Atul Shah, Archana Vakil, Mehul Desai અને **Nisha Shah Parikh**

- **Roshanlal Sringeri Banquet Hall** નો વિશેષ આભાર.

અમારા **Master of Ceremony, Poonam Parikh** અને સહાયક સભ્ય **Nirali Bardoliwala**નો વિશેષ આભાર.

- તમામ મૂલ્યવાન **Sponsors**નો વિશેષ આભાર, અને **Pranav Shah**નો આભાર, જેમણે 5 **Lucky Draw Gifts** સ્પોન્સર કરી.

























દરજી સમાજ ઓફ ઓન્ટેરિયોનું 42મું દિવાળી સ્નેહ સંમેલન

સમાજના દિવંગતોને મૌન પાળી શ્રદ્ધાંજલિ અપાયા બાદ વજીયાબાના જન્મ દિવસની ઉજવણી થઈ

ઓન્ટેરિયો

દરજી સમાજ ઓફ ઓન્ટેરિયોનો સ્નેહમિલન સમારોહ 14 નવેમ્બર 2026ના રોજ સાંજે ગ્રાન્ડ ગેલેક્સી કન્વેનશન સેન્ટર બ્રામ્પ્ટન ખાતે યોજાયો હતો. સમારોહની શરૂઆત સાંજે 5.30 વાગ્યે થઈ હતી. લગભગ 300 જેટલા દરજી કમ્યુનિટીના સભ્યો અને સમાજના લોકો આ સમારોહમાં હાજર રહ્યા હતા. સૌએ સૌ પ્રથમ **Photo Booth** પાસે ફોટા પડાવવાની શરૂઆત કરી હતી. ત્યારબાદ બધા લોકોએ એકબીજા સાતે મુલાકાતનો લાભ લીધો હતો, અને સુંદર મજાના **Appetizers**નો આનંદ માણ્યો હતો. બરાબર 7.30 વાગ્યે સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત થઈ હતી. જેમાં કમ્યુનિટીના લોકોએ ભાગ લીધો હતો. અને બધાને મનોરંજન પુરૂ પાડ્યું હતું.

સમારોહની શરૂઆત હર્ષિકાબેન અને ખુશ્બુએ પ્રાર્થનાથી કરી, ત્યારબાદ કેનેડા અને ઈન્ડિયાના રાષ્ટ્રીય ગીતો પવિતભાઈએ ગાઈને બંને દેશોનું સમ્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નવી કમિટીની એન્ટ્રી કરવામાં આવી હતી. ત્યારબાદ મનોજ અને ધૃવ **Emcee** તરીકેની જવાબદારી સંભાળી કાર્યક્રમને આગળ વધારવામાં મદદરૂપ બન્યા હતા.

'કેસર તીલક લગાઓ'ના સુંદર ગીત પર ક્રીષાએ નૃત્યથી શરૂઆત કર્યા બાદ ખુશ્બુ, આર્ય અને રિહાને સુંદર મનમોહક નૃત્ય કરીને બધાને મનોરંજન પુરૂ પાડ્યું હતું.

કાર્યક્રમ આગળ વધારતા મમતા દ્વારા કથક નૃત્ય અને અતુલ દ્વારા **Bollywood mix** ગીતો પ્રસ્તુ કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ **Moment of Silence** રાખવામાં આવ્યો હતો. જેમાં દિવંગત તમામ વ્યક્તિઓની યાદમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી અને સૌએ એક મિનિટું મૌન પાળ્યું હતું. ત્યારબાદ વજીયા બા ના 100માં વર્ષગાંઠ નિમિત્તે ખાસ કાર્યક્રમનું કમિટી મેમ્બરો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું અને ઉપસ્થિત સૌએ । પ્રસંગની ઉજવણી કરી હતી. ધૃવ અને પ્રતીક દ્વારા લગ્નજીવન બાબતે રમૂજ પ્રસ્તુત કરાયું, મનોજ અને ધૃવે બધાને ગેમો રમાડી મનોરંજન પૂરૂ પાડ્યું હતું. **DJ mihir** પણ સુંદર સંગીત માટે ખાસ અભિનંદન આપવામાં આવ્યા હતા. સંગીતા, અંકીતા, હીના અને ધૃવીએ એક સુંદર ગરબા પર નૃત્ય કરી બધાને મનોરંજન પુરૂ પાડ્યું હતું. અંતમાં હીતેશ, જીગ્નેશ અને પ્રતીક દ્વારા સુંદર મજાનો **Lazy Dance** પ્રસ્તુત કર્યો હતો, જે બધા લોકો દ્વારા ખૂબ જ સરાહનીય રહ્યો હતો અને **Once more**ની માંગણી કરવામાં આવી હતી. બધા સ્પર્ધકોને ટ્રોફી આપી સન્માનીત કરાયા અને સમાજના બધા લોકોએ ઉદાર હાથે દાન આપી સમાજને સહયોગ આપ્યો હતો.

ત્યારબાદ બધા લોકોએ સુંદર ભોજનનો આનંદ માણ્યો હતો. તમામ લોકો માટે આ એક યાદગાર પ્રસંગ હતો. કાર્યક્રમ ભાગ લેનાર તમામ લોકોનો આભાર માનવામા આવ્યો હતો. સાથે સાથે તમામ પ્રાયોજકોને આભારસૂચક ભેટ આપીને તેમનો આભાર માનવામાં આવ્યો. કાર્યક્રમમાં સમાજને આપેલા સહયોગ બદલ અમૃતભાઈ અને ચંપકભાઈને ટ્રોફી અર્પણ કરીને તેમનો આભાર માનવામાં આવ્યો. અને સૌએ સુંદર યાદો સાથે કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો. અને કાર્યક્રમમાં હાજર સમાજના લોકોએ ઉદારતાપૂર્વક દાન પણ આપ્યું હતું.











ગરબા અને નૃત્યની પ્રસ્તુતિથી સમારોહમાં રંગત વધી, સ્પર્ધકોનું ટ્રોફી આપી સન્માન કરાયું

CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

MONTREAL
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com

HONEST - DEDICATED - TEAMWORK

Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21
Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!



Welcome to the stunning 5 bedroom 2 storey home in the Taunton neighbourhood of North Oshawa. 9 ft ceiling!!! Upstairs Features a Generous Area with Large primary bedroom with 5 pcs ensuite bathroom & huge walk in closet and 4 Spacious Bedrooms Each Offering a closet. Large kitchen with stainless steel appliances, gorgeous backsplash & quartz countertop. A breakfast area walks out to the garden in fully fenced. Backyard has nice a patio area. Upgraded Hardwood flooring throughout the main floor living, dining area and family room with gas fireplace. Main floor laundry with side door entrance and garage access. The basement is unfinished but it's a future in-law suite or big recreation space. Steps to Seneca Trails Public School and close to all amenities Including Shopping, Schools, Transit and Easy Access to Highway 407.



*EXCITING INVESTMENT & DEVELOPMENT OPPORTUNITY! Based on the lot frontage and area identified in the property survey, development of up to 12 dwelling units in the form of stacked townhouse dwellings or a low-rise multi-unit dwelling could be permitted, subject to the applicable Zoning By-law provisions. An exceptional opportunity for investors, builders, and developers to explore the property's future potential while benefiting from an existing home on a generous lot. A rare opportunity to own a half-acre property with a charming home today and possibilities for tomorrow! Discover all that 77 Progress has to offer.Nestled in the friendly community of West Park Village! *The existing home offers comfortable single-level living, a spacious foyer providing convenient access to the main living area, attached double-car garage, and basement. Large windows fill the home with natural light, while the open-concept kitchen, dining/living areas create a warm and welcoming space for everyday living and entertaining, with lovely views of the expansive backyard.The basement offers excellent additional space, featuring a laundry area, ample dry storage, and a finished bonus room ideal for a home office, gaming room etc.Step outside and discover the possibilities! The expansive backyard offers plenty of room to relax, entertain, garden, or enjoy your own private outdoor retreat. A private patio off the foyer is perfect for summer barbecues, complete with a natural gas hookup and BBQ included. Upgraded electrical (2019), and an insulated, heated double-car garage with excellent storage and a large built-in workbench.



Welcome to this beautifully laid-out family size Detached home, rarely offering generous living spaces, 2 Story Stunning Home On Premium Corner wide Lot In High Demand Area In Ajax. throughout Hardwood floor features and plenty of room. The main floor is designed for both everyday comfort and entertaining, with a spacious great room featuring hardwood flooring and a cozy gas fireplace overlooking the backyard. The open-concept dining room provides a welcoming space for family gatherings, while the well-appointed kitchen showcases granite countertops, stainless steel appliances. The bright breakfast area and a walkout to the large deck, creating a seamless connection between indoor and outdoor living. In between level offers large size 2nd family room, Built Huge Deck For All Your Entertaining! Oak Stair Case And Much More!

You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.

Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !

Shamim & Amin Kharodia

Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.